દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 216 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 September 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
શુક્રવાર, ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૭ ૮ ૯ ૧૦
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# છત્તીસગઢમાં દસ નક્સલવાદી હણાયા

## આમાં એક કરોડનું ઈનામ ધરાવતા માઓવાદી નેતા બાલકૃષ્ણન પણ સામેલ

રાયપુરઃ છત્તીસગઢના ગરિયાબંધ જિલ્લામાં ગુરુવારે સલામતી દળો સાથેની અથડામણમાં ઓછામાં ઓછા દસ નક્સલવાદી માર્યા ગયાં હતાં.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે એક કરોડ રૂપિયાનું ઇનામ જેના માથે હતું એ માઓવાદી નેતા મોડેમ બાલકૃષ્ણન આ અથડામણમાં માર્યો ગયો હતો.

રાયપુર રેન્જના પોલીસ ઇન્સ્પેક્ટર જનરલ અમરીશ મિશ્રાએ જણાવ્યું હતું કે મૈનપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા જંગલમાં આ અથડામણ થઇ હતી.

છત્તીસગઢ પોલીસના એકમ 'સ્પેશલ ટાસ્ક ફોર્સ', જિલ્લા પોલીસના એકમ 'ઇ-૩૦', કેન્દ્રીય અનામત પોલીસ દળના એલાઇટ યુનિટ 'કમાંડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન' અને રાજ્ય પોલીસની અન્ય ટુકડીઓએ નક્સલવાદીઓ સામેની આ કાર્યવાહીમાં ભાગ લીધો હતો.

સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણ ગુરુવારે મોડી રાત સુધી ચાલી હતી.

રાયપુરથી અંદાજે ૧૮૦ કિલોમીટર દૂર આવેલા વનવિસ્તારમાં નક્સલવાદીઓ સામે કાર્યવાહી હાથ ધરાઇ હતી. અથડામણમાં માર્યો ગયેલા બાલકૃષ્ણન ઉર્ફે બાલન્ના, ઉર્ફે રામચંદ્ર ઉર્ફે ભાસ્કર નક્સલવાદીઓની ઓડિશા સ્ટેટ કમિટીનો સેક્રેટરી પણ હતો. ■

# ભારતીયો વિરુદ્ધ 'આગ ઓકનારા' અને ટ્રમ્પના ખાસ ચાર્લી કર્કની હત્યા



ઓરેમ (અમેરિકા): અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના સાથી અને ભારતીય વિરુદ્ધ વાંધાજનક નિવેદનો કરનારા રૂઢિચુસ્ત કાર્યકર ચાર્લી કર્કની યૂટા વૅલી યુનિવર્સિટીના કેમ્પસમાં પ્રવચન વખતે ગોળી મારીને હત્યા કરાઇ હતી. ગોળીબારને લીધે વિદ્યાર્થીઓ નાસભાગ કરવા લાગતા બંદૂકધારી ઘટનાસ્થળેથી નાસી ગયો હતો. યૂટાના ગવર્નર સ્પેન્સર કોક્સે યૂટાના કૉલેજ કેમ્પસની આ ઘટનાને 'રાજકીય હત્યા' ગણાવી હતી અને જણાવ્યું હતું કે આજનો દિવસ અમારા રાજ્ય અને દેશ માટે 'કાળો દિવસ' છે. ગોળીબાર બાદ બે જણની શંકાના આધારે અટક કરાઇ હતી, પરંતુ બાદમાં તેઓને છોડી દેવાયા હતા. ચાર્લી કર્ક અવારનવાર ઇઝરાયલની તરફેણમાં નિવેદનો કરતા હતા. તેમણે એક વખત સોશ્યલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸

# નવો નેતા કોણ?

## રાષ્ટ્રપતિ અને લશ્કરના વડા વચ્ચે મંત્રણા યોજાઇઃ વાટાઘાટોના સ્થળ બહાર છૂટાહાથની મારામારી



કુલમન ઘીસિંગ (ઉપર) હવે પીએમની રેસમાં મોખરે

## નેપાળની જેન-ઝીમાં પડ્યાં ઊભાં ફાડિયાં

કાઠમંડુઃ નેપાળની વચગાળાની સરકારનું નેતૃત્વ કરવા માટે નવા નેતા પસંદ કરવા નેપાળના રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે લશ્કરના વડા અશોકરાજ સિગ્દેલ અને આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓના પ્રતિનિધિઓ સાથે લશ્કરના વડા મથક ખાતે ગુરુવારે મંત્રણા યોજાઇ હતી, પરંતુ તેઓ મોડી રાત સુધી કોઇ ચોક્કસ નિર્ણય પર આવી નહોતા શક્યા.

યુવાન દેખાવકારો વચ્ચે પણ ભાગલા પડી ગયા હોવાનું કહેવાય છે. તેઓની વચ્ચે મતભેદ વધતા જાહેરમાં બન્ને જૂથની વચ્ચે

(જુઓ પાનું ૨) ▸▸



**તાકી છે બંદૂકઃ** નેપાળમાં સરકાર વિરોધી પ્રદર્શનને પગલે કર્ફ્યૂ લાદી દેવામાં આવ્યો હોવા વચ્ચે કાઠમંડુમાં ગુરુવારે સંસદભવનના માર્ગ પર સૈન્યને ગોઠવી દેવામાં આવ્યું હતું. (એજન્સી)

# મોહન ભાગવતના જન્મદિને તેમના પર ઓવારી ગયા વડા પ્રધાન મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતના નેતૃત્વની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે મોહન ભાગવતે ૨૦૦૯માં સંઘનું નેતૃત્વ સંભાળ્યું તે પછીનો સમય આરએસએસના ૧૦૦ વર્ષના ઇતિહાસમાંનો સૌથી મોટો પરિવર્તન-કાળ રહ્યો છે. મોહન ભાગવતે પોતાનું જીવન રાષ્ટ્રના કલ્યાણ, સામાજિક સમાનતા, ભાઇચારા, કોમી એખલાસને વધારવા માટે સમર્પિત કર્યું છે.

તેમણે મોહન ભાગવતના ૭૫મા જન્મદિવસે જણાવ્યું હતું કે મોહન ભાગવત સરસંઘચાલક તરીકે આરએસએસને વિચારધારામાં બાંધછોડ કર્યા વિના દરેક મુશ્કેલી અને પડકારનો સામનો કરવાની પ્રેરણા આપે છે. તેઓ હંમેશાં સારા પ્રવચન

(જુઓ પાનું ૨) ▸▸

# નાગરિકતા મળ્યા પહેલા મતદારયાદીમાં સોનિયાનું નામઃ અદાલતે અરજી ફગાવી

નવી દિલ્હી : દિલ્હીની એક કોર્ટે ગુરુવારે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી સામે કાર્યવાહી કરવાની માગ કરતી અરજી ફગાવી દીધી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેનું નામ ભારતીય નાગરિક બન્યાના ત્રણ વર્ષ પહેલાં મતદાર યાદીમાં સામેલ કરવામાં આવ્યું હતું.

વધારાના મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ વૈભવ ચૌરસિયાએ અરજી ફગાવી દીધી છે.

૧૦ સપ્ટેમ્બરના રોજ, ફરિયાદી વિકાસ ત્રિપાઠી વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ પવન નારંગે જણાવ્યું હતું કે જાન્યુઆરી ૧૯૮૦માં નવી દિલ્હી મતવિસ્તારના મતદાર તરીકે ગાંધીનું નામ ઉમેરવામાં આવ્યું હતું જ્યારે તેઓ ભારતીય નાગરિક નહોતા.

પહેલા, તમારે નાગરિકતાની મર્યાદા પૂર્ણ કરવી પડે, પછી તમે કોઈ વિસ્તારના રહેવાસી

(જુઓ પાનું ૨) ▸▸

# પૂરગ્રસ્ત ઉત્તરાખંડને ૧૨૦૦ કરોડ રૂપિયાની સહાય

નવી દિલ્હીઃ ઉત્તરાખંડના પૂરગ્રસ્ત અને અસરગ્રસ્ત વિસ્તારને ૧,૨૦૦ કરોડ રૂપિયાની સહાય આપવાની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જાહેરાત કરી હતી. મોદી દહેરાદૂનસ્થિત જૉલી ગ્રાન્ટ ઍરપોર્ટ પહોંચ્યા હતા જ્યાં મુખ્ય પ્રધાન પુષ્કર ધામીએ તેમનું સ્વાગત કર્યું હતું.

મોદીએ મૃતકના પરિવારજનોને બે લાખ રૂપિયાની અને ઘાયલોના પરિવારજનોને પચાસ હજાર રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી હતી. મોદી અસરગ્રસ્તોના પરિવારજનોને મળ્યા હતા અને તેમના પરત્વે સહાનુભૂતિની લાગણી વ્યક્ત કરી હતી.

મોદીએ અસરગ્રસ્ત વિસ્તારમાં રાહત અને બચાવ કામગીરી કરી રહેલા એનડીઆરએફ, એસડીઆરએફના જવાનો તેમ જ સ્વૈચ્છિક રીતે આ કાર્યમાં જોડાયેલા લોકો સાથે વાતચીત કરી હતી અને તેમના કામની પ્રશંસા કરી હતી.

અસરગ્રસ્ત વિસ્તારમાં માળખાકીય સુવિધાઓ પૂર્વવત કરવા તેમ જ નવનિર્માણના કાર્યમાં કેન્દ્ર સરકાર તમામ પ્રકારની સહાય પૂરી પાડશે એવી બાંયધરી મોદીએ આપી હતી. કુદરતી આફતના આ કપરાં સમયમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અસરગ્રસ્ત વિસ્તારની લીધેલી મુલાકાત તેમની માનવીય સંવેદનશીલતાનું પ્રતિબિંબ પાડે છે, એમ મુખ્ય પ્રધાન પુષ્કર ધામીએ કહ્યું હતું. ભારે વરસાદ, વાદળ ફાટવું અને ભેખડો ધસી પડવા જેવી તાજેતરમાં બનેલી ઘટનાઓએ ઉત્તરાખંડના અનેક વિસ્તારમાં ભારે વિનાશ વેર્યો હતો. (એજન્સી)

# પાકિસ્તાન સાથે સંકળાયેલા 'ખિલાફત ટૅરર મૉડ્યૂલ'નો પર્દાફાશઃ પાંચની ધરપકડ

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસના વિશેષ એકમે પાકિસ્તાન સાથે સંકળાયેલા 'ખિલાફત ટેરર મૉડ્યૂલ'નો પર્દાફાશ કરી પાંચ જણની ધરપકડ કરી હોવાનું અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું.

ધરપકડ કરાયેલા શંકાસ્પદો પાકિસ્તાનસ્થિત તેમના આકાઓ સાથે સંપર્કમાં હતા.

ઍડિશનલ કમિશનર ઑફ પોલીસ (સ્પેશ્યલ સેલ) પ્રમોદ કુશવાહે પત્રકારોને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે આ લોકો જમીન હસ્તગત કરી તેને 'ખિલાફત ઝોન' જાહેર કરી ભારતમાં જિહાદ કરવાની યોજના બનાવી રહ્યા હતા.

આરોપીઓને ભારતમાં ગઝવા-એ-હિન્દનો સંદેશો ફેલાવવા અને હિંસક પ્રવૃત્તિઓ કરવા માર્ગદર્શન આપવામાં આવતું હતું.

ધરપકડ કરાયેલા આરોપીઓને આશર દાનિશ ઉર્ફે આશર કુરેશી-રાંચી (૨૩), આફતાબ કુરેશી અને સૂફિયા અબુબાકર (બંને મુંબઈ), મોહમ્મદ હુઝૈફા (તેલંગણા) અને કામરાન કુરેશી (મધ્ય પ્રદેશ) તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા.

દાનિશ આ મૉડ્યૂલનો વડો હતો અને તે અન્ય સાથીદારોના સહકારથી આકાઓએ આપેલા લક્ષ્યને સાધવાનું કામ કરતો હતો એમ જણાવતાં એસીપી કુશવાહે કહ્યું હતું કે પાકિસ્તાનસ્થિત આકાઓ 'સીઈઓ', 'ગાઝબા' અને 'પ્રોફેસર' જેવા કોડનેમ ધરાવતા હતા.

પાકિસ્તાનસ્થિત આકાઓ આરોપીઓને શસ્ત્રોની ડિઝાઈન અને ઈમ્પ્રુવાઈઝ્ડ ઍક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) બનાવવા સોશ્યલ મીડિયા મારફતે માર્ગદર્શન આપતા હતા.

દિલ્હીના હઝરત નિઝામુદ્દીન રેલવે સ્ટેશન નજીકથી આફતાબ અને સૂફિયાની ધરપકડ સાથે આ ઑપરેશનની શરૂઆત થઈ હતી એમ જણાવતાં કુશવાહે કહ્યું હતું કે આરોપીઓ મેવાતસ્થિત વ્યક્તિ પાસેથી શસ્ત્રો પ્રાપ્ત કરવા શહેરમાં આવ્યા હતા.

અમારી ટીમ છેલ્લા છ મહિનાથી આ લોકોની ગતિવિધિઓ પર નજર રાખી રહી હતી. બે આરોપી દિલ્હી છોડી જવાની વેતરણમાં હતા ત્યારે તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ લોકો યુવાનોને તેમના ગ્રૂપમાં ભરતી કરવાની યોજના બનાવી રહ્યા હતા. આ બંનેએ કરેલી કબૂલાત અને માહિતીને આધારે અન્ય ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# અકોલાના રમખાણની તપાસ માટે 'સિટ' રચવા સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે મહારાષ્ટ્રના અકોલામાં ૨૦૨૩માં થયેલા કોમી રમખાણ વખતે થયેલી કહેવાતી હત્યાની તપાસ માટે ખાસ તપાસ ટુકડી (સિટ) રચવાનો ગુરુવારે આદેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે સંબંધિત આદેશ આપતી વખતે જણાવ્યું હતું કે પોલીસ અધિકારી જ્યારે ગણવેશ (યુનિફોર્મ) પહેરે છે ત્યારે તેણે પોતાના અંગત અને ધાર્મિક દ્વેષભાવને ભૂલી જવા જોઇએ.

સર્વોચ્ચ અદાલતે મહારાષ્ટ્ર પોલીસની ફરજ પ્રત્યેની કહેવાતી ઊણપ અને બેદરકારીની ટીકા કરતા જણાવ્યું હતું કે પોલીસે સંપૂર્ણ પ્રામાણિકતાથી ફરજ બજાવવાની હોય છે, પરંતુ કમનસીબે આ કિસ્સામાં એવું થયું હોવાનું નથી લાગતું. આ કિસ્સામાં પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) જ નથી નોંધાયો.

ન્યાયાધીશ સંજય કુમાર અને ન્યાયાધીશ સતીશચંદ્ર શર્માની બૅન્ચે રાજ્યના ગૃહ ખાતાના સચિવને હિંદુ અને મુસલમાન પોલીસ અધિકારીઓનો સમાવેશ કરતી ખાસ તપાસ ટુકડી રચીને અને પ્રથમદર્શી અહેવાલ નોંધીને તપાસ કરાવવા હુકમ કર્યો હતો.

અગાઉ, ૨૦૨૩ના મેમાં મહંમદ પયગંબરને લગતી વાંધાજનક પોસ્ટ સોશ્યલ મીડિયા પર ફેલાતા અકોલામાં તોફાન ફાટી નીકળ્યા હતા. હિંસામાં વિલાસ મહાદેવરાવ ગાયકવાડનું મૃત્યુ થયું હતું અને અન્ય આઠ જણ ઘાયલ થયા હતા. (એજન્સી)

## ઐશ્વર્યા રાયને હાઈ કોર્ટની રાહત

# વેબસાઈટો તેના નામ અને ઈમેજનો ઉપયોગ નહીં કરી શકે

નવી દિલ્હી : દિલ્હી હાઈ કોર્ટે બોલિવૂડ એક્ટર ઐશ્વર્યા રાય બચ્ચનના વ્યક્તિત્વ અધિકારનું રક્ષણ કરતાં ઓનલાઈન પ્લેટફોર્મને તેના નામ અને તસવીરોના વાણિજ્ય લાભ માટે દુરુપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે.

વડી અદાલતે કહ્યું હતું કે જાણીતી હસ્તીની ઓળખનો તેમની મંજૂરી કે અધિકાર મેળવ્યા વગર ઉપયોગ કરવામાં આવે તો તેનાથી તે હસ્તીને વાણિજય નુકસાન થાય તેમજ તેના આદર સાથે જીવવાના અધિકાર પ્રભાવિત થાય.

જસ્ટિસ તેજસ કારીયાએ નવ સપ્ટેમ્બરે એવો હુકમ બહાર પાડ્યો હતો કે કોઈ હસ્તીના વ્યક્તિત્વ અધિકારનું ગેરકાયદે શોષણના કેસ સામે અદાલત આંખ બંધ કરી ન શકે. અદાલતે પીડિત હસ્તીને આવા ગેરકાયદે શોષણથી નુકસાન ન થાય એનું રક્ષણ આપવું પડે. ઐશ્વર્યાએ પ્રથમદર્શીએ બીજા પક્ષોને સાંભળ્યા વગર મનાઈ ફરમાવવામાં આવે એવો મજબૂત કેસ રજૂ કર્યો હતો.

અદાલતે હુકમમાં કહ્યું હતું કે સગવડની સમતુલા પણ વાદીની તરફેણમાં છે. જો મનાઈહુકમ ન દેવામાં આવે તો વાદી અને તેના કુટુંબને આર્થિક નુકસાન થશે એટલું જ નહીં, પરંતુ વાદીના સન્માન સાથે જીવવાના અધિકારને પણ ફટકો પડશે. રાયએ તેના વ્યક્તિત્વ અધિકારનું રક્ષણ કરવાની દાદ ચાહતી કરેલી અરજી પર અદાલતે વચગાળાનો હુકમ આપ્યો હતો. અદાલતે ઓનલાઈન પ્લેટફોર્મને ઐશ્વર્યાના નામ, તસવીર કે એઆઈ જનરેટેડ અશ્લીલ સામગ્રી મૂકવા પર મનાઈ ફરમાવી હતી. દાવો મુખ્યત્વે રાયના નામ, તસવીર, અવાજ, વ્યક્તિત્વ વગેરેનો તેની પરવાનગી વિના વાણિજય ફાયદા માટે ઉપયોગ કરવા અંગેનો હતો.

પ્રસિદ્ધિ માટેના હક્ક કે વ્યક્તિત્વના હક્ક એ કોઈ એકના છાપ, નામ કે પ્રતિરૂપને રક્ષણ આપવા, નિયમન કરવા અને નફો રળવાનો અધિકાર છે. (એજન્સી)



**આગઃ**
મૅક્સિકો શહેરમાં બુધવારે હાઈવે ઑવરપાસ નીચે ટેન્કરમાં વિસ્ફોટ થયા બાદ લાગેલી આગ બુઝાવી રહેલા અગ્નિશમન દળના જવાનો. (એજન્સી)

# આપના સાંસદ સંજય સિંહ શ્રીનગરમાં નજરકેદ, ફારુક અબ્દુલ્લાને મળવા ન દેવાયા

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરના ડોડાથી આમ આદમી પાર્ટીના વિધાનસભ્ય મેહરાજ મલિકની અટકાયત મામલે પ્રદેશમાં રાજકારણ ગરમાયું છે. મલિકની અટકાયત સામે આપ સખત વિરોધ કરી રહી છે. આપના રાજ્યસભા સાંસદ સંજય સિંહ શ્રીનગર પહોંચી ગયા હતા. ગઇ કાલે તેઓ એક પ્રેસ કોન્ફરન્સ કરવા હતાં, એ પહેલા તેમને નજરકેદ કરવામાં આવ્યા. નેશનલ કોન્ફરન્સના વડા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ફારુક અબ્દુલ્લા તેમને મળવા પહોંચ્યા હતાં.



**નજરકેદઃ** જમ્મુ-કાશ્મીર નેશનલ કોન્ફરન્સ (જેકેએનએફ)ના પ્રમુખ ફારુખ અબ્દુલ્લાને શ્રીનગરમાં નજરકેદ હેઠળ મૂકવામાં આવ્યા બાદ 'આપ'ના સાંસદ સંજય સિંહે તેમની સાથે ગેટની આરપાર વાત કરી હતી. (એજન્સી)

આમ આદમી પાર્ટીએ લગાવેલા આરોપ મુજબ સંજય સિંહ જ્યાં રોકાયા હતાં એ ઘરના મેઈન ગેટ પર જમ્મુ અને કાશ્મીર પોલીસે બહારથી તાળું મારી દીધું હતું. સંજય સિંહને નજરકેદ કરવામાં આવ્યા હોવાની જાન થતા ફારુક અબ્દુલ્લા તેમને મળવા પહોંચ્યા હતાં. પરંતુ ફારુક અબ્દુલ્લાને ગેટ પર રોકવામાં આવ્યા, આ દરમિયાન સંજય સિંહ ગેટ પર ચઢીને અબ્દુલ્લા સાથે વાત કરી હતી.

સંજય સિંહે જમ્મુ અને કાશ્મીર પોલીસના આ વ્યવહારને સરમુખત્યારશાહી ગણાવી છે. તેમણે એકસ પર લખ્યું, મને નજરકેદ કરવામાં આવ્યો છે એ વાત જાણીને ઘણી વખત જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન રહી ચુકેલા ડો. ફારુક અબ્દુલ્લા સરકારી ગેસ્ટ હાઉસમાં મળવા માટે આવ્યા, પણ જમ્મુ અને કાશ્મીર પોલીસે તેમને મને મળવા દીધા નહીં. જો આ સરમુખત્યારશાહી નથી, તો શું છે?

મેહરાજ મલિકની આપના જમ્મુ અને કાશ્મીર યુનિટના વડા છે. ડોડા જિલ્લામાં જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચાડવાના આરોપસર તેમની અટકાયત કરવામાં આવ્યા, તેમની સામે પબ્લિક સેફટી એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. અટકાયત બાદ તેમને કઠુઆ જિલ્લાની જેલમાં મોકલવામાં આવ્યા છે.

આમ આદમી પાર્ટીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું, સંજય સિંહ મેહરાજ મલિકની ધરપકડ અંગે પ્રેસ કોન્ફરન્સ કરવાના હતા, એ પહેલા તેમને નજરકેદ કરવામાં આવ્યા છે. દિલ્હીના આપ વિધાનસભ્ય ઇમરાન હુસૈનને તેમની સાથે નજરકેદ કરવામાં આવ્યા છે.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જીત પાકી છે એ ચૂંટણીમાં ભાજપ ૨૦૦ કરોડ કેમ ખર્ચે?

**ભારતના** ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર રાધાકૃષ્ણને ઈન્ડિયા મોરચાના ઉમેદવાર સુદર્શન રેડ્ડીને સરળતાથી હરાવી દીધા એ વાત વિપક્ષી નેતાઓને હજમ થઈ નથી તેથી ભાજપે રૂપિયા વેરીને અને બ્લેકમેઈલિંગ કરીને વિપક્ષો સાંસદોને તોડ્યા હોવાના આક્ષેપો શરૂ થઈ ગયા છે. તૃણમૂલ કોંગ્રેસથી માંડીને એનસીપી સુધીના નેતા મચી પડ્યા છે અને ક્રોસ વોટિંગની તપાસ કરવાનું કોરસ પણ શરૂ થઈ ગયું છે.

પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીના ભત્રીજા અને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અભિષેક બેનરજીએ દાવો કર્યો છે કે, ભાજપે દરેક વિપક્ષી સાંસદને ખરીદવા માટે ૧૫-૨૦ કરોડ રૂપિયા ખર્ચ્યા હોવાની મને ખબર પડી છે. બેનરજીએ પોતાને આ વાતની ખબર ક્યાંથી પડી તેની ચોખવટ નથી કરી પણ તેમનું કહેવું છે કે, દરેક પાર્ટીએ ક્રોસ વોટિંગ કોણે કર્યું તેની તપાસ કરીને બિકાઉ સાંસદોને ઉઘાડા પાડવા જોઈએ. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના અરવિંદ સાવંતે તો વળી ભાજપે બ્લેકમેઈલિંગ કર્યું હોવાનો આક્ષેપ કરી નાખ્યો છે. અરવિંદ સાવંતે સવાલ કર્યો છે કે, જેમના મતો અમાન્ય ઠર્યા છે તેમણે પોતાના અંતરાત્માથી મતદાન કર્યું હોય એવું લાગતું નથી પણ લાગે છે કે, તેમના મત ખરીદવામાં આવ્યા હતા. કેન્દ્રની બધી એજન્સીઓ ભાજપની ગુલામ છે અને ભાજપે આ એજન્સીઓની મદદથી બ્લેકમેલ કર્યું હશે.

કોંગ્રેસના મનીષ તિવારીએ બેનરજીની વાતમાં હાજીયો પુરાવીને કહ્યું છે કે, ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ થયું હોય તો ઈન્ડિયા મોરચાના દરેક પક્ષે તેની ગંભીરતાથી તપાસ કરવી જોઈએ કેમ કે આ ખૂબ જ ગંભીર બાબત છે. ક્રોસ વોટિંગ કરનારાને ભાજપે ખરીદ્યા હોવાની વાતમાં થોડી પણ સચ્ચાઈ હોય તો વ્યવસ્થિત અને નિષ્પક્ષ તપાસ જરૂરી છે.

ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ થયું છે તેમાં બેમત નથી કેમ કે વિપક્ષ ઉમેદવાર સુદર્શન રેડ્ડીને બધા વિપક્ષી સાંસદોના મત નથી મળ્યા. મંગળવારે થયેલા મતદાનમાં મતદાન કરવા માટે માન્ય ૭૮૮ સાંસદમાંથી ૭૬૭ એટલે કે ૯૮.૨ ટકા સાંસદોએ મતદાન કર્યું હતું. એનડીએના ઉમેદવાર રાધાકૃષ્ણનને ૪૫૨ મત મળ્યા અને સુદર્શન રેડ્ડીને ૩૦૦ મત મળ્યા જયારે, ૧૫ મત અમાન્ય જાહેર કરવામાં આવ્યા. રાધાકૃષ્ણને સુદર્શન રેડ્ડીને ૧૫૨ મતોના જંગી માર્જિનથી હરાવ્યા પણ સંસદનાં બંને ગૃહોનાં સમીકરણો પર નજર નાખો તો સમજાય કે એનડીએ અને ઈન્ડિયા મોરચા વચ્ચે આટલો મોટો તફાવત જ નથી.

એનડીએ પાસે લોકસભામાં ૨૯૩ સાંસદો અને રાજ્યસભામાં ૧૨૯ સભ્યો મળીને કુલ ચાર સાંસદ થાય છે. જ્યારે વિપક્ષી ઈન્ડિયા મોરચા પાસે લગભગ ૩૨૫ સાંસદ છે. શિરોમણિ અકાલી દળ, બિજુ જનતા દળ અને ભારત રાષ્ટ્ર સમિતિએ મતદાનથી અલિપ્ત રહેવાની જાહેરાત કરેલી પણ વાયએસઆર કોંગ્રેસના ૧૧ સાંસદે રાધાકૃષ્ણનને મત આપવાની જાહેરાત કરી હતી તેથી એનડીએ પાસે બધા મળીને ૪૩૩ મત થાય. તેની સામે તેમને ૪૫૨ મત મળ્યા તેથી રાધાકૃષ્ણનને ૧૯ વધુ મત મળ્યા છે. આ વધારાના મત ઉપરથી તો ટપક્યા નથી જ કેમ કે વિપક્ષી ઉમેદવાર સુદર્શન રેડ્ડીને વિપક્ષો પાસે છે તેના કરતાં લગભગ ૨૫ મત ઓછા મળ્યા છે. કુલ ૧૫ મત અમાન્ય ઠર્યા તેને ધ્યાનમાં લઈએ તો પણ રેડ્ડીને મળેલા ૩૦૦ મત વિપક્ષી તાકાતથી ઓછા છે તેથી ક્રોસ વોટિંગ તો થયું જ છે.

અત્યારે ચાલી રહેલી અટકળો પ્રમાણે, વિપક્ષોના પક્ષમાં ઓછામાં ઓછા ૧૪ સાંસદે ક્રોસ વોટિંગ કર્યું છે. ભાજપનો દાવો છે કે વિપક્ષના ૧૫ સાંસદે ક્રોસ વોટિંગ કરીને રેડીના બદલે રાધાકૃષ્ણનને મત આપ્યા અને કેટલાક વિપક્ષી સાંસદોએ જાણી જોઈને અમાન્ય મત આપ્યા હતા. કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ તો કટાક્ષ કર્યો કે, ઈન્ડિયા મોરચાના કેટલાક સાંસદોનો આભાર કે જેમણે 'અંતરાત્માનો અવાજ' સાંભળીને એનડીએ ઉમેદવાર સી.પી.રાધાકૃષ્ણનને મત આપ્યો. તેના જવાબમાં જ ભાજપે સાંસદો ખરીદ્યા હોવાના આક્ષેપો શરૂ થઈ ગયા છે.

આ આક્ષેપો ગળે ઊતરે એવા નથી કેમ કે ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણી માટે ભાજપ શું કરવા આટલા રૂપિયાની લહાણી કરે? મમતાના ભત્રીજા અભિષેક બેનરજીનો આક્ષેપ છે કે, ભાજપે દરેક વિપક્ષી સાંસદને ખરીદવા માટે ૧૫-૨૦ કરોડ રૂપિયા ખર્ચ્યા હોવાની મને ખબર પડી છે. આ આંકડાને ધ્યાનમાં લઈએ તો ભાજપે વિપક્ષી સાંસદોને ૨૦૦ કરોડ રૂપિયા આપ્યા હશે. આ વાત જ કહેતા બી દીવાના ઓર સુનતા ભી દીવાના જેવી છે. ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણી ભાજપ માટે મહત્ત્વની હતી તેમાં બેમત નથી કેમ કે તેના આધારે ભાજપની સંસદમાં તાકાતનાં પારખાં થવાનાં હતાં પણ આ ચૂંટણીમાં રાધાકૃષ્ણનની જીત થશે એ પણ સામી ભીંતે લખાયેલું સત્ય હતું. ભાજપના નેતા એટલા મૂરખ છે કે, જે ચૂંટણીમાં ભાજપની જીત પાકી જ હોય એ ચૂંટણી માટે ૨૦૦ કરોડ રૂપિયા વિપક્ષી સાંસદોને આપી દે ? ભાજપ પાસે વધારાના રૂપિયા હોય તો પણ તેનો અર્થ ગમે ત્યાં ઉડાવી દેવા એવો તો નથી જ થતો.

બેનરજી કરતાં તો તાર્કિક લાગે એવી વાત શિવસેનાના અરવિંદ સાવંતે કરી છે કે ભાજપે એજન્સીઓનો ઉપયોગ કરીને વિપક્ષી સાંસદોને બ્લેકમેઈલ કરીને પોતાની તરફેણમાં મત આપવા માટે મજબૂર કર્યા હશે. આ વાતનો પણ કોઈ આધાર નથી પણ થોડા ઘણા અંશે આ વાત ગળે ઊતરી શકે. ભાજપનો ટ્રેક રેકોર્ડ જોતાં પણ આ વાત ગળે ઊતરે ખરી પણ ભાજપે સાંસદોને ખરીદ્યા એ વાત તો કોઈ રીતે હજમ થાય એવી નથી.

ભાજપે રૂપિયા વેરીને સાંસદો ખરીદ્યા હોય તો વિપક્ષો માટે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવું કહેવાય. પોતે આવા બિકાઉ સાંસદોને સંઘરીને બેઠા છે તેના માટે શરમ આવવી જોઈએ પણ તેના બદલે એ લોકો ભાજપ પર દોષનો ટોપલો ઢોળીને બેઠા છે. વિપક્ષી સાંસદો તપાસનું ડહાપણ ડહોળી રહ્યા છે એ પણ હાસ્યાસ્પદ છે કેમ કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં પાર્ટી વ્હીપ લાગુ પડતો નથી અને મતદાન ગુપ્ત મતપત્રક દ્વારા થાય છે. ક્યા સાંસદે કોને મત આપ્યો તેની કોઈને ખબર નથી હોતી એ સંજોગોમાં ખરેખર કોણે ક્રોસ વોટિંગ કર્યું તેની ખબર કઈ રીતે પડે ? વિપક્ષો કંઈ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીનાં મતપત્રકો તપાસીને કોણે ક્રોસ વોટિંગ કર્યું એ નક્કી થોડા કરી શકવાના છે? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌરશરદઋતુ, શુક્રવાર, તા. ૧૨-૯-૨૦૨૫, ષષ્ઠી શ્રાદ્ધ, કૃતિકા શ્રાદ્ધ

- ભારતીય દિનાંક ૨૧, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ વદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૦મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ભરણી સવારે ક. ૧૧-૫૮ સુધી, પછી કૃતિકા
- ચંદ્ર મેષમાં સાંજે ક. ૧૭-૩૦ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષમાં (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૫, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૩-૫૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૫ (તા. ૧૩)
- ઓટઃ સવારે ક. ૦૭-૨૮, રાત્રે ક. ૨૦-૦૭

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - પંચમી. ષષ્ઠી શ્રાદ્ધ, કૃતિકા શ્રાદ્ધ, સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુની, વાહન મહિષી.

- મુહૂર્ત વિશેષઃ યમદેવતાનું પૂજન, માલ વેંચવો, ખેતીવાડી સંબંધિત કામકાજ, અગ્નિદેવતાનું પૂજન, સલાહ મસલત કરવા, ઔષધી બનાવવી, માલ વેંચવો, ખેતીવાડી.

શ્રાદ્ધ પર્વઃ ષષ્ઠી તિથિ એ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. કૃતિકા નક્ષત્રનાં શ્રાદ્ધનો મહિમા અધિક છે. કૃતિકા શ્રાદ્ધ ખ્યાતિ, પ્રસિદ્ધિ, આરોગ્ય પ્રદાન કરે છે.

- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ તીવ્ર બુદ્ધિ પ્રતિભા, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સર્વાંગી ઉદય, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ બદનામીનો ભય, ચંદ્ર-હર્ષલ યુતિ અચોક્કસ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ યુતિ (તા. ૧૩)
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## ભારત અને મૉરીશસ સ્થાનિક કરન્સીમાં વેપાર કરશે : મોદી

નવી દિલ્હી : ભારત અને મૉરીશસ તેમનો દ્વિપક્ષીય વેપાર સ્થાનિક ચલણમાં કરશે એવી જાહેરાત ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી. મૉરીશસના તેમના સમકક્ષ નવીનચંદ્ર રામગુલામ સાથે મોદીએ વ્યાપક ચર્ચા કરી હતી. ભારતે મૉરીશસ માટે ૬૮ કરોડ અમેરિકન ડૉલરનું ખાસ આર્થિક પૅકેજ જાહેર કર્યું હતું. બન્ને દેશોએ સંબધો વ્યાપક બનાવવા દરિયાઈ સુરક્ષા સહિતના સાત કરારમાં સહીસિક્કા કર્યા હતા.

મોદીએ બે દેશ વચ્ચેના સંબંધો અંગે ટિપ્પણી કરતા કહ્યું હતું કે ભારત અને મૉરીશસ બે દેશ છે પરંતુ તેમના સ્વપ્ન અને મુકામ એક સરખા છે. મુક્ત, સુરક્ષિત, સ્થિર અને સમૃદ્ધ હિન્દ મહાસાગર એ ભારત અને મૉરીશસનો સામાન્ય અગ્રતાક્રમ છે. આ સંદર્ભમાં ભારત હિન્દી મહાસાગરનો પ્રથમ પ્રતિસાદ આપનારો અને સુરક્ષા પૂરી પાડનારો દેશ છે.

મોદીએ રામગુલામ અને મૉરીશસના લોકને ચાગોસ કરાર કરવા બદલ અભિનંદન આપ્યા હતા. તેમણે આ કરારને મૉરીશસના સાર્વભૌમત્વનો વિજય ગણાવ્યો હતો. ભારતે હંમેશાં બિનવસાહતીકરણ અને મૉરીશસના સાર્વભૌમત્વને સંપૂર્ણ ટેકો આપ્યો છે. ભારત હંમેશાં મૉરીશસની પડખે ઊભું રહ્યું છે.

મે મહિનામાં યુનાઈટેડ કિંગડમે ઐતિહાસિક સંધિને પગલે ચાગોસ ટાપુ મૉરીશસને આપ્યો હતો. આ કરાર હેઠળ યુકેએ પચાસ વર્ષ પછી આ ટાપુ પરના તેના અધિકારો જતા કર્યા હતા. કરાર હેઠળ વ્યહાત્મક રીતે મહત્ત્વના ડિયેગો ગ્રેસિયાની સુરક્ષાની જવાબદારી બ્રિટનની રહેશે. રામગુલામ હાલમાં ૯ સપ્ટેમ્બરથી ૧૬ સપ્ટેમ્બર સુધી મૉરીશસની સત્તાવાર મુલાકાતે છે. (એજન્સી)■

## રાહુલ વારંવાર સિક્યોરિટી પ્રોટોકોલનો ભંગ કરે છેઃ સીઆરપીએફની ફરિયાદ

નવી દિલ્હીઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સિક્યોરિટી પ્રોટોકોલનો ભંગ કર્યો હોવાનો સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફૉર્સ (સીઆરપીએફ)એ દાવો કર્યો હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

સીઆરપીએફની વીઆઈપી સિક્યોરિટી શાખા પંચાવન વર્ષના રાહુલ ગાંધીને ઝેડ પ્લસ સુરક્ષા પૂરી પાડે છે. રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા છે.

રાહુલ ગાંધી જ્યારે પણ બહાર નીકળે છે ત્યારે સીઆરપીએફના ૧૦થી ૧૨ સશસ્ત્ર કમાન્ડો તેમને સુરક્ષા પૂરી પાડે છે.

ઍડવાન્સ સિક્ટોરિટી લાયેઝન (એએસએલ)ના ભાગરૂપ આ કમાન્ડો રાહુલ ગાંધી કઈ કઈ જગ્યાની મુલાકાત લેવાના છે તેની વિગતો અગાઉથી જ મેળવી રાખે છે.

સીઆરપીએફની વીઆઈપી સિક્યોરિટી શાખાએ કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને એ જાણ કરતો પત્ર લખ્યો છે કે સ્થાનિક સ્તરે તેમ જ વિદેશપ્રવાસ દરમિયાન રાહુલ ગાંધી સિક્યોરિટી પ્રોટોકોલનો ભંગ કરતા જોવા મળે છે.

સીઆરપીએફના જણાવ્યાનુસાર આગોતરી જાણકારી વિના સમયપત્રક અને ગતિવિધિઓ બદલવાની રાહુલ ગાંધીની પ્રવૃત્તિ તેમની સુરક્ષા સામે જોખમ ઊભું કરી શકે છે અને એટલે જ રાહુલ ગાંધી તેમ જ તેમના સ્ટાફે ફરજિયાતપણે પ્રોટોકોલનું પાલન કરવું જોઈએ. (એજન્સી)■

## પેટ્રોલમાં ઇથેનોલના મિશ્રણ સામે ખોટો પ્રચાર કરાઇ રહ્યો છેઃ ગડકરી

નવી દિલ્હીઃ માર્ગ પરિવહન અને ધોરીમાર્ગોને લગતા કેન્દ્રના પ્રધાન નીતિન ગડકરીએ આક્ષેપ કર્યો હતો કે સરકાર દ્વારા પેટ્રોલમાં ઇથેનોલનું મિશ્રણ કરવાને પ્રોત્સાહન અપાઇ રહ્યું છે, પરંતુ સ્થાપિત હિત ધરાવતા અમુક લોકો તેની વિરુદ્ધમાં ખોટો પ્રચાર કરી રહ્યા છે અને તેના માટે લૉબિંગ કરે છે.

તેમણે અહીં ઇન્ડિયન ઑટોમૉબાઇલ મેન્યુફેક્ચરર્સના ૬૫મા વાર્ષિક સંમેલનને સંબોધતા જણાવ્યું હતું કે પેટ્રોલની લૉબી ઘણી શ્રીમંત છે. મારી વિરુદ્ધ આ મુદ્દે સોશ્યલ મીડિયા પર પૅઇડ (નાણાં ચૂકવીને) ખોટો પ્રચાર કરાવાય છે. સર્વોચ્ચ અદાલતે આ પ્રકરણમાં કરાયેલી અરજીને કાઢી નાખી હતી.

દેશના અમુક પેટ્રોલ પંપ ખાતેથી ઇથેનોલ મિશ્રિત પેટ્રોલ (ઇ-૨૦) વેચવાનું ૨૦૨૩ની એપ્રિલે શરૂ કરાયું હતું અને ૨૦૨૫ના એપ્રિલ સુધીમાં તેનું વેચાણ રાષ્ટ્રવ્યાપી કરાયું હતું. બાદમાં, તેને સ્થાને દસ ટકા ઇથેનોલ મિશ્રિત પેટ્રોલ (ઇ-૧૦) વેચવાનું શરૂ કરાયું હતું અને હાલમાં દેશમાં મોટા ભાગની કારમાં આ પેટ્રોલ વપરાય છે. ઇથેનોલ શેરડી અને મકાઇ તેમ જ ચોખા વગેરેમાંથી તૈયાર કરાય છે.

અમુક લોકો એવો ખોટો પ્રચાર કરી રહ્યા છે કે પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવાથી વાહનની ક્ષમતા ઘટે છે. આમ છતાં, તેલ મંત્રાલયે આ આક્ષેપને નકાર્યો હતો. નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે દેશ પોતાની જરૂરિયાતના ૮૮ ટકા એટલે કે અંદાજે રૂપિયા ૨૨ લાખ કરોડના ક્રૂડ ઑઇલની આયાત કરે છે. સરકાર તેમાં ઘટાડો કરવા અને દેશનું વિદેશી હૂંડિયામણ બચાવવા બનતા દરેક પ્રયાસ કરી રહી છે. (એજન્સી)■

## સેક્સ કૌભાંડી એપસ્ટેઈન સાથે કડી : અમેરિકામાંના બ્રિટનના રાજદૂતને પાણીચું

લંડન : બ્રિટનના અમેરિકાના મૃદુભાષી રાજદૂત પીટર મેન્ડલસનના સેક્સ કૌભાંડી જેફરી એપસ્ટેઈન સાથેનો લાંબા ગાળાનો નાતો બહાર આવતા દબાણમાં રહેલા વડા પ્રધાન કેર સ્ટામરે તેમને પાણીચું આપ્યું હતું. ગઈ મજૂર સરકાર વખતે પડદા પાછળની હિલચાલો માટે 'પ્રિન્સ ઑફ ડાર્કનેસ'નું બીરુદ મેળવનાર મેન્ડલસને એપસ્ટેઈનને લખેલા પત્રો અને ઈ-મેલ આ અઠવાડિયે પ્રગટ થતા રાજદૂતના આકર્ષક પદ પરથી તેમની હકાલપટ્ટી કરવામાં આવી હતી. પીટરે દિવંગત સેક્સ કૌભાંડી એપસ્ટેઈન સાથેના તેમના સંબંધો વિશે વાત કરી હતી. તેમણે ચેતવણી આપી હતી કે શરમમાં મૂકે એવી ઘણા રહસ્યો ટૂંક સમયમાં બહાર પડશે.

જાતીય તસ્કરી માટે દોષી ઠરનાર ઘિસ્લેન મેક્સવેલે એપસ્ટેઈનની પચાસમી વર્ષગાંઠે એક પુસ્તક બહાર પાડ્યું હતું. આ પુસ્તકમાં મેન્ડલસનની એપસ્ટેઈન માટેની હસ્તલિખિત નોંધ છે અને અબજોપતિ એપસ્ટેઈનના ટાપૂ પર એપસ્ટેઈન અને મેન્ડલસને પડાવેલી તસવીર છે. આ પુસ્તકમાં આવી અનેક તસવીરો અને નોંધ છે. એક તસવીરમાં મેન્ડલસન સ્વીમિંગ લીબાસ પહેરીને બાલકનીમાં ઊભા છે. તેમના હાથ તેમની કમર નીચે છે. બ્રિટનના અમેરિકા ખાતેના રાજદૂત તેમની નોંધ વાંચીને ભોંઠા પડી ગયા જેમાં તેઓ એપસ્ટેઈનને તેમના ઉત્તમ મિત્ર ગણાવે છે. મેન્ડલસને ફાઈનાન્સીયર એપસ્ટેઈન માટે પ્રેમ વ્યક્ત કરવાની સાથે તેમના સંપર્કોને મનોરંજન કરાવવા માટે એપસ્ટેઈનની મજાક ઉડાવી હતી. ■

## દેશમાં વધુ પાંચ એરપોર્ટ પર ઝડપી ઇમિગ્રેશન ક્લિયરન્સ સેવાનો પ્રારંભ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરૂવારે વધુ પાંચ એરપોર્ટ પર ફાસ્ટ ટ્રેક ઇમિગ્રેશન-ટ્રસ્ટેડ ટ્રાવેલર પ્રોગ્રામ (એફટીઆઇ-ટીટીપી)ની શરૂઆત કરી હતી. આ પ્રોગ્રામ પ્રી-વેરિફાઇડ ભારતીય નાગરિકો અને ઓવરસીઝ સિટીઝન ઓફ ઇન્ડિયા(ઓસીઆઇ) કાર્ડ ધારકોની ઇમિગ્રેશન પ્રક્રિયાને ઝડપી બનાવશે. અમિત શાહે લખનઉ, તિરુવનંતપુરમ, તિરુચિરાપલ્લી, કોઝિકોડ અને અમૃતસર- પાંચ એરપોર્ટ પર એફટીઆઇ-ટીટીપીની શરૂઆત કર્યા બાદ જણાવ્યું કે મુસાફરોને હવે લાંબી કતારો કે મેન્યુઅલ ચેકિંગનો સામનો કરવો નહીં પડે. તેઓને કોઇપણ વિલંબ વિના માત્ર ૩૦ સેકન્ડમાં ઇમિગ્રેશન ક્લિયરન્સ મળી જશે. તેમણે કહ્યું કે આ પ્રોગ્રામ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્પીડ, સ્કેલ અને સ્કોપની કલ્પનાને અનુરૂપ શરૂ કરવામાં આવ્યો છે.

સૌપ્રથમ આ વિશેષ પહેલ જુલાઇ ૨૦૨૪માં ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર શરૂ કરવામાં આવી હતી. જેના બે મહિના પછી તેને વધુ સાત એરપોર્ટ- મુંબઇ, ચેન્નાઇ, કોલકાતા, બેંગ્લોર, હૈદરાબાદ, કોચીન અને અમદાવાદ પર શરૂ કરવામાં આવી હતી. આ સુવિધા હવે દેશના કુલ ૧૩ એરપોર્ટ પર એકસાથે ઉપલબ્ધ હોવાનું શાહે જણાવ્યું હતું. શાહે જણાવ્યું કે આ સેવા માત્ર મુસાફરોની સુવિધા જ નહીં વધારે, પરંતુ તેમને દેશમાં થઇ રહેલા ફેરફારોથી પરિચિત થવાની તક પણ પૂરી પાડશે. એફટીઆઇ-ટીટીપીને સુવિધા અને રાષ્ટ્રીય સુરક્ષા બંનેમાં વધારો કરતો પ્રોગ્રામ ગણાવતા શાહે કહ્યું કે ગૃહ મંત્રાલય આ કાર્યક્રમને આગામી નવી મુંબઇ અને જેવર એરપોર્ટ સાથે સંકલિત કરવાની યોજના ધરાવે છે. અત્યાર સુધીમાં આ સેવાનો લાભ લેનાર દરેક વ્યક્તિએ આ સુવિધાની પ્રશંસા કરી છે. ■

## પટણામાં આરજેડીના નેતાની ગોળી મારી હત્યા

પટણાઃ બિહારમાં આ વર્ષના અંતે વિધાનસભા ચૂંટણી યોજવાની છે, એવામાં રાજ્યમાં કાયદા વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઉભા કરે એવી ઘટના બની છે, બુધવારે રાત્રે રાજ્યની રાજધાની પટનામાં રાષ્ટ્રીય જનતા દળના નેતા રાજકુમાર રાય ઉર્ફે આલા રાયની ગોળી મારીને ખેલેઆમ હત્યા કરવામાં આવી. આ ઘટના પટનાના ચિત્રગુપ્ત નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. મૂળ રાઘોપુરના રહેવાસી રાજકુમાર રાય પ્રોપર્ટી ડીલર હતાં અને આરજેડી સાથે જોડાયેલા હતાં. તેઓ રાજકારણમાં ખૂબ સક્રિય રહેતા હતાં. અહેવાલ મુજબ આગામી વિધાનસભા ચૂંટણીમાં રાઘોપુરથી ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા હતાં.

બુધવારે રાત્રે રાજકુમાર રાય પોતાની કારમાં ઘર તરફ જઈ રહ્યા હતાં ત્યારે અચાનક તેમના પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો. જીવ બચાવવા તેઓ ભાગીને નજીકની એક હોટલમાં છુપાઈ ગયા પરંતુ હુમલાખોરોએ તેમનો પીછો કર્યો અને હોટલમાં ઘૂસીને તેમના પર ગોળીબાર કર્યો.■

## રાહુલ ગાંધીના 'વોટ ચોરી' અભિયાનના પટકથા અને સંવાદ મ્યાનમારથી આવ્યાઃ ભાજપનો આરોપ

નવી દિલ્હીઃ ભાજપે ગુરુવારે દાવો કર્યો હતો કે રાહુલ ગાંધીના વોટ ચોરી અભિયાનની પટકથા અને સંવાદ મ્યાનમારથી આવ્યા હતા અને રાહુલ પર દેશની લોકશાહીમાં દખલ કરવાનો વિદેશી એજન્ડા આગળ ધપાવવાનો આરોપ લગાવ્યો હતો.

શાસક પક્ષે દાવો કર્યો છે કે નિર્વિવાદ પુરાવા બહાર આવ્યા છે જે દર્શાવે છે કે ગાંધીએ તાજેતરમાં તેમના અને ચૂંટણી પંચ પર વોટ ચોરીનો આરોપ લગાવવા માટે જે પાવર-પોઇન્ટ પ્રેઝન્ટેશન કર્યું હતું તે વિદેશી ભૂમિથી આવ્યું હતું.

ભાજપના આરોપનો કોંગ્રેસ કે ગાંધી તરફથી તાત્કાલિક કોઈ જવાબ મળ્યો નથી.

એક્સ પરની એક પોસ્ટમાં, ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કહ્યું, '૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ, રાહુલ ગાંધીએ વોટ ચોરી' વિશે બૂમ પાડતી પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને http://RahulGandhi.in પર અંગ્રેજી, હિન્દી અને કન્નડમાં પીડીએફ અપલોડ કર્યા હતા. તપાસમાં ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા છે. તમામ ત્રણેય પીડીએફનો મેટાડેટા મ્યાનમાર ટાઈમઝોન દર્શાવે છે.

તેમણે કહ્યું કે આ કહેવાતા પુરાવા (વોટ ચોરીના) ભારતમાં બનાવવામાં આવ્યા ન હતા. તે મ્યાનમાર ટાઇમઝોન પર સેટ કરેલી સિસ્ટમ પર બનાવવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીના આંતરરાષ્ટ્રીય વોટ થેફ્ટ ટૂલકિટનો પર્દાફાશ થયો છે.

ભાજપના અન્ય રાષ્ટ્રીય પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ કહ્યું કે, બધા જાણે છે કે રાહુલ ગાંધીને વિદેશી ભૂમિ અને વિદેશીઓ (ભારત કરતાં) માં વધુ વિશ્વાસ છે, પરંતુ કોઈએ ક્યારેય વિચાર્યું પણ નહીં હોય કે (વોટ ચોરીનો આરોપ) પરના તેમના નાટક અને સંવાદોની સ્ક્રિપ્ટ ભારતની બહારથી લખવામાં અને મોકલવામાં આવી રહી છે.

તેમણે કહ્યું હતું કે ટેકનિકલ પુરાવા જે દર્શાવે છે કે કથિત વોટ ચોરી પર કોંગ્રેસ નેતાનું પાવર-પોઇન્ટ પ્રેઝન્ટેશન વિદેશી ભૂમિમાં બનાવવામાં આવ્યું હતું તે નિર્વિવાદ છે. ■

પહેલા પાનાનું ચાલુ

### નવો નેતા કોણ?

મારામારી થઇ હતી. નેપાળની વચગાળાની સરકારનું નેતૃત્વ કરવા ચાર જેટલા નેતાનું નામ ચર્ચાઇ રહ્યું છે. તેમાં કાઠમંડુના મેયર બાલેન્દ્ર શાહ, ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ સુશીલા કર્કી, ઇલેક્ટ્રિસિટી બોર્ડના ભૂતપૂર્વ વડા કુલમન ઘીસિંગ, ધરાનના મેયર હરકારાજ સંપાંગ રાય ઉર્ફે હરકા સંપાંગ, પત્રકારમાંથી રાજકારણી બનેલા રવિ લમિછાનેનું નામ છે.

દરમિયાન, રાષ્ટ્રપતિએ યુવાન તોફાનીઓને શાંત રહીને મંત્રણા દ્વારા સમસ્યા ઉકેલવાની અપીલ કરી હતી. અગાઉ, નેપાળમાં હિંસા ફેલાતા વડા પ્રધાન કે. પી. શર્મા ઓલીએ રાજીનામું આપ્યું હતું અને તેમના સ્થાને નવા નેતાની શોધ શરૂ કરાઇ હતી.

નેપાળના લશ્કરના પ્રવક્તાએ જણાવ્યું હતું કે લશ્કર દ્વારા વિવિધ પક્ષકારોની સાથે મંત્રણા કરાઇ રહી છે. નવી સરકારની રચના વખતે લોકશાહી અને માનવ અધિકારના રક્ષણને પ્રાધાન્ય અપાશે. (એજન્સી)■

### મોહન ભાગવતના

દ્વારા અને લોકોની સાથે વાતચીત કરીને સમસ્યા ઉકેલવામાં સહાય કરે છે, જે હાલના ડિજિટલ આધુનિક યુગમાં મહત્ત્વની બાબત ગણાય. વડા પ્રધાને જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હંમેશાં દેશ અને રાષ્ટ્રના હિતને પ્રાધાન્ય આપે છે. મોહન ભાગવતજી 'પાંચ પરિવર્તન' - સામાજિક એખલાસ, પરિવારનાં મૂલ્યો, પર્યાવરણ અંગે જાગૃતિ, રાષ્ટ્રીય હિત અને સામાજિક ફરજને પ્રાધાન્ય આપવા ભાર આપે છે.

મોદીએ જણાવ્યું હતું કે ભાગવતજી હંમેશાં 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની હિમાયત કરે છે અને દેશમાંની વિવિધ સંસ્કૃતિ અને પરંપરાને સાથે રાખીને એકતા - અખંડતા જાળવી રાખવા પ્રયાસ કરે છે.

તેમણે જણાવ્યું હતું કે આરએસએસને વિજયા-દશમીના દિવસે ૧૦૦ વર્ષ થાય છે અને આ વખતે તે જ દિવસે મહાત્મા ગાંધી તેમ જ લાલ બહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતી પણ આવે છે. ■

### શું ભાગવત, મોદી ૭૫ વર્ષે નિવૃત્ત થશે?ઃ કૉંગ્રેસ

કૉંગ્રેસે સવાલ કર્યો હતો કે અડવાણીજીને ૭૫ વર્ષની વયે નિવૃત્ત કરાયા, મુરલી મનોહર જોશીને પણ ૭૫ વર્ષે નિવૃત્ત થવાની ફરજ પડાઇ. તો પછી મોહન ભાગવત અને નરેન્દ્ર મોદી ૭૫ વર્ષની વયે નિવૃત્ત શું કામ નથી થતાં?

લોકસભામાંના કૉંગ્રેસના દંડક મણિકમ ટાગોરે આક્ષેપ કર્યો હતો કે મોહન ભાગવત અને મોદી પોતાના માટે 'નિયમ' બદલી રહ્યા છે. કૉંગ્રેસના મહામંત્રી અને પક્ષના સંદેશાવ્યવહાર વિભાગના વડા જયરામ રમેશે આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતના ૭૫મા જન્મદિવસે તેમની પ્રશંસા કરીને સંઘની નેતાગીરી સાથે સંબંધ સુધારવા 'મરણિયો પ્રયાસ' કરી રહ્યા છે. (એજન્સી)■

### નાગરિકતા મળ્યા પહેલા

બની શકો, એમ તેમણે કહ્યું હતું. જો તે નાગરિક હતાં, તો ૧૯૮૨માં તેનું નામ કેમ કાઢી નાખવામાં આવ્યું? ચૂંટણી પંચ દ્વારા તે સમયે બે નામ કાઢી નાખવામાં આવ્યા હતા, એક વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા પછી સંજય ગાંધીનું હતું અને બીજું સોનિયા ગાંધીનું, એમ તેમણે કહ્યું.

નારંગે કહ્યું કે ચૂંટણી પંચને મતદાર યાદીમાંથી તેનું નામ કાઢી નાખવામાં કંઈક ખોટું લાગ્યું હશે.

નારંગે કહ્યું કે ૪ સપ્ટેમ્બરના રોજ, ૧૯૮૦માં નવી દિલ્હી મતવિસ્તારના મતદાર તરીકે સોનિયાનું નામ મતદાર યાદીમાં સામેલ કરવામાં આવ્યું હતું, જે ૧૯૮૨માં કાઢી નાખવામાં આવ્યું હતું, અને ૧૯૮૩માં ભારતીય નાગરિકતા પ્રાપ્ત કર્યા પછી ફરીથી દાખલ કરવામાં આવ્યું હતું. ■

### ભારતીયો-વિરુદ્ધ

અમેરિકાએ ભારતીયોને વિઝા આપવાની જરૂર નથી. હવે બહુ થયું. અમેરિકામાં ભારતીયો સ્થાનિક લોકોની રોજગારી છીનવી લે છે. ચાર્લી કર્ક માઇક્રોફોન પર પ્રવચન આપી રહ્યા હતા ત્યારે તેમના પર ગોળી છોડાઇ હતી અને તે ડોક પર ડાબી બાજુ વાગી હતી. ગોળીબારને પગલે ત્યાં હાજર રહેલા લોકો ચીસાચીસ કરીને આમતેમ દોડવા લાગ્યા હતા.

૩૧ વર્ષીય ચાર્લી કર્ક એરિઝોનામાંના પોતાના યુવા સંગઠન 'ટર્નિંગ પોઇન્ટ યુએસએ' દ્વારા કેમ્પસના સોરેન્સેન સેન્ટર કોર્ટયાર્ડ ખાતે યુવાનો સાથે વાતચીત કરવાની સાથે પ્રવચન આપતા હતા ત્યારે તેમના પર છોડાયેલી એક ગોળીથી જ મૃત્યુ થયું હતું. તે વખતે ત્યાં અંદાજે ૩,૦૦૦ લોકો હાજર હતા. ટ્રમ્પે ચાર્લી કર્કને શહીદ ગણાવ્યા હતા. ટ્રમ્પની પ્રમુખપદની ચૂંટણીમાં યુવાનોને આકર્ષવામાં ચાર્લી કર્કે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. (એજન્સી)■

# ગુજરાતમાં બે દિવસ બાદ વધશે વરસાદનું જોરઃ ૧૫ સપ્ટેમ્બર સુધી માછીમારોને દરિયો નહીં ખેડવા સૂચના

## રવિવારે હવામાન વિભાગે ૧૪થી ૧૬ સપ્ટેમ્બર સુધી રાજ્યના અમુક ભાગોમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં મુશળધાર વરસાદ બાદ હાલ મેઘરાજાએ વિરામ લીધો છે. હવામાન વિભાગ મુજબ, રાજ્યમાં બે દિવસ ફરી વરસાદનું જોર ઘટશે. હવામાન વિભાગે ૧૪થી ૧૬ સપ્ટેમ્બર સુધી રાજ્યના અમુક ભાગોમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું હતું. શનિવારે સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી સહિત દમણ, દાદરા અને નગર હવેલીમાં અમુક જગ્યાએ ભારે વરસાદની સંભાવના છે. રવિવારે હવામાન વિભાગે ૧૪થી ૧૬ સપ્ટેમ્બર સુધી રાજ્યના અમુક ભાગોમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું હતું. હવામાન વિભાગ દ્વારા ૧૫ સપ્ટેમ્બર સુધી માછીમારોને દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી હતી.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના આંકડા મુજબ, કચ્છમાં સિઝનનો સૌથી વધુ ૧૩૫.૯૧ ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યમાં સિઝનનો સરેરાશ વરસાદ ૧૦૭.૭૬ ટકા છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં ૧૧૮.૭૨ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૧૦.૭૦ ટકા, પૂર્વ મધ્યમાં ૧૧૦.૧૦ ટકા અને સૌરાષ્ટ્રમાં ૯૩.૩૬ ટકા વરસાદ વરસ્યો છે. નર્મદા ડેમ તેની કુલ ક્ષમતાનો ૯૦.૩૭ ટકા ભરાયેલો છે, જ્યારે ૨૦૬ જળાશયમાં ૮૮.૬૮ ટકા જળ સંગ્રહ છે.

રાજ્યમાં હાલ ૧૩૮ ડેમ હાઇ એલર્ટ પર છે, જ્યારે ૧૦૭ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. રાજ્યમાં પંચાયત હસ્તકના ૧૪૯ સહિત કુલ ૧૮૧ રોડ રસ્તા બંધ છે. બનાસકાંઠાની ૧૯ સહિત રાજ્યમાં એસટીના કુલ ૨૧ રૂટ બંધ છે.

# ભાવનગરના ૪૩ લોકો ભારત પહોંચ્યાઃ ખંભાળિયાના ચાર પ્રવાસી નેપાળમાં ફસાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નેપાળમાં ચાલી રહેલી રાજકીય કટોકટી અને હિંસાને કારણે ભાવનગરના ૪૩, અમદાવાદના નવ અને રાજકોટના ૫૦થી ૫૫ સહિત ગુજરાતના ૩૦૦થી વધુ લોકો નેપાળમાં ફસાયા છે. આ તમામ લોકોને સ્થાનિક હોટલો અને વૃદ્ધાશ્રમોમાં સુરક્ષિત રાખવામાં આવ્યા છે. જોકે કેન્દ્ર સરકાર અને ભારતના વિદેશ મંત્રાલય દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી ભાવનગરના ૪૩ લોકોને ૧૦ સપ્ટેમ્બરની મોડી રાતે ભારત બોર્ડર પરત લાવવામાં આવતાં પ્રવાસીઓએ સરકારનો આભાર માન્યો હતો. જ્યારે રાજકોટના ૩૦થી ૩૫ લોકોને ૨૧ સપ્ટેમ્બર સુધીમાં અને બાકીના ગુજરાતીઓને વહેલી તકે સુરક્ષિત રીતે ભારત પરત લવાશે. ટૂર ઓપરેટર વિનોદભાઈ લીંબાણીએ જણાવ્યું હતું તો ખંભાળિયાના ચાર યુવનો ફસાયા છે. ગત તા. ૨૯ ઓગસ્ટે ભાવનગરના નારી ગામેથી વિનોદભાઈ લીંબાણી નારી ગામ અને આસપાસના વિસ્તારના કુલ ૪૩ પ્રવાસીઓને લઈને ગોકુળ, મથુરા, હરિદ્વાર અને નેપાળ સહિતનાં સ્થળોએ પ્રવાસ માટે નીકળ્યા હતા. જેમાં ભારતીય પ્રવાસન સ્થળો અને ધાર્મિક સ્થળોએ દર્શન કર્યા બાદ નેપાળમાં આ પ્રવાસીઓ બે દિવસથી ફસાઈ ગયા હતા. પરંતુ ૧૦ સપ્ટેમ્બરના રોજ નેપાળના પોખરામાં હોટલમાંથી આ પ્રવાસીઓએ ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી અને કોર્પોરેટર ઉપેન્દ્રસિંહ ચુડાસમાનો મોબાઈલથી સંપર્ક કર્યો હતો અને ત્યારબાદ ભારત સરકાર રાજ્ય સરકાર વગેરે આ પ્રવાસીઓ સાથે સંપર્ક કરીને સતત ફોલોઅપ લીધું હતું. કેન્દ્ર સરકારના પ્રયાસોથી ભાવનગરના ૪૩ લોકોને ભારત પરત લાવવામાં સફળતા મળી હતી.

# અમદાવાદમાં ગરબા આયોજકો માટે મ્યુનિસિપલ કોર્પોરેશને ૩૨ મુદ્દાની ગાઇડલાઇન જાહેર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવરાત્રિના પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગરબા આયોજકો માટે ૩૨ મુદ્દાની ખાસ ગાઈડલાઈન બહાર પાડવામાં આવી હતી. જે મુજબ ગરબાના આયોજન માટે ફાયર સર્ટિફિકેટ લેવું પડશે. ઉપરાંત ગરબાના આયોજન સ્થળે બહાર નીકળવા માટે બે ઈમરજન્સી ગેટ રાખવા પડશે. નવી માર્ગદર્શિકા મુજબ, ગરબા આયોજક ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવવા માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજી કર્યા પછી ઈવેન્ટ શરૂ થવાના ત્રણ દિવસ પહેલા તેની હાર્ડ કોપી જમાલપુર ફાયર સ્ટેશન ખાતે જમા કરાવવાની રહેશે. આ પ્રક્રિયાનું પાલન નહીં કરનારા આયોજકોને મંજૂરી આપવામાં આવશે નહીં.

આયોજકોએ માત્ર ફાયર વિભાગ જ નહીં પરંતુ પોલીસ, ટ્રાફિક વિભાગ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અન્ય સંબંધિત વિભાગો પાસેથી પણ જરૂરી મંજૂરી લેવી પડશે. આ અંગે સૂત્રોએ કહ્યું કે, અમદાવાદ જેવા શહેરોમાં લાખો લોકો નવરાત્રિના આયોજનમાં ભાગ લેતા હોય છે. ત્યાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેને ધ્યાનમાં રાખી આ ગાઇડલાઇનનો ફરજિયાત આયોજકોએ અમલ કરવાનો રહેશે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં નવરાત્રિના નવ દિવસ દરમિયાન વિવિધ પાર્ટી પ્લોટો, ક્લબમાં મોટાપાયે ગરબાનું આયોજન કરવામાં આવતું હોય છે. મોટી સંખ્યામાં ખેલૈયાઓ ગરબા રમવા માટે આવતા હોય છે, ત્યારે અમદાવાદ શહેર ફાયરબ્રિગેડ દ્વારા જાહેર જનતાની સલામતીને ધ્યાનમાં રાખી નવરાત્રિના આયોજકો માટે ખાસ ગાઇડલાઇન બહાર પાડી હતી.

# ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રના રાજ્યપાલનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે વધારાનો હવાલો સંભાળશે. ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ મહરાષ્ટ્રના રાજ્યપાલ તરીકે સી પી રાધાકૃષ્ણનને ગુરુવારે રાજીનામું આપ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રનો વધારાનો હવાલો સોંપ્યો હતો. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રનો વધારાનો ચાર્જ સોંપવામાં આવતા તેઓ બંને જવાબદારી એક સાથે વહન કરશે. આ નિમણૂક તાત્કાલિક અસરથી લાગુ થશે.

૬૭ વર્ષીય રાધાકૃષ્ણન એનડીએના ઉમેદવાર હતા. તેઓ મંગળવારે યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ૧૫૨ મતથી વિજેતા બન્યા હતા. તેમણે બી સુદર્શન રેડ્ડીને હાર આપી હતી. રાષ્ટ્રપતિ કાર્યાલય દ્વારા આપવામાં આવેલા નિવેદન મુજબ, સી પી રાધાકૃષ્ણને ભારતના ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે રાજીનામું આપ્યું હતું. જેના ફળસ્વરૂપે ભારતના રાષ્ટ્રપતિએ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

# સિંહોની વસ્તી વધી હોવાના સરકારના દાવા વચ્ચે બે વર્ષમાં કુલ ૩૦૭ સાવજનાં મોત

અમદાવાદઃ ગુજરાતનું ગૌરવ ગણાતા એશિયાટિક સિંહોનો મૃત્યુઆંક ચિંતાજનક બન્યો છે. બે વર્ષમાં રાજ્યમાં ૩૦૭ સિંહનાં મૃત્યુ થયાં છે, જેમાં ૨૬૮ સિંહ કુદરતી રીતે અને ૩૯ સિંહના અકસ્માતે મોત થયા હોવાનું રાજ્ય સરકારે વિધાનસભામાં જણાવ્યુ હતું. સિંહના મૃત્યુના આંકડામાં સતત વધારો થઇ રહ્યો છે. ઓગસ્ટ-૨૦૨૩થી જુલાઇ-૨૦૨૪ સુધીના એક વર્ષના સમયગાળામાં ૧૪૧ સિંહના વિવિધ કારણથી મૃત્યુ થયા હતા. તો ઓગસ્ટ-૨૦૨૪થી જુલાઇ-૨૦૨૫ સુધીના એક વર્ષમાં મૃત્યુનો આંકડો વધીને ૧૬૬ થયો હોવાની માહિતી વિધાનસભામાં અપાઇ છે. માર્ગ અકસ્માત, રેલ અકસ્માત, કૂવામાં પડી જવું અને વીજ કરંટ સહિતના કારણથી અકુદરતી રીતે થઇ રહેલા મૃત્યુ વન્યજીવ પ્રેમીઓમાં ચિંતાનું કારણ બન્યા છે. વિધાનસભામાં વન અને પર્યાવરણ વિભાગ દ્વારા એક સિંહના અકુદરતી રીતે થતા મૃત્યુ રોકવા માટે બે વર્ષમાં ૩૭.૩૫ કરોડથી વધુનો ખર્ચ કર્યો છે.

# રાજકોટ બાદ વડોદરામાં પણ ૧૫ સપ્ટેમ્બરથી હેલ્મેટ ફરજિયાત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં બે દિવસ પહેલા ફરજિયાત હેલ્મેટ લાગુ કરવામાં આવ્યું હતું. પોલીસે પ્રથમ દિવસે લોકોને દંડ પણ કર્યો હતો. જોકે બીજા દિવસે નાટ્યાત્મક રીતે પોલીસે ગુલાબ આપીને લોકોને હેલ્મેટ પહેરવા સમજાવ્યા હતા અને દંડ પણ નહોતો કર્યો. રાજકોટ બાદ વડોદરામાં પણ ૧૫ સપ્ટેમ્બરથી ફરજિયાત હેલ્મેટ લાગુ કરવામાં આવશે. આ માટે શહેરના મુખ્ય માર્ગો પર પોલીસ દ્વારા પબ્લિક એનાઉન્સમેન્ટ કરવામાં આવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, વડોદરા સિટીમાં પૂર્વ અને પશ્ચિમ વિભાગના ટ્રાફિકના તમામ પીઆઈ, એસીપી, ડીસીપી વિવિધ ટીમો બનાવીને એનાઉન્સ કરી રહ્યા છે અને લોકો વધુમાં વધુ હેલ્મેટ પહેરે તે અંગે સિસ્ટમ દ્વારા સમજાવી રહ્યા છીએ. શહેરના અલગ અલગ ચાર રસ્તા પર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી ઝુંબેશ ચલાવવામાં આવશે. આ ઉપરાંત સૂત્રોએ એમ પણ કહ્યું કે, ૧૫ સપ્ટેમ્બર પછી જો કોઈ હેલ્મેટ નહીં પહેરે તો તેની સામે દંડનીય કાર્યવાહી પણ કરાશે. ઈ-ચલણની સાથે કોર્ટનું ચલણ પણ આપવામાં આવશે. લોકોની સુરક્ષા અમારું પ્રથમ પ્રાધાન્ય છે, દંડ વસૂલવો નહીં.

સ્થાનિકોએ કહ્યું કે, માર્ગ સલામતી માટે જે સરકારની પ્રતિબદ્ધતા છે, એમની અમે કદર કરીએ છીએ. આપણી સૌની ફરજ છે કે આપણી સુરક્ષા આપણે જાતે કરવી જોઈએ. પરંતુ હાલમાં જે તમે જુઓ છો કે વડોદરાની અંદર તમામ રોડ રસ્તા ખાડા-ટેકરાવાળા છે. પ્રાથમિકતા સૌ પ્રથમ તંત્રએ રોડ રસ્તાને સુધારવાની જરૂરિયાત છે. ત્યારબાદ તમે આ હેલ્મેટને ફરજિયાત કરો, એનો અમને કોઈ વાંધો નથી.

# બાયડ-અમદાવાદ રોડ પર ભીષણ અકસ્માતઃ ત્રણ સભ્યનાં મોતથી પરિવારનો માળો વિખેરાયો

અમદાવાદઃ બાયડ-અમદાવાદ હાઈવે પર આંબલિયારા ગામ નજીક બુધવારે સાંજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં બાઈક પર સવાર એક જ પરિવારના ત્રણ સભ્ય પતિ, પત્ની અને તેમના બાળકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બુધવારે સાંજે છ વાગ્યાના આસપાસ ઝાલોદ તાલુકાના ગાવડિયા ગામનો એક પરિવાર બાઈક પર જઇ રહ્યો હતો. ત્યારે આંબલિયારા ગામ નજીક સામેથી પૂરપાટ ઝડપે આવતી એક કાર સાથે બાઈકની ટક્કર થઇ હતી. કારચાલકે ઓવરટેક કરવા જતાં આ અકસ્માત થયો હતો. ટક્કર એટલી ગંભીર હતી કે બાઈક રોડ પર સળગવા લાગી અને કાર રોડની બાજુમાં ખેતરમાં ઘસડાઈ ગઈ હતી.

આ ગોઝારા અકસ્માતમાં બાઈક ચલાવી રહેલા પુરુષનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલાં તેમની પત્ની અને બાળકને તાત્કાલિક સારવાર માટે નજીકની જીતપુરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, પરંતુ દુર્ભાગ્યે સારવાર દરમિયાન બંનેનું મોત નીપજ્યું હતું. આમ, એક જ પરિવારના ત્રણ સભ્યોનો ભોગ લેવાયો હતો. મૃતકોની ઓળખ યોગેશ લુજાભાઈ વસૈયા - પતિ (ઉં. ૩૧), નિરુબેન યોગેશભાઈ વસૈયા - પત્ની (ઉં. ૨૩), આરવકુમાર યોગેશભાઈ વસૈયા-પુત્ર (ઉં.૭) તરીકે થઈ છે.

અકસ્માત સર્જીને કારનો ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધીને ફરાર કાર ચાલકને ઝડપી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે. આ કરુણ ઘટનાને કારણે સ્થાનિક લોકોમાં ભારે શોક અને રોષની લાગણી ફેલાઈ હતી, સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# વડા પ્રધાન મોદીના જન્મદિવસે સુરતમાં દેશની સૌપ્રથમ ગ્રીન વ્હિકલ નીતિનો આરંભ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત સ્વચ્છ શહેર બન્યા બાદ હવે સુરત ગ્રીન સિટી બનવા તરફ ડગલું ભરી રહ્યું છે. શહેરમાં પ્રદૂષણ ઘટાડવા અને ઇલેક્ટ્રિક, હાઇડ્રોજન અને બાયો-ફ્યુઅલ આધારિત વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને દેશમાં સૌપ્રથમવાર ગ્રીન વ્હિકલ પોલિસી તૈયાર કરી છે અને તેનો અમલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ એટલે કે ૧૭ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે.

આ નીતિ હેઠળ, ગ્રીન વાહનો ખરીદનાર નાગરિકોને વિવિધ આકર્ષક લાભો આપવામાં આવશે. જેમાં ૧.૫૦ લાખની બાઇકથી લઈ ૨૫ લાખની કાર સુધીનાં વાહનોમાં ૩૦૦૦થી લઈ એક લાખનો સીધો ફાયદો થશે. પાંચ વર્ષ માટે કોર્પોરેશનના વ્હિકલ ટેક્સમાં રાહત આપવામાં આવશે અને પૉલિસીના સમયગાળા દરમિયાન પર્યાવરણ ચાર્જમાંથી મુક્તિ મળશે. આ ઉપરાંત, પાલિકા સંચાલિત પાર્કિંગ સ્થળોમાં ગ્રીન વાહનો માટે ૧૦ ટકા પાર્કિંગ જગ્યા આરક્ષિત રાખવામાં આવશે. આ પૉલિસી માત્ર ઇલેક્ટ્રિક વાહનો પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેમાં હાઇડ્રોજન, બાયો-ફ્યુઅલ અને ઇથેનોલ બ્લેન્ડેડ ફ્યુઅલ આધારિત ગતિશીલતાને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. સુરત મહાનગરપાલિકાએ પ્રાયોગિક ધોરણે હાઇડ્રોજન બસ દોડાવવાનું પણ આયોજન કર્યું છે, જે સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રમાં એક મોટું પગલું છે.

આ પૉલિસીમાં ઇ-ઓટો રિક્ષા પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ભવિષ્યમાં આરટીઓમાં માત્ર ઇ-ઓટો રિક્ષાની જ નોંધણી થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે, જેના પર પાલિકા, કલેક્ટર અને આરટીઓના અધિકારીઓની સંયુક્ત સમિતિ નિર્ણય લેશે. હાલમાં, ગુજરાત રાજ્યના કુલ ઇ-વાહનો પૈકી ૩૦ ટકા વાહનો સુરત શહેરમાં નોંધાયેલાં છે, જ્યારે દેશના કુલ ઇ-વાહનોના અઢી ટકા વાહનો સુરતમાં છે.

મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલના જણાવ્યા અનુસાર, આ નવી પૉલિસીના કારણે ઇ-વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે અને તે પર્યાવરણ માટે અત્યંત અનુકૂળ રહેશે. ભારત સરકાર, ગુજરાત સરકાર અને જીઆઈઝેડ જેવા આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોની મદદથી તૈયાર કરાયેલી આ પૉલિસી સુરતને પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં દેશના અગ્રણી શહેરોમાંથી એક બનાવશે.

# ગુજરાતમાં ગુટકા, પાન-મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ ઉપર વધુ એક વર્ષ માટે પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ગુટકા, તમાકુ કે નિકોટીન યુક્ત પાન-મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ ઉપર ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અન્વયેના નિયમો તથા તેના રેગ્યુલેશન -૨૦૧૧ હેઠળ તા.૦૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના જાહેરનામાંથી તા.૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫થી વધુ એક વર્ષ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

કમિશનર ઓફ ફૂડ સેફ્ટી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગાંધીનગરની યાદીમાં વધુમાં જણાવાયું છે કે, કોઈ પણ ખાદ્યચીજમાં તમાકુ કે નિકોટીન ઉમેરવું એ પ્રતિબંધિત છે. આમ ગુટકામાં તમાકુ કે નિકોટીનની હાજરી હોવાથી માનવ આરોગ્યને ખૂબ જ હાનિ પહોંચે છે. જેથી વર્તમાન તેમજ ભવિષ્યની પેઢીના સ્વાસ્થ્યને નુકસાનકારક ગુટકા પર કાયદા અન્વયે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા ગુટકા કે પાન મસાલા કે જેમાં તમાકુ કે નિકોટીનની હાજરી હોય તેના વેચાણ, સંગ્રહ અને વિતરણ પ્રતિબંધ મૂકતું નોટિફિકેશન કમિશનર ઓફ ફૂડ સેફ્ટી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા તા.૦૬ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ બહાર પાડવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યમાં કોઈ પણ વેપારી ગુટકા કે પાન મસાલા અથવા જેમાં તમાકુ કે નિકોટીનની હાજરી હોય તેનાં વેચાણ, સંગ્રહ અને વિતરણ કરતા માલૂમ પડશે તો ઉક્ત કાયદા હેઠળ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# પંજાબના પૂર પીડિતોની મદદ માટે ૭૦૦ ટનથી વધુ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ભરેલી ટ્રેનને મુખ્ય પ્રધાને લીલી ઝંડી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંજાબમાં આવેલા ભયાનક પૂરને કારણે સર્જાયેલી ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે પૂર પીડિત લોકોની મદદ માટે જીવનજરૂરી ચીજવસ્તુઓની સહાય મોકલી હતી. ૧૧ સપ્ટેમ્બર ગુરૂવારના રોજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર રેલવે સ્ટેશનથી ૭૦૦ ટનથી વધુ રાહત સામગ્રી ભરેલી એક ખાસ ટ્રેનને પંજાબ જવા માટે લીલીઝંડી આપી હતી. આ સાથે જ ૫ કરોડનો પૂર રાહતનો ચેક પણ આપ્યો હતો.આ પૂરગ્રસ્ત રાહત સામગ્રીમાં મુખ્યત્વે ખાદ્ય સામગ્રીનાં પેકેટ્સ, કપડાં, દવાઓ અને અન્ય આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે, જે પૂરથી પ્રભાવિત હજારો પરિવારો માટે અત્યંત જરૂરી છે.

ભૂપેન્દ્ર પટેલે લોટ, ડુંગળી, બટાકા, ચોખા, સિંગતેલ, ખાંડ અને દૂધ પાઉડર જેવી આવશ્યક વસ્તુ મળી કુલ ૪૦૦ ટન ખાદ્ય સામગ્રી તેમજ ૧૦ હજાર નંગ તાડપત્રી, ૧૦ હજાર મચ્છરદાની, ૧૦ હજાર બેડશીટ અને ૭૦ ટન જેટલી દવાઓ સાથેની આ વિશેષ રાહત ટ્રેનને ગાંધીનગર રેલવે સ્ટેશનથી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ ટ્રેનને પ્રસ્થાન કરાવ્યા બાદ પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલે મીડિયાને જણાવ્યું હતું કે, આજે પંજાબના પૂરગ્રસ્ત વિસ્તારો માટે વિવિધ રાહત સામગ્રી સાથેની જે ટ્રેન ગાંધીનગર રેલવે સ્ટેશન ખાતેથી રવાના કરવામાં આવી છે. તેમાં ઘઉંથી માંડીને કપડાં સુધીની વિવિધ ચીજ વસ્તુઓનો સમાવેશ ૨૨ વેગન સાથેની આ ટ્રેનમાં કરવામાં આવ્યો છે. આ વેગનોમાં લગભગ ૭૦૦ ટનનું મટિરિયલ એમાં લોડ કરવામાં આવ્યું છે. ૨૦ પ્રકારની આઇટમ છે,જેમાં ૧૨ મુખ્ય આઇટમ છે. ચોખા, દાળ, ડુંગળી, બટાટા, દવાઓ, કપડાં અને બીજી ઘણી બધી વસ્તુઓ છે. જે પૂરથી અસરગ્રસ્ત લોકોને જલદીથી રાહત આપી શકશે. દૂધ ઉત્પાદનો અને બીજી ઘણી બધી વસ્તુઓ મોકલવામાં આવી છે.

# રાહુલ ગાંધી આજે ગુજરાતની મુલાકાતે, જૂનાગઢ ખાતે ચાલી રહેલા તાલીમ કેમ્પમાં હાજરી આપશે

અમદાવાદઃ ગુજરાતમાં કૉંગ્રેસ દ્વારા નવનિયુક્ત પ્રમુખોને પ્રશિક્ષણ આપવા માટે જૂનાગઢની ભવનાથ તળેટીમાં આવેલા પ્રેરણાધામ આશ્રમમાં ૧૦ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર સુધી શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે લોકસભામાં વિપક્ષના નેતા અધ્યક્ષ રાહુલ ગાંધી આવતીકાલે શુક્રવારે ૧૨ સપ્ટેમ્બર ગુજરાતની મુલાકાતે આવશે. તેઓ બપોરે ૧ વાગ્યે કેશોદ એરપોર્ટ પર ઉતરીને સીધા જૂનાગઢ જશે. જ્યાં તેઓ કૉંગ્રેસના જિલ્લા પ્રમુખોના તાલીમ કેમ્પમાં હાજરી આપશે અને ૨૦૨૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીનું રણશિંગુ ફૂંકશે. જૂનાગઢમાં આયોજિત આ પ્રશિક્ષણ શિબિરમાં રાહુલ ગાંધી જિલ્લા પ્રમુખોને નેતાગીરીના પાઠ શીખવશે. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી ચૂંટણીઓ માટે કૉંગ્રેસના સંગઠનને મજબૂત બનાવવાનો અને કાર્યકરોમાં નવું જોમ ભરવાનો છે. અગાઉ પણ રાહુલ ગાંધી આવા જ પ્રશિક્ષણ શિબિરોમાં હાજરી આપી ચૂક્યા છે, જેમાં તેમણે કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. તાલીમ શિબિર પૂર્ણ થયા બાદ રાહુલ ગાંધી સાંજે પોરબંદરથી દિલ્હી જવા રવાના થશે. રાહુલ ગાંધીની આ મુલાકાતને ગુજરાત કૉંગ્રેસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. આ મુલાકાતથી કૉંગ્રેસના કાર્યકરોમાં ઉત્સાહ વધશે અને આગામી ચૂંટણીઓ માટેની તૈયારીઓને વેગ મળશે તેવી આશા છે. કૉંગ્રેસના સંગઠન સૃજન અભિયાન હેઠળ જૂનાગઢમાં ૧૦ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર સુધી ૧૦ દિવસીય પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાહુલ ગાંધી પણ હાજરી આપશે.

# ગુજરાતમાં આગામી તારીખ ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઑક્ટોબર સુધી સ્વચ્છતા હી સેવા અભિયાન યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે નિર્મળ ગુજરાત ૨.૦ અને આગામી સ્વચ્છતા સર્વેક્ષણને ધ્યાનમાં રાખીને સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ અંતર્ગત યોજાનાર સ્વચ્છોત્સવ અભિયાન તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૩૧ ઓક્ટોબર સુધી યોજવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં હવે એક જ પખવાડિયું નહિ, પરંતુ ત્રણ પખવાડિયાં સુધી રાજ્યનાં મહાનગરો, નગરો, ગામડાઓ અને સરકારી કચેરીઓ સહિતનાં જાહેરસ્થળો ખાતે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. શહેરી વિકાસ વિભાગ તરફથી પ્રાપ્ત વિગતો અનુસાર આ અભિયાન અંતર્ગત ગુજરાતના મહાનગરપાલિકા અને નગરપાલિકાના ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ્સ, ક્લિનલીનેસ ટાર્ગેટ યુનિટ, બ્લેક સ્પોટ, બજારો, માર્ગો, વાણિજ્ય વિસ્તારો અને રહેણાંક વિસ્તારોની સાફ-સફાઈ માટે જનભાગીદારી અને સ્વયંસેવી સંસ્થાના સહયોગથી દૈનિક ધોરણે સ્વચ્છતા કાર્યક્રમો યોજવામાં આવશે. સાથે જ, રાજ્યના તમામ શહેરોમાં સ્વચ્છતા લક્ષિત એકમો (સીટીયુ) અને બ્લેક સ્પોટને ઓળખવામાં આવશે અને આ અભિયાન દરમિયાન તમામ સીટીયુની સફાઈ કરીને તેનું પરિવર્તન કરવામાં આવશે.

# સુરતમાં નાયબ કાર્યપાલક ઇજનેર ૫૦ હજારની લાંચ લેતા ઝડપાયો

અમદાવાદઃ એન્ટી કરપ્શન બ્યૂરો લાંચિયા લોકો સામે સતત કાર્યવાહી કરી રહ્યું છે. તેમ છતાં કેટલાક ઇસમો સુધરવાનું નામ નથી લઈ રહ્યા. સુરતમાંથી નાયબ કાર્યપાલક ઇજનેર રૂ. ૫૦ હજારની લાંચ લેતા ઝડપાયો હતો. પ્લોટનાં શેડની ડિમોલેશનની પરવાનગી આપવાની કાર્યવાહી આપવા બદલ તેણે લાંચ માંગી હતી.

ફરીયાદીના સુરત ભાટપોર જી.આઇ.ડી.સી.માં બે પ્લોટ ઔદ્યોગિક હેતું માટેનાં આવેલા હતા. જી.આઇ.ડી.સી.નાં જુના બનેલા શેડનું ડિમોલેશન કરવાનું હોય તેમણે જરૂરી મંજૂરી મેળવવા અરજી કરી હતી. જે બન્ને પ્લોટનાં શેડની ડિમોલેશનની પરવાનગી આપવાની કાર્યવાહી કરી આપવાનાં અવેજ પેટે નાયબ કાર્યપાલક ઇજનેર પરિમલ ખંડુભાઇ પટેલ (ઉ.વ.૩૮)એ રૂ.૫૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. જે લાંચની રકમ તેઓ આપવા માગતા ન હોવાથી એ.સી.બી. નો સંપર્ક કર્યો હતો. તેમની ફરિયાદના આધારે લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરિમલ પટેલ હેતુલક્ષી વાતચીત કરી રૂ.૫૦,૦૦૦ ની લાંચની રકમ સ્વીકારતા સ્થળ ઉપર પકડાયા હતા.

# ઓટીટી અને યુટ્યૂબના કન્ટેન્ટ પર પ્રતિબંધ મૂકવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોશ્યલ મીડિયાનો વ્યાપ વધવાની સાથે ડિજિટલ મનોરંજનનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. પરંતુ તેની સાથે અશ્લીલ કન્ટેન્ટ પણ વધ્યું છે. આ અંગે પદ્મશ્રી મથુર સવાણીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને એઆઈ દ્વારા જનરેટેડ અશ્લીલ અને આપત્તિજનક વીડિયો પ્રસારિત કરતી યુટ્યૂબ ચેનલો વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

મથુર સવાણીએ તેમના પત્રમાં લખ્યું કે, ઇન્ટરનેટ અને ખાસ કરીને યુટ્યૂબ પર કેટલીક ચેનલો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો દુરુપયોગ કરીને અત્યંત અપમાનજનક અને બીભત્સ વીડિયો બનાવી રહી છે. આ વીડિયોમાં સામાન્ય વ્યક્તિઓથી લઈને દેશના વડા પ્રધાન જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિઓના ચહેરા અને અવાજનો ઉપયોગ કરીને અશ્લીલ સામગ્રી તૈયાર કરવામાં આવી રહી છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ કાયદાનું ઉલ્લંઘન કરે છે અને સમાજમાં, ખાસ કરીને યુવાનો, બાળકો અને મહિલાઓ માટે નકારાત્મકતા અને અનૈતિકતા ફેલાવી રહી છે.

# થાણે, રાયગડમાં બે દિવસમાં ટ્રેન અકસ્માતમાં પાંચ જણે જીવ ગુમાવ્યા

થાણેઃ થાણે અને રાયગડમાં છેલ્લા બે દિવસમાં ટ્રેનક અકસ્માતમાં પાંચ જણનાં મોત થયાં હતાં. આમાં મોટા ભાગના લોકો ટ્રેક પરથી જઇ રહ્યા હતા ત્યારે ટ્રેને તેમને ટક્કર મારી હતી.

પાંચમાંથી ચાર મૃત્યુ થાણે જિલ્લામાં અને એક મૃત્યુ રાયગડ જિલ્લામાં મધ્ય રેલવે દ્વારા સંચાલિત રૂટ પર થયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પહેલી ઘટના સોમવારે સાંજના ૬.૩૦ વાગ્યે બની હતી, જેમાં તુષાર ગોવિંદ કુર્લે (૨૮)ને ભિવપુરી અને કર્જત રેલવે સ્ટેશન વચ્ચે ટ્રેને અડફેટે લેતાં તેનું મૃત્યુ થયું હતું. કર્જત રેલવે પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

બીજી તરફ મંગળવારે સવારના ૩૦ વર્ષનો રાહુલ ઉમેશ સિંહ ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યો હતો ત્યારે ભીડને કારણે સંતુલન ગુમાવતાં તે કલ્યાણ રેલવે સ્ટેશન નજીક ટ્રેનમાંથી નીચે પડ્યો હતો અને ગંભીર ઇજાને કારણે તેનું મૃત્યુ થયું હતું. મંગળવારે સવારે સાત વાગ્યે ટિટવાલા અને આસનગાંવ વચ્ચે ખડાવલી રેલવે સ્ટેશન નજીક વધુ એક અકસ્માત થયો હતો, જેમાં આશરે ૪૦ વર્ષના શખસનું એક્સપ્રેસ ટ્રેનની ટક્કરથી મૃત્યુ થયું હતું. મૃતકની ઓળખ થઇ નહોતી.

બાદમાં બપોરે સુશાંત સુરેશ ઠાકરે (૩૩) આસનગાંવ અને આટગાંવ સ્ટેશન વચ્ચે ટ્રેક પર ચાલી રહ્યો હતો ત્યારે કામખ્યા એક્સપ્રેસ ટ્રેનની અડફેટમાં આવી ગયો હતો. સુશાંત ઠાકરે શહાપુરના માઉલી કિલ્લા વિસ્તારનો રહેવાસી હતો અને ખાનગી કંપનીમાં કામ કરતો હતો. રોજિંદી મુસાફર કરતા ઠાકરેનું ધ્યાન પાછળથી આવતી ટ્રેન પર ગયું નહોતું. મંગળવારે રાતના વધુ એક અકસ્માત થયો હતો, જેમાં ૩૫ વર્ષની વ્યક્તિ વસઇ-દિવા લાઇન પર ભિવંડી અને ખારબાવ સ્ટેશન વચ્ચે ટ્રેક પર ચાલી રહી હતી ત્યારે એક્સપ્રેસ ટ્રેને તેને ટક્કર મારી હતી. (પીટીઆઇ)

# ₹ ૧.૦૮ લાખ કરોડના કરારઃ ૪૭,૦૦૦ નોકરીઓનું સર્જન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ગુરુવારે માહિતી ટેકનોલોજી, ફૂડ પ્રોસેસિંગ, વેરહાઉસિંગ, ડેટા સેન્ટર્સ અને લોજિસ્ટિક્સ હબ જેવા ક્ષેત્રોમાં રૂ. ૧,૦૮,૫૯૯ કરોડના રોકાણ માટેના સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા, જેનાથી ૪૭,૦૦૦ સીધી નોકરીઓનું સર્જન થશે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. રાજ્યના આર્થિક વિકાસમાં રોકાણકારો અને ઉદ્યોગ ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, એમ ફડણવીસે ખાતરી આપતા કહ્યું કે તેમની સરકાર તેમની અપેક્ષાઓ પૂર્ણ કરશે. આ સંદર્ભમાં મુખ્ય પ્રોજેક્ટ્સમાં એમજીએસએ રિયલ્ટી દ્વારા ઔદ્યોગિક વેરહાઉસ, ડેટા સેન્ટર્સ અને લોજિસ્ટિક્સ હબમાં રૂ. ૫,૦૦૦ કરોડનું રોકાણ કરવાનો સમાવેશ થાય છે, જેનાથી ૧૦,૦૦૦ નોકરીઓનું સર્જન થશે. લોઢા ડેવલપર્સ લિમિટેડ થાણે જિલ્લાના અંબરનાથમાં ૩૦,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે ગ્રીન ઇન્ટિગ્રેટેડ ડેટા સેન્ટર પાર્ક સ્થાપશે. તેનાથી ૬૦૦૦ નોકરીઓનું સર્જન થશે. અદાણી એન્ટરપ્રાઇઝ લિમિટેડ નાગપુર જિલ્લાના કમલેશ્વર લિંગા ખાતે ઇન્ટિગ્રેટેડ કોલ સરફેસ ગેસિફિકેશન ડાઉનસ્ટ્રીમ ડેરિવેટિવ્ઝ પ્રોજેક્ટમાં ૭૦,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે, જેનાથી ૩૦,૦૦૦ નોકરીઓનું સર્જન થશે, જ્યારે પોલીપ્લેક્સ કોર્પોરેશન લિમિટેડ નંદુરબારમાં પોલિમર પ્રોડક્ટ્સ પ્રોજેક્ટમાં ૨,૦૮૬ કરોડ રૂપિયાનું રોકાણ કરશે જે ૬૦૦ લોકોને રોજગાર આપશે.

પાંચમા પાનાનું ચાલુ

## મલાડમાં

મલાડ પોલીસ સ્ટેશનની પેટ્રોલિંગ વૅન અને બીટ માર્શલ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે મકવાણાને પકડી પાડ્યો હતો, જ્યારે તેના સાથી ફરાર થઈ ગયા હતા. ગંભીર હાલતમાં હૉસ્પિટલમાં લઈ જવાયેલા ભાનુશાળીને તબીબે મૃત જાહેર કર્યો હતો.

આ પ્રકરણે મલાડ પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આરોપી વિરુદ્ધ અગાઉ પણ ગુના નોંધાયેલા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

## મુંબ્રા-કૌસામાં

મુંબ્રા-કૌસા સ્થિત ભોલેનાથ નગરમાં આવેલી આનમ પેલેસ ઇમાતર સામે કાર્યવાહી કરવા માટે ગઇ હતી. એ સમયે ઇમારત તરફ જતા માર્ગ પર ત્યાંના રહેવાસીઓએ પાલિકાની ટીમને રોકી હતી. કોર્ટને આદેશ અનુસાર આ કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું રહેવાસીઓને કહેવામાં આવ્યું હોવા છતાં તેઓ ત્યાંથી હટ્યા નહોતા, જેને કારણે ત્યાં સ્ટેટ રિઝર્વ ફોર્સને બોલાવવામાં આવી હતી.

## બાન્દ્રામાં

વસાહતની જગ્યા પર એક નવું સંકુલ અને હાઈ કોર્ટનું નવું મકાન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે મુજબ રાજ્ય સરકાર દ્વારા સરકારી કોલોનીમાં ૩૦ એકર જમીન કોર્ટને આપવામાં આવી હતી.

જાહેર બાંધકામ વિભાગ દ્વારા આ સ્થળ પર કોર્ટની એક વિશાળ અને આધુનિક ઇમારત બનાવવામાં આવશે. આ વિસ્તાર એરપોર્ટ, પશ્ચિમ-પૂર્વ એક્સપ્રેસ વે, બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સની નજીક હોવાથી અને કોસ્ટલ રોડ અને બાન્દ્રા-વરલી સી-લિંક દ્વારા ફોર્ટથી સરકારી કોલોની સુધી પહોંચવું ખૂબ જ સરળ હોવાથી આ સ્થળ પસંદ કરવામાં આવ્યું છે.

## 'ઓળખ' છુપાવનારા

સૂચનાઓ ફરી એકવાર જારી કરવામાં આવી છે.

**આદેશમાં શું કહેવામાં આવ્યું છે?**

૧. રાજ્યના તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ ઓફિસમાં પ્રવેશ કરતી વખતે અને ઓફિસમાં કામ કરતી વખતે તેમના ઓળખપત્રો સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવી જગ્યાએ એટલે કે એવી રીતે પ્રદર્શિત કરવા ફરજિયાત છે.

૨. જે સરકારી અધિકારીઓ કે કર્મચારીઓ આ નિયમોનું પાલન નહીં કરે તેમની સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.

આ આદેશનો અમલ કરવા માટે સંબંધિત ખાતા પ્રમુખોને પણ સૂચનાઓ આપવામાં આવી છે. આ માટેની જવાબદારી સંબંધિત ઓફિસના વડાઓ અને વિભાગના વડાઓને સોંપવામાં આવી છે.

આ નિર્ણયથી ઘણી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. ઘણીવાર, સરકારી ઓફિસમાં ગયા પછી, કયા અધિકારી પાસે જવું તેની માહિતી મળતી નથી. ઉપરાંત, કયા કર્મચારીઓ કોણ છે તે ઓળખવું મુશ્કેલ બની જાય છે. ઘણી વખત કર્મચારીઓ જાણી જોઈને કામથી બચવા માટે ઓળખ છુપાવતા હોય છે અને નાગરિકોને ટેબલ-ટેબલ રખડાવતા હોય છે. હવે ઓળખપત્ર પહેરીને ફરજિયાત બેસવું પડવાનું હોવાથી નાગરિકો સંબંધિત વ્યક્તિને સીધા ઓળખીને તેમનો સંપર્ક કરી શકશે. આનાથી કામ ઝડપી બનશે અને અનિયમિતતાઓ પર કાબૂ મેળવશે.

## શું મનસે

સંદર્ભમાં ચર્ચા થઈ હતી. આ બેઠક પછી મીડિયા સાથે વાત કરતા, બાળા નાંદગાંવકરને રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેના એક સાથે આવવા વિશે પૂછવામાં આવ્યું. આ અંગે નાંદગાંવકરે સૂચક નિવેદન કર્યું હતું.

એવી ચર્ચા થઈ રહી છે કે રાજ ઠાકરે શિવસેનાના દશેરા મેળાવડામાં હાજર રહેશે. જોકે, બાળા નાંદગાંવકરે આ શક્યતાને રદિયો આપતાં કહ્યું હતું કે, 'આ તેમની પાર્ટીનો કાર્યક્રમ છે. તેમની દશેરા પર ભેગા થવાની પરંપરા છે. અમારો મેળાવડો ગુડી પડવા પર થાય છે. તેથી મને નથી લાગતું કે કોઈ કોઈના મંચ પર જશે અને પોતાની વિચારધારા રજૂ કરશે. તેઓ પોતાના મંચ પર પોતાની વિચારધારા રજૂ કરશે.

**ઉદ્ધવ ઠાકરે ગઠબંધન માટે તૈયાર છે**

આ દરમિયાન, નાંદગાંવકરે એવો ઉલ્લેખ કર્યો હતો કે ઉદ્ધવ ઠાકરે ગઠબંધન માટે અનુકૂળ છે. 'જો તમે ઉદ્ધવ ઠાકરેનું વલણ જુઓ, તો તે એ છે કે બંને ભાઈઓએ સાથે આવવું જોઈએ. તેથી તેઓ તેના માટે કંઈ પણ કરવા તૈયાર છે. પરંતુ અમારી પાસે હજુ સુધી આ અંગે કોઈ સીધી ચર્ચા થઈ નથી,' એમ તેમણે જણાવ્યું હતું.

**ઠાકરે ભાઈઓ એક સાથે આવશે, પરંતુ કોંગ્રેસનું શું?**

ઠાકરે બંધુઓના એક થવાની ચર્ચાની સાથે, આ સંદર્ભમાં કોંગ્રેસની ભૂમિકા પર પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે. રાજ ઠાકરે કોંગ્રેસનો વિરોધ કરી રહ્યા છે. જોકે, રાજ્યના કોંગ્રેસના નેતાઓએ એવું વલણ અપનાવ્યું છે કે આ સંદર્ભમાં અંતિમ નિર્ણય પાર્ટી હાઇકમાન્ડ લેશે. જો આ સાઇડલાઇન હીરો રાજ ઠાકરે એમવીએ (મહાવિકાસ આઘાડી)માં જોડાવા અંગે કોંગ્રેસ સકારાત્મકતા બતાવે છે, તો મનસેની ભૂમિકા શું હશે? એવા સવાલના જવાબમાં બાળા નાંદગાંવકરે જણાવ્યું હતું કે, 'જો કોંગ્રેસ તૈયારી બતાવે તો મનસે એમવીએમાં જોડાશે કે નહીં તે પાર્ટીના વડાનો વિષય છે. મારા માટે તેના પર બોલવું યોગ્ય નથી. ફક્ત પાર્ટીના વડા જ તેના પર બોલી શકે છે. વિચારધારા, ધ્યેયો અને દિશામાં તફાવત છે. રાજ ઠાકરે તેનો વિચાર કર્યા પછી નિર્ણય લેશે.'

**સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ વિશે શું?**

નાંદગાંવકરે એવી સ્પષ્ટતા કરી હતી કે બંને પક્ષો હજુ સુધી એકત્ર થયા નથી. 'જ્યારે ચૂંટણીઓની જાહેરાત હજુ સુધી થઈ નથી ત્યારે આ બાબતે બોલવું યોગ્ય નથી. જોકે, સ્થાનિક ચૂંટણીઓના કિસ્સામાં, સ્થાનિક નેતાઓ સાથે ચર્ચા વિચારણા કર્યા પછી નિર્ણય લેવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું.

## જન્મ પ્રમાણપત્ર

નોંધણી અધિનિયમ, ૨૦૨૩ તેમજ બંધારણની કલમ ૧૪, ૧૯ અને ૨૧નું ઉલ્લંઘન કરે છે એવો આરોપ અરજદારોએ કર્યો હતો. એપીસીઆરના જનરલ સેક્રેટરી શાકિર શેખે જણાવ્યું હતું કે સરકારના નિર્દેશોથી સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલીઓ પડી છે. ૧૭ માર્ચના આદેશમાં સુનાવણીની તક આપ્યા વિના હજારો જન્મ પ્રમાણપત્રો રદ કરવામાં આવ્યા હતા. આ પગલાથી ખાસ કરીને ગરીબ અને વંચિતોમાં વ્યાપક તકલીફ થઈ છે, કારણ કે આધાર, મતદાર ઓળખપત્ર, શાળામાં પ્રવેશ અને પાસપોર્ટ વગેરે મેળવવા માટે જન્મ પ્રમાણપત્ર જરૂરી છે.

પોતાને ભારતીય નાગરિક તરીકે બતાવવા માટે બાંગ્લાદેશી નાગરિકોએ હજારો નકલી જન્મ પ્રમાણપત્રો મેળવ્યા હોવાના ભાજપ નેતાના દાવાને પગલે જન્મ પ્રમાણપત્ર રદ કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

## ઓસી વગરની

અથવા વિકાસકર્તાઓ દ્વારા કરવામાં આવેલી ભૂલોને કારણે આ સમસ્યાઓ ઊભી થઈ હતી. 'નગર વિકાસ વિભાગ બીજી ઓક્ટોબરથી આવી સમસ્યાઓનો ઉકેલ લાવવા અને સરળ રીતે ઓસી આપવા માટે નવી નીતિ લાગુ કરશે,' એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, બાંધકામ દરમિયાન ટેકનિકલ અથવા વહીવટી ભૂલો, ફ્લોર સ્પેસમાં વિસંગતીઓ, 'સેટબેક સમસ્યાઓ' અથવા નિયમોમાં ફેરફારને કારણે ઓસી રોકવામાં આવેલી ઇમારતો હવે રાહત માટે પાત્ર રહેશે.

'ડેવલપર્સ જરૂરી ફ્લેટ અથવા જગ્યાઓ અધિકારીઓને સોંપવામાં નિષ્ફળ ગયા હોય તેવા કિસ્સાઓમાં પણ, રહેવાસીઓને દંડ કરવામાં આવશે નહીં. પ્રક્રિયા પારદર્શક અને ઓનલાઈન પદ્ધતિએ હાથ ધરવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું.

મંત્રીએ હાઉસિંગ સોસાયટીઓને ઓસી માટે અરજી કરવાની પહેલ કરવા વિનંતી કરી હતી.

'સોસાયટી નવી નીતિ હેઠળ પાર્ટ-ઓસી માટે સંયુક્ત રીતે અથવા વ્યક્તિગત રીતે અરજી કરી શકે છે. જો પ્રથમ છ મહિનાની અંદર અરજી સબમિટ કરવામાં આવે છે, તો કોઈ દંડ લાદવામાં આવશે નહીં. જો કે, વધારાના એફએસઆઈ (ફ્લોર સ્પેસ ઇન્ડેક્સ) ઉપયોગના કિસ્સામાં, લાગુ પ્રીમિયમ ચૂકવવું પડશે,' એમ શેલારે જણાવ્યું હતું.

## લાડકી બહેનનો

સફળતાપૂર્વક આગળ વધી રહી છે. ટૂંક સમયમાં, આ યોજનાના તમામ પાત્ર લાભાર્થીઓના આધાર-લિંક્ડ બેંક ખાતાઓમાં સન્માન ભંડોળનું વિતરણ કરવામાં આવશે.

### લાડકી બહેનોને ૨૧૦૦ રૂપિયા ક્યારે મળશે?

મહાયુતિ સરકારે વિધાનસભા ચૂંટણી પહેલા લાડકી બહેનોને ૧૫૦૦ રૂપિયાને બદલે ૨૧૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. જોકે, લાડકી બહેનોને ૧૫૦૦ રૂપિયાને બદલે ૨૧૦૦ રૂપિયા ક્યારે આપવામાં આવશે? તે બાબતે સરકારે હજુ સુધી આ અંગે કોઈ સ્પષ્ટતા આપી નથી. થોડા દિવસો પહેલા અદિતિ તટકરેને મીડિયા પ્રતિનિધિઓ દ્વારા આ સંદર્ભમાં એક સવાલ પૂછવામાં આવ્યો હતો. તે સમયે અદિતિ તટકરેએ કહ્યું હતું કે, 'અમે આ અંગે ઘણી વખત સ્પષ્ટતા કરી ચૂક્યા છીએ.

ઉપરાંત, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પણ સ્પષ્ટતા કરી છે. નવા બજેટમાં, લાડકી બહેનોને ૨૧૦૦ રૂપિયા આપવા પર સકારાત્મક વિચાર કરવામાં આવશે. જોકે, હાલ પૂરતું, અમે લાડકી બહેનોને ૧૫૦૦ રૂપિયાનો લાભ આપીશું,' એમ કેબિનેટ પ્રધાન અદિતિ તટકરેએ કહ્યું હતું.

## મરાઠા સમાજ

સહાય પૂરી પાડવામાં આવી રહી છે. મરાઠા સમાજ પછાત સમાજ નથી, તે એક સવર્ણ સમાજ છે. તેમને મરાઠા કે કુણબી મરાઠા તરીકે ઓબીસીમાં સમાવી શકાય નહીં.

છગન ભુજબળે એવી ચેતવણી ઉચ્ચારી હતી કે સરકારે બીજી સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલો જીઆર તાત્કાલિક રદ કરવો જોઈએ. નહીં તો રાજ્યમાં અરાજકતા ફેલાવાની શક્યતા છે. તેમણે રાજ્ય સરકારને ૧૭ સપ્ટેમ્બર સુધીનું અલ્ટિમેટમ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે 'સગા' અને 'સંબંધી' વચ્ચે તફાવત છે. ઉપરાંત, 'કુળ' શબ્દની કોઈ સ્પષ્ટ વ્યાખ્યા નથી.

તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી હતી કે તેમણે કોઈપણ દબાણ હેઠળ આવીને મરાઠા સમાજને ઓબીસીનો લાભ આપવાનો નિર્ણય લેવો જોઈએ નહીં.

**મરાઠા સમુદાયને બજેટમાં ૬૦૨.૪૪ કરોડ રૂપિયા મળ્યા**

આ વર્ષે મરાઠા સમુદાયને બજેટમાં ૬૦૨.૪૪ કરોડ રૂપિયા મળ્યા છે. દરમિયાન, ગયા વર્ષથી મહાજ્યોતિના પૈસા અટવાયેલા છે, એમ ભુજબળે કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે દર વર્ષે એવું થઈ રહ્યું છે કે ૮૯૫ કરોડ રૂપિયા માગવામાં આવ્યા હતા, ફક્ત ૨૬૭ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા, ૬૦ ટકા પૈસા કાપી નાખવામાં આવ્યા હતા. અમે ગઈકાલે નાણા સચિવને આ અંગે પૂછ્યું હતું. મારો ઝઘડો મુખ્ય પ્રધાન કે અન્ય કોઈ પ્રધાન સાથે નથી. ભુજબળે એમ પણ કહ્યું હતું કે મારે મુખ્ય પ્રધાન સાથે અબોલા નથી.

**પછાત વર્ગનું પ્રમાણપત્ર ખોટી રીતે મેળવવું એ દુર્ભાગ્યપૂર્ણ**

હું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનું સન્માન કરું છું, તેમનો ઈરાદો સારો હોઈ શકે છે, તેઓ એક અભ્યાસુ વ્યક્તિ છે. પરંતુ જે રીતે (જીઆરનું) ડ્રાફ્ટિંગ કરવામાં આવ્યું છે, અમે વિદ્વાનો સાથે વાત કરી છે, તેમણે કહ્યું છે કે આ સમસ્યારૂપ બન્યું છે. પહેલો જીઆર એ હતો કે મરાઠા સમુદાયના પાત્ર વ્યક્તિઓને કુણબી પ્રમાણપત્ર આપવા, પછી મનોજ જરાંગે કહ્યું એટલે પાત્ર શબ્દ કાઢી નાખવામાં આવ્યો. આમાં શું સમજવું? એવો સવાલ ભુજબળે કર્યો હતો. ત્રણ કમિશને તેને (પછાતનો દાવો) નકારી કાઢ્યો છે. પંચાવન વર્ષથી એવું કહેવામાં આવી રહ્યું છે. મરાઠા સમુદાયના ઘણા મુખ્ય પ્રધાનો થઈ ગયા અને તેમાંથી કેટલાક કેન્દ્રમાં પણ પ્રધાનપદું ભોગવ્યું છે, પરંતુ તેઓ આવું કરી શક્યા નથી એવું કહેવાઈ રહ્યું છે એમ જણાવતાં ભુજબળે કહ્યું હતું કે પછાત વર્ગના પ્રમાણપત્રો ખોટી રીતે મેળવવામાં આવે છે તે અત્યંત કમનસીબ છે.

**મરાઠા સમુદાય પછાત સમુદાય નથી**

કેટલાક કમિશને કહ્યું છે કે મરાઠા સમુદાયને આવા પ્રમાણપત્રો આપી શકાતા નથી. કોર્ટે અવલોકન કર્યું છે કે મરાઠા સમુદાય પછાત સમુદાય નથી, તે એક વિકસિત સમુદાય છે. તેઓ મરાઠા કે કુણબી મરાઠા તરીકે પણ આવી શકતા નથી. ૩ કમિશને આને નકારી કાઢ્યું છે. ૧૯૫૫ થી એવું કહેવામાં આવી રહ્યું છે. કોર્ટનું અવલોકન વાંચીને તેમણે કહ્યું હતું કે પછાત વર્ગના પ્રમાણપત્રો ખોટા માધ્યમથી મેળવવામાં આવે છે.

**જીઆર પાછો ખેંચો, નહીંતર**

છગન ભુજબળે વધુમાં કહ્યું કે અમે સરકારને પત્ર આપ્યો છે. નિર્ણય લેતા પહેલા, જીઆર બીજી સપ્ટેમ્બરે જારી કરવામાં આવ્યો હતો, તે મીડિયા અને એક સમુદાયના દબાણ હેઠળ જારી કરવામાં આવ્યો હતો. વાંધો નોંધાવ્યા વિના કે સૂચનો માંગ્યા વિના નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકારે પહેલાથી જ ૧૦ ટકા અનામત આપી દીધી છે. તેથી, મરાઠા સમુદાયને ફરીથી ઓબીસીમાં સમાવવાનું ગેરકાયદે છે. સરકારી નિર્ણય મૂંઝવણભર્યો છે. શિંદે સમિતિએ ૪૭ હજાર ૮૪૫ રેકોર્ડનો અભ્યાસ કર્યા પછી ૨ લાખ ૩૯ હજાર જાતિ પ્રમાણપત્રો આપ્યા છે. સરકારે અગાઉ સંબંધની વ્યાખ્યા સ્પષ્ટ કરી છે. પરંતુ તેમાં તેનો ઉલ્લેખ નથી. કુળ શબ્દનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરંતુ તેમાં ક્યાંય પણ સંબંધી નથી. ફક્ત સોગંદનામાને આધારે અનામત આપી શકાતી નથી. આ જીઆર તણાવ પેદા કરી શકે છે. તેમણે એવી પણ માંગણી કરી છે કે જીઆરમાં રહેલી અસ્પષ્ટતા દૂર કરવી જોઈએ અથવા જીઆર પાછો ખેંચવો જોઈએ.

**હવે વણજારા માટે અનામતની શરદ પવાર જૂથની માંગણી**

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વણજારા સમુદાયને હૈદરાબાદ ગેઝેટ મુજબ અનામત અને અનુસૂચિત જનજાતિ (એસટી)નો દરજ્જો આપવો જોઈએ એવી માગણી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડએ કરી છે.

વિપક્ષી પાર્ટીના વિધાનસભ્યએ દાવો કર્યો હતો કે આંધ્ર પ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં વણજારા સમુદાય એસટી કેટેગરીમાં આવે છે. બીજી સપ્ટેમ્બરે મહારાષ્ટ્ર સરકારે હૈદરાબાદ ગેઝેટ પર એક ઠરાવ બહાર પાડી મરાઠાઓને કુણબી જાતિના સર્ટિફિકેટો જારી કરવાની સુવિધા માટે એક સમિતિની રચના કરવાની જાહેરાત કરી હતી. ભૂતકાળમાં કુણબી તરીકે માન્યતા આપતા દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં સક્ષમ છે એ સર્ટિફિકેટ માટે પાત્ર ઠરશે.

વણજારા સમુદાયને અનુસૂચિત જનજાતિનો દરજ્જો અને અનામત આપવા જોઈએ એવું બુધવારે સંવાદદાતાઓને જણાવતા આવ્હાડએ ઉમેર્યું હતું કે હું લાંબા સમયથી આ માગણી કરી રહ્યો છું અને તમામ પુરાવા પણ દર્શાવવામાં આવ્યા છે. (પીટીઆઈ)

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. શાંતાબેન મણિલાલ દડિયાના સુપુત્ર સ્વ. પ્રફુલભાઇના ધર્મપત્ની પ્રતિભાબેન (ઉં. વ. ૭૬) તા. ૧૦-૯-૨૫ બુધવારના દેહપરિવર્તન થયેલ છે. તે તરંગ, જેસલના માતુશ્રી. ક્રિષ્ણા તથા દિપેશભાઇ જોબાલીયાના સાસુ. સ્વ. ધીરજલાલ, સ્વ. હસમુખભાઇ, જયંતભાઇ, સ્વ. હંસાબેન ગુણવંતરાય શાહ, સુધાબેન પ્રદીપભાઇ કોઠારી, કોકિલાબેન મહેશકુમારના શેઠના ભાભી. પિયરપક્ષ સ્વ. ધનલક્ષ્મીબેન ગીરધરલાલ પંચમિયાના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૧૫૦૨, સ્મિતા બિલ્ડિંગ, આર.બી. મહેતા રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ખોપાળા (બોટાદ) નિવાસી હાલ ઘાટકોપર પ્રવીણાબેન (ઉ. વ. ૭૮) તે હસમુખલાલ અમરતલાલ શાહના ધર્મપત્ની. સ્વ. હરગોવિંદભાઇ લલ્લુભાઇ ગોસલીયાના સુપુત્રી. મયૂરી મિલન પારેખના માતુશ્રી. ભુવન તથા પ્રાતીકના નાની. સ્વ. જયાબેન નટવરલાલ ગોસલીયાના ભત્રીજી. ચેતના, જયશ્રી, જયેશ, કલ્પેશના બેન તા. ૯-૯-૨૫ના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વલ્લભીપુર નિવાસી હાલ ભાયંદર ભારતીબેન ભરતકુમાર હીરાલાલ શાહના સુપુત્ર પ્રતિક (ઉં.વ.૩૮) શનિવાર, તા. ૬-૯-૨૫ના અવસાન થયેલ છે. તે પૂનમના પતિ. નિવાર્ણના પિતા. તે રિદ્ધિ-મોક્ષા-રિચાના ભાઇ. મોટી ખેરાળી અમૃતલાલ જેચંદભાઇ દોશીના મોસાળપક્ષે ભાણેજ. તે સરોજબેન ફકીરચંદના જમાઇ. તેમની બેસરાણ તા. ૧૪-૯-૨૫ના રવિવારે સવારે ૧૦.૩૦થી ૧૨. ઠે. રાજસ્થાન હોલ, ૬૦ ફીટ રોડ, નવરંગ હોટેલની બાજુમાં, ભાયંદર (વેસ્ટ).

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

રૂપાવટી નિવાસી હાલ બોરીવલી સ્વ. નંદલાલ કનૈયાલાલ શાહ (ગોડી)ના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૮૫). તે ગીરીશ, મનહર, જયેશ તથા કીરીટના માતુશ્રી. રક્ષા, દિપ્તી, બીના અને રીન્કુના સાસુ. પિયરપક્ષે વેળાવદર નિવાસી હાલ-મુંબઇ જાગાણી પ્રભુદાસભાઇ તથા છોટાલાલના બહેન. સ્વ. શારદાબેન, ચંપકલાલ, રંજનબેન મગનલાલ, સરોજબેન ભૂપેન્દ્રભાઇ, ગુણવંતીબેન ચંદુલાલ શાહના ભાભી. ઝેબા-અક્ષય, નિકીતા અનુજ, મીરલ રાજીવકુમાર, મન, ધ્રુમી, દિશા, સ્તુતી, શ્રીયાના દાદી તા. ૧૦-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનસભા તા. ૧૩-૯-૨૫ના શનિવારના ૧૦થી ૧૨. ઠે. લોટસ બેન્કવેટ, ૪થા માળે, રઘુલીલા મેઘા મોલ, પોઇસર બસ ડેપો પાછળ, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગરવાળા (દાઠાવાળા) હાલ અંધેરી (પૂર્વ) ભોગીલાલ મણિલાલ શાહ (દાઠાવાળા) (ઉં. વ. ૮૭) તા. ૧૦-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ઇન્દુબેનના પતિ. નીતા જયેન્દ્ર શાહ અને સ્વ. યોગેશભાઇના પિતાશ્રી. જયેન્દ્રભાઇ (રાજુભાઇ) નગીનદાસના સસરા. સ્વ. રમેશભાઇ, સ્વ. શશીભાઇ, સ્વ. નિર્મળાબેન, સ્વ. પ્રમિલાબેન, સ્વ. મંજુલાબેન, સ્વ. નીરુબેન, સ્વ. પ્રવિણાબેન, જ્યોતિબેન અને મીનાના ભાઇ. તે મધુબેન રમેશભાઇ (ભાવનગર) અને રંજનબેન શશીકાંતભાઇ (ચેન્નઇ)ના જેઠ. મોહનલાલ છગનલાલ દોશી (મહુવાવાળા)ના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ ગોરેગાંવ, સ્વ. પાર્વતીબેન હિંમતલાલ શેઠના સુપુત્ર જયેન્દ્ર શેઠ (ઉં.વ. ૮૫) તે ઉષાબેનના પતિ. નયનેશ, તુષાર, માધવી જતીનભાઈ મહેતાના પિતાશ્રી. દીપિબેન અને પલ્લવીબેનના સસરા. લીલાવંતીબેન, સ્વ. હંસાબેન, ભાનુબેન, શરદભાઈ, સગુણાબેન, બકુલાબેનના ભાઈ. રોહિશાળા નિવાસી સ્વ. ભગવાનદાસ લક્ષ્મીચંદ શાહના જમાઈ. તા. ૧૦-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૨-૯-૨૫ને શુક્રવાર ૪.૦૦ થી ૬.૦૦. જવાહર નગર હોલ, સિટી સેન્ટરની સામે, એસ. વી. રોડ, ગોરેગામ વેસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડીયાના સુમિત હરખચંદ ગાલા(હિરાણી) (ઉં.વ. ૩૮) સોમવાર, તા. ૮-૯-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. હિરુબેન પ્રેમજીના પૌત્ર. માતુશ્રી દમયંતીબેન હરખચંદના સુપુત્ર. રૂચીના પતિ. ચિ. રીશાનના પિતા. મયુરીના ભાઈ. સુવઈના અ.સૌ. લક્ષ્મીબેન ચંદ્રકાંત સાવલાના જમાઈ. પ્રાર્થના સભા તા. ૧૨-૯-૨૫ શુક્રવાર સવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦ સ્થળઃ યોગીસભા ગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં દાદર-ઈસ્ટ, મુંબઈ-૧૪.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ સુવઈના સ્વ. નિર્મલાબેન દામજી માંયા ગાલા (ઉં.વ. ૬૫) મંગળવાર, તા. ૯-૯-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. પાલઈબેન માંયાના પુત્રવધૂ. દામજીના ધર્મપત્ની. હિના, વૈશાલી, ભાવિન, ધવલના માતુશ્રી. સ્વ. પ્રવિણ, હિતેશ, પ્રિયંકાના સાસુ. તક્ષના દાદી. નૂ. ત્રંબૌના સ્વ. સતીબેન ભચુ દેવશી સત્રાના દિકરી. પ્રાર્થના સભા તા. ૧૨-૯-૨૫ શુક્રવાર સમય ૧૦.૩૦ થી ૧૨ સ્થળ. શ્રી. થાણા વર્ધમાન સ્થા. નૌકાવિહારની સામે, થાણા.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કપાયાના રંજનબેન હરખચંદ કેનિયા (ઉં.વ. ૭૩) તા. ૧૦-૯-૨૫ના દેવલોક પામ્યા છે. મઠાબાઈ પોપટલાલના પુત્રવધૂ. આશા, શિલ્પા, નિતેશના માતુશ્રી. નેણબાઈ કુરપારના પુત્રી. નાનજી, કિશોર, દિનેશ, સુરેશ, બારોઈ રૂક્ષ્મણી મુલચંદ, સાડાઉ જૈવંતી તલકશીના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. નીતેશ કેનીયા, એ-૪૦૩, સાંઈ આશા દીપ, એસ.એલ. રોડ, મુલુંડ (વે.).

નાના ભાડીયાના મંજુલા (વિમળા) મનસુખલાલ છેડા (ઉં.વ. ૭૮) તા. ૧૦-૯-૨૫નાં અવસાન પામેલ છે. માતુશ્રી મોંઘીબેન લાલજી વેલજી છેડાના પુત્રવધૂ. મનસુખલાલના ધર્મપત્ની. સંજય, મોના, કાનન (કોમલ)ના માતુશ્રી. ભુજપુરના પાનબાઇ નરશીના પુત્રી. મેઘજી, હંસરાજ, લક્ષ્મીચંદ, ભવાનજી, રમણીક, દિનેશ, દેશલપરના રૂક્ષ્મણી માવજી, ફરાદીના પુષ્પા પોપટલાલ, સાડાઉના સુશીલા જયંતીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સંજય છેડા, ૨૦, વરદ્ વિનાયક દર્શન, સ્ટાર કોલોની, ડોંબીવલી (ઇ.).

નવાવાસ (દુર્ગાપુર)ના શ્રી નેમચંદ શાહ (છેડા) (ઉં.વ. ૮૫) તા. ૧૦-૯-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન / લીલબાઈ ભવાનજીના સુપુત્ર. વિમળાબેનના પતિ. યોગેશ, રાજેશ (ગૌતમ)ના પિતા. કિશોર, હેમલતા, તરૂલતા, નિર્મલા, જ્યોતિના ભાઈ. મેરાઉ સુંદરબેન હિરજી કારૂ વિસરીયાના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. રાજેશ શાહ, ૪/બી/૬, સોનાવાલા બિલ્ડીંગ, તારદેવ, મુંબઈ-૦૭.

## પારસી મરણ

ડો. દીનયાર હોમી અમરોલીયા તે પરસીસના ખાવીંદ. તે મરહુમો ગુલ ને હોમી અમરોલીયાના દીકરા. તે ફરઝીન ને રોકશેનના માતાજી. તે જોસીપાના સસરા. તે શેહેરૂ ને મરહુમ સીલ્લુના ભાઇ. તે ઓપલના બપાવાજી. (ઉં. વ. ૮૭) રે. ઠે. કેલેગરી અલબેરીયા કેનેડા.

કેરસી માનેકશા દારૂવાલા તે અરનાવાઝના ધની. તે મરહુમો ધનમાય માનેકશા દારૂવાલાના દીકરા. તે ખુશરુના પપા. તે રીનાના સસરા. તે મરહુમો જીમી, હોસી, અદી, ફ્રેની, દીનાઝ ને આબાનના ભાઇ. તે ફીઝા ને કયાનાના બપાવા. (ઉં.વ. ૮૫) રે. ઠે. ૮૧૧/૨૩, જામે જમશેદ રોડ, દાદર (ઇ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૨-૯-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

## હિન્દુ મરણ

**કપોળ**

જાફરાબાદવાળા હાલ મુંબઇ સ્વ. જસુભાઇ મુળજીભાઇ ગોરડીઆના પત્ની ગં.સ્વ. જ્યોત્સનાબેન (ઉં. વ. ૮૦) તે નેહા તથા નીરવના માતા. હેરવે તથા ઝરીનાના સાસુ. સ્વ. વસંતબેન, સ્વ. ગુલાબબેન, સ્વ. નિર્મલાબેન, સ્વ. નિરંજનભાઇ તથા સ્વ. પ્રવીણભાઇના ભાભી. હર્ષદભાઇ, સ્વ. દમયંતીબેન, વસંતબેન, પંકજભાઇના બહેન. યોહાન તથા રેયાનના દાદી મંગળવાર, તા. ૯-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૪-૯-૨૫ના આર્ય સમાજ હોલ, વી. પી. રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ), ૫થી ૭. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**જનોડ એકડા વિશા ખડાયતા**

મુંબઇ બોરીવલી અ. સૌ. મયૂરીબેન શાહ (ઉં. વ. ૬૯) તે અશોકકુમાર ઓચ્છવલાલ શાહ (ખારોલવાળા)ના ધર્મપત્ની. પ્રિન્સ તથા શિવાલીના માતુશ્રી. ધ્વનિ અને સમીરકુમારના સાસુ. ટીયારા, કિયારા અને નમનના દાદી. કેશવકાંત જી. પરીખ ખંભાતની સુપુત્રી તા. ૭-૯-૨૫ને રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૯-૨૫ શનિવારના ૪થી ૫.૩૦. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ગ્રાઉન્ડ ફ્લોર (એલ.ટી.રોડ), ડાયમંડ ટોકીઝની સામે, બોરવલી (વે). પિયર પક્ષ તરફથી પ્રાર્થનાસભા તે જ સ્થળે અને તે જ સમયે રાખેલ છે.

**હાલાઇ ભાટીયા**

મુંબઇ નિવાસી ધરમશી (બાબાભાઇ) જમનાદાસ કાપડિયા (ગોકળગાંધી-પોરબંદરવાળા) (ઉં. વ. ૮૫) તે સુધાબેનના પતિ. સ્વ. હીરજીભાઇ પુરુષોતમ કાપડિયા (ચપર)ના જમાઇ. સ્વ. લલિતભાઇ, દિનેશભાઇ, રણજીતભાઇ અને સ્વ. તરલાબેનના ભાઇ. જિતેશ, જિજ્ઞેશ, રાજેશના પિતાશ્રી. સૌ. સુજાતા, સૌ. દેવહુતી અને સૌ. દિપાલીના સસરા. નિધી, નીતી, પ્રથમના દાદા તા. ૯-૯-૨૫ મંગળવારના શારજાહ (યુએઇ)ખાતે શ્રીજીનાચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી મોઢ વણિક**

સાવરકુંડલા નિવાસી હાલ વાશી સ્વ. કાંતાબેન કાંતિલાલ ગાંધીના સુપુત્ર સુરેશભાઇ તે કોકીલાબેનના પતિ. કસ્તુરીબેન અમુલખભાઇ શાહના જમાઇ. નિમિષા શશાંક જૈન, બીના મુકેશ પારેખ, કવિતા મેહુલ પરીખના પિતાશ્રી. મહેશભાઇ, ગીરીશભાઇ, હંસાબેન, રશ્મિનભાઇના ભાઇ. સલોની, માનવ, ભાવિકા તથા દેવના નાના તા. ૧૦-૯-૨૫ના શ્રીજીચરણ થયેલ છે, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલી નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. હિંમતલાલ વનમાળીદાસ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. દમયંતીબેન (ઉં.વ. ૮૫) તા. ૯/૯/૨૫ના મંગળવાર શ્રીજીચરણ પામેલા છે. તે વિનોદ - રાજેશ, સ્વ. ચંદ્રીકા ચંદ્રકાન્ત ગાંધી, માલતી ભાસ્કર મહેતા, ગીતા મુકુંદ મહેતા, ઉષા વિપુલ મહેતા, લતા ઉદય શેઠના માતુશ્રી. નીતા-આરતીના સાસુ. હિરલ - સલોની -હર્ષિલના દાદી. પાર્વતીબેન અમીદાસ પારેખના દિકરી. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩-૯-૨૫, શનિવારે ૫ થી ૭. દૈવી ઇન્ટરનિટી, ચોથે માળે સાઈબાબાનગર, એમ. કે. એન ભાટીયા હાઈસ્કૂલ, કૃપાનિધી હવેલીની બાજુમાં, હીના ઈલેગન્સની પછી, બોરીવલી વેસ્ટ.

**દશા ઓસવાલ ભંડારી**

ગોયમા નિવાસી હાલ દહિસર વેસ્ટ, જયંતિલાલ ચુનીલાલ શાહ (ઉં.વ. ૮૩) તા. ૧૦/૯/૨૫ના બુધવારે અરિહંતશરણ પામેલ છે. તે પિનાકીન, અંકુર, રેશ્માના પિતા. મનોજભાઈના ભાઈ. સરોજબેનના દિયર. જ્યોત્સનાબેનના જેઠ. ભાવિની, સપના, નિશાંતકુમારના સસરા. ટીશા, હિયા, ધ્રુનના દાદા. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૨/૯/૨૫ના ૩ થી ૫. પ્રાર્થનાસભા શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ગ્રાઉન્ડ ફ્લોર, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**દશા સોરઠિયા વણિક**

હાલ બોરીવલી, અ.સૌ. પીનલ વિવેક તારાપરા (ઉં.વ. ૩૪ ) તા. ૭/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સૌ. મધુબેન તથા વિનોદભાઈ મગનલાલ તારાપરાના પુત્રવધૂ. અનાયાના માતુશ્રી. ગં.સ્વ. ભાવનાબેન મહેન્દ્રભાઈ, સૌ. રીટાબેન જીતેન્દ્રભાઈ, સૌ. કામીનીબેન દિપકભાઈ તારાપર, સ્વ. જાગૃતિબેન દિલીપભાઈના ભત્રીજાવહુ. અ. સૌ. ચૌતાલી પીયૂષકુમાર વૈદ્યના ભાભી. ગં. સ્વ. મધુબેન રાજેશકુમાર મલકાણનાં દીકરી. પ્રાર્થનાસભા શુક્રવાર, ૧૨/૯/૨૫ના ૪ થી ૬. પહેલે માળે, પાવનધામ, મહાવીરનગર, તેંડુલકર સ્પોટર્સ ક્લબ પાસે, કાંદિવલી વેસ્ટ.

**લોહાણા**

મૂળ ગામ માધવપુર, હાલ બોરીવલી વલસાડ, નારાયણભાઈ (ઉં.વ. ૭૩) ગો.વા. કાન્તાબહેન મોહનલાલ રૂપારેલિયાના સુપુત્ર. સ્મિતાબહેનના પતિ. મેહુલભાઈના પિતા. ગો.વા. પ્રતાપભાઈ, ગો.વા. નવનીતભાઈ, હિનાબહેન ચેતનભાઈ માવાણી, દેવિકાબહેન જયેશભાઈ કારિયાના ભાઈ. ગો.વા. ચીમનલાલ મેઘજીભાઈ અઢિયાના જમાઈ. મંગળવાર, તા. ૯/૯/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખી નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

મૂળ ભરૂચના, હાલ મુંબઈ ગં. સ્વ. ચંપાબેન ગોવિંદલાલ શાહ (ઉં.વ. ૯૫) તા. ૧૦ સપ્ટેમ્બરે શ્રીજીચરણ પામ્યા છે. તે મીનાબેન ચંદ્રકાંત ભગત, દક્ષાબેન ચંદ્રેશ શાહના માતા. ગિરીશભાઈ મોહનલાલ શાહ, સ્વ. રમીલાબેન, સ્વ. સુશીલાબેનના ભાભી. ભાવેશ, વિશાલ, જેતલ, અદિતી, અનુજાના નાની. તળાજાના સ્વ. વૃંદાવનદાસ રતિલાલ દોશી, સ્વ. પ્રતાપરાય રતિલાલ દોશી, સ્વ. સરસ્વતીબેન મોદીના બહેન. પ્રાર્થનાસભા નથી. લૌકિક ક્રિયા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

### પાલિકા ચૂંટણીનું ગતકડુંઃ લાખો મુંબઈગરાને મોટી રાહત

# ઓસી વગરની ૨૫,૦૦૦થી વધુ ઈમારતને નિયમિત કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન અને મુંબઈ ઉપનગર જિલ્લાના પાલક પ્રધાન આશિષ શેલારે ગુરુવારે જણાવ્યું હતું કે મહાનગરમાં ૨૫,૦૦૦થી વધુ ઇમારતો એવી છે જેમને લાંબા સમયથી ઓક્યુપેશન સર્ટિફિકેટ (ઓસી) નકારવામાં આવી છે, આ બધી ઈમારતોને ટૂંક સમયમાં નવી સરકારી નીતિ હેઠળ નિયમિત કરવામાં આવશે.

આગામી પાલિકાની ચૂંટણીઓ પહેલાં લેવાયેલું આ પગલું, લાખો મુંબઈગરાને મોટી રાહત આપશે જેઓ વર્ષોથી આવી ઇમારતોમાં રહેતા હતા, પરંતુ તકનીકી રીતે તેમને 'અનધિકૃત કબજેદારો' ગણવામાં આવતા હતા.

તેમણે જણાવ્યું હતું કે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી), નગર વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ અને સહકાર વિભાગની બેઠક દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

'બીએમસીના વિકાસ નિયંત્રણ નિયમો તેમજ મ્હાડા, એસઆરએ અને અન્ય સત્તાવાળાઓના પ્રોજેક્ટ્સ હેઠળ બાંધવામાં આવેલી ઇમારતોને ઓસી આપવા માટે એક નીતિ બનાવવામાં આવી રહી છે. અનેક કારણોસર, આવી ઇમારતોને પ્રમાણપત્રો મળ્યા નથી,' એમ શેલારે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભૂતકાળના નિયમોમાં ખામીઓ

(જુઓ પાનું ૪) ▶▶

# મરાઠા સમાજ સવર્ણ, પછાત નથીઃ ભુજબળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હું કેબિનેટની બેઠકમાં કહેતો રહ્યો છું કે તેઓ (રાજ્ય સરકાર) મરાઠા સમાજને જે આપે છે તે અમને આપો, એવા શબ્દોમાં રાજ્યના અન્ન અને નાગરી પુરવઠા ખાતાના પ્રધાન છગન ભુજબળે ઓબીસી સમાજ સાથે થઈ રહેલા અન્યાયની વાત કરતાં કહ્યું હતું કે 'તમે તમારા પોતાના કાયદા તોડી રહ્યા છો, શું આને સમાન ન્યાય કહેવાય? સરકારે કોઈના દબાણ હેઠળ કામ ન કરવું જોઈએ. અમે શપથ લઈએ છીએ કે અમે કોઈના દબાણ હેઠળ કામ કરીશું નહીં અને કોઈના પર પક્ષપાત કરીશું નહીં. જેમ આજે શિક્ષણમાં ઓબીસીને અડધી ફી માફી મળી રહી છે, તેવી જ રીતે મરાઠા સમાજને પણ તે જ મળી રહ્યું છે. સારથી સંસ્થા અને અન્નાસાહેબ પાટિલ મહામંડળ દ્વારા

(જુઓ પાનું ૪) ▶▶

# જન્મ પ્રમાણપત્ર રદ કરવા અંગેના જીઆરને પડકારતી હાઇ કોર્ટમાં અરજી

### મહારાષ્ટ્ર સરકારને નોટિસ

મુંબઈઃ ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩ પછી નાયબ મામલતદારો દ્વારા જારી કરવામાં આવેલા તમામ જન્મ પ્રમાણપત્રો (બર્થ સર્ટિફિકેટ)ને રદ કરવાના સરકારી ઠરાવ (જીઆર)ને પડકારતી અરજી કરવા અંગે બોમ્બે હાઈ કોર્ટે મહારાષ્ટ્ર સરકારને નોટિસ ફટકારી છે.

હાઈ કોર્ટની નાગપુર બેન્ચે નવમી સપ્ટેમ્બરે સરકાર તેમજ મુખ્ય સચિવ અને કલેક્ટર સહિત તેના અધિકારીઓને નોટિસ ફટકારી બે અઠવાડિયામાં જવાબ માગ્યો છે. આ વર્ષે ૧૨ માર્ચના સરકારી ઠરાવ (જીઆર) અને ત્યારબાદના ૧૭ માર્ચના આદેશમાં નિર્દેશ આપવામાં આવ્યો હતો કે ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩ પછી નાયબ મામલતદારો દ્વારા જારી કરાયેલા તમામ જન્મ પ્રમાણપત્રો રદ કરવામાં આવે. હાઈ કોર્ટ એસોસિએશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઇટ્સ (એપીસીઆર) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરી રહી હતી.

જીઆર અને ત્યારબાદનો આદેશ મનમાનીભર્યો, ગેરકાયદેસર અને જન્મ અને મૃત્યુ

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈને 'બૉમ્બે- બમ્બઈ' કહેવાનું બંધ કરોઃ મનસેની કપિલ શર્માને ચેતવણી

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)એ ગુરુવારે કોમેડિયન - એક્ટર કપિલ શર્માને તેના શોમાં મુંબઈને 'બૉમ્બે' અથવા 'બમ્બઇ' તરીકે ઉલ્લેખ કરી અપમાન કરવા બદલ ચેતવણી આપી સાફ શબ્દોમાં પરખાવી દીધું હતું કે જો આવી રજૂઆત બંધ નહીં કરવામાં આવે તો કડક આંદોલન શરૂ કરવામાં આવશે. મનસે નેતા અને પક્ષના ફિલ્મ પાંખના અધ્યક્ષ અમેય ખોપકરે મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં શર્માને ચેતવણી આપી હતી.

સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડવા ઉદ્ધવ અને રાજ ઠાકરેના પક્ષ જોડાણ કરશે એવી અટકળો વચ્ચે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે મનસે પ્રમુખ રાજ ઠાકરેના ઘરે ગયા હતા એના એક દિવસ પછી આ ચેતવણી આપવામાં આવી છે.

ખોપકરે કહ્યું હતું કે 'આ શહેરનું નામ મુંબઈ છે. કપિલ શર્માના શોમાં ઘણા સમયથી અને આ નવી સીઝન શરૂ થાય તે પહેલાં પણ આ શહેરનો ઉલ્લેખ કાયમ બૉમ્બે અથવા બમ્બઇ તરીકે કરવામાં આવે છે. એની સામે અમારો વિરોધ છે.

અમને રોષ ચડે છે. આ શહેરનું નામ મુંબઈ છે. જો તમે ચેન્નઈ, બેંગલુરુ અને કોલકાતા જેવા અન્ય શહેરોને તેમના યોગ્ય નામથી સંબોધી શકો છો, તો શા માટે અમારા શહેરનું અપમાન કરો છો?'

મનસેના નેતાએ વધુમાં જણાવ્યું હતું કે 'તમે (શર્મા) ઘણા વર્ષોથી મુંબઈમાં કામ કરી રહ્યા છો. મુંબઈ તમારી કર્મભૂમિ છે. મુંબઈના લોકો તમને પસંદ કરે છે અને તમારા શો જુએ છે. મુંબઈ અમારા દિલમાં વસે છે. આ શહેરનું અપમાન ન કરો, મુંબઈના લોકોનું અપમાન ન કરો. હું કપિલ શર્માને ચેતવણી આપી રહ્યો છું.' (પીટીઆઈ) ■

### ભારત-પાકિસ્તાન મેચ

# શિવસેના-યુબીટી ચલાવશે 'સિંદૂર રક્ષા' અભિયાન

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ગુરુવારે કહ્યું કે તેમની પાર્ટી રવિવારે એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટના ભાગ રૂપે અબુ ધાબીમાં ભારત પાકિસ્તાન વચ્ચેની મેચનો વિરોધ કરવા માટે 'સિંદૂર રક્ષા' અભિયાન યોજશે. પાકિસ્તાન સાથે ક્રિકેટ રમવું એ વિશ્વાસઘાત સમાન છે, એમ તેમણે કહ્યું.

એક્સ પર એક પોસ્ટમાં રાઉતે કહ્યું કે મહારાષ્ટ્રની હજારો મહિલાઓ વિરોધ પ્રદર્શનમાં ભાગ લેશે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને 'સિંદૂર' મોકલશે. ૨૨ એપ્રિલના પહેલગામ હુમલાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓએ ૨૬ લોકોની હત્યા કરી હતી, ત્યારબાદ ભારત દ્વારા શરૂ કરાયેલ ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે અને તેથી પડોશી રાષ્ટ્ર સાથે રમતગમતના સંબંધો અસ્વીકાર્ય છે. ભારતે પહેલગામ હુમલાનો બદલો લેવા માટે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી માળખાનો નાશ કરવામાં આવ્યો, ત્યારબાદ ૧૦ મેના રોજ બંને દેશો વચ્ચે સંમતિથી તેનો અંત લાવવામાં આવ્યો હતો.

ભાજપના પ્રધાનોના સંતાનો ચોક્કસપણે આ મેચ જોવા જશે. આ રાજદ્રોહ છે, રાઉતે દાવો કર્યો. (પીટીઆઈ) ■

### અનામતનો મામલો હજુ સળવળે છે

# મરાઠાઓને કુણબી સર્ટિફિકેટ આપવાના જીઆર વિરુદ્ધ બૉમ્બે હાઈ કોર્ટમાં ઢગલાબંધ અરજીઓ

મુંબઈઃ શિક્ષણ અને જાહેર સેવામાં અનામત મેળવવા માટે મરાઠા સમુદાયને કુણબી જાતિના સર્ટિફિકેટ આપવાના મહારાષ્ટ્ર સરકારના નિર્ણયને પડકારતી કેટલીક અરજીઓ બૉમ્બે હાઈ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે.

આ નિર્ણય વિરુદ્ધ બે નવી અરજી દાખલ કરવામાં આવી છે. અગાઉ મરાઠાઓને અન્ય પછાત વર્ગો (ઓબીસી)ની કેટેગરીમાં સમાવવા વિરુદ્ધ અરજી દાખલ કરનારી અન્ય એક વ્યક્તિએ પણ તાજેતરના સરકારના નિર્ણયને પડકારતી અરજી કરવાની માગ કરી હતી. અરજીઓમાં દાવો કરવામાં આવ્યો હતો કે સરકારનો નિર્ણય મનમાનભર્યો, ગેરબંધારણીય અને કાયદાકીય રીતે અયોગ્ય હોવાથી રદ કરવો જોઈએ.

એક અરજીમાં કહેવામાં આવ્યું છે કે અદાલતમાં પડકારવામાં આવેલા સરકારના આ ઠરાવો મરાઠા સમુદાયના સભ્યોને ખુશ કરવા અને શાંત પાડવા માટે રાજકીય હિત સિવાય બીજું કંઈ નથી. સરકાર મરાઠા સમુદાયને અનામત આપવાના મુદ્દે વિરોધાભાસી વલણ અપનાવી રહી હોવાનો દાવો પણ એમાં કરવામાં આવ્યો છે.

મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ ગૌતમ અંખડની ખંડપીઠ સમક્ષ યોગ્ય સમયે સુનાવણી માટે અરજીઓ આવે એવી સંભાવના છે. બુધવારે મનોજ સાસાનેએ મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી ખંડપીઠ સમક્ષ પોતાની અરજીનો ઉલ્લેખ કરી તેમાં સુધારો કરવાની મંજૂરી માંગી હતી જેથી તાજેતરના સરકારના ઠરાવને પણ પડકારી શકાય. (પીટીઆઈ) ■

# મુંબ્રા-કૌસામાં કાર્યવાહી કરવા ગયેલી પાલિકાની ટીમને રહેવાસીઓએ રોકી

થાણેઃ હાઇ કોર્ટના આદેશ અનુસાર થાણેમાં અનધિકૃત બાંધકામો સામે કેટલાક દિવસથી પાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી હોઇ ગુરુવારે મુંબ્રા-કૌસા વિસ્તારમાં કાર્યવાહી કરવા માટે ગયેલી પાલિકાની ટીમને રહેવાસીઓએ અધવચ્ચે રોકી રાખી હતી, જેને કારણે વિસ્તારમાં તંગદિલી ફેલાઇ હતી. રહેવાસીઓ રસ્તા પરથી ન હટતાં સ્ટેટ રિઝર્વ ફોર્સને બોલાવવી પડી હતી.

થાણે પાલિકાની હદમાં છેલ્લાં કેટલાંક વર્ષમાં મોટા પ્રમાણમાં અનધિકૃત ઇમારતો બાંધવામાં આવી હતી. આમાંથી કેટલાક બાંધકામને લઇ હાઇ કોર્ટમાં યાચિકા દાખલ કરવામાં આવી હતી. હાઇ કોર્ટે આ બાંધકામો તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. આથી પાલિકા દ્વારા શિળ ફાટા વિસ્તારમાં ૨૧ અનધિકૃત ઇમારતો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

દરમિયાન પાલિકાની ટીમ ગુરુવારે સવારના

(જુઓ પાનું ૪) ▶▶



**તબાહી...:** સોલાપુરમાં ૨૪ કલાકમાં ૧૧૮ મિલિમીટર વરસાદ પડ્યો હોવાથી પૂર જેવી સ્થિતિ નિર્માણ થઈ હતી. તસવીરમાં રહેવાસી સ્થળોમાં ભરાયેલા પાણીનો એરિયલ લૂક જોઈ શકાય છે. (પીટીઆઈ)

# 'ઓળખ' છુપાવનારા સરકારી કર્મચારીઓને ફટકોઃ ગંભીર કાર્યવાહી કરવાની ચેતવણી

### સરકારી કચેરીઓમાં આવતા નાગરિકોને યોગ્ય અધિકારી/કર્મચારીને ઓળખવાનું સરળ બનશે

વિપુલ વૈદ્ય

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે સરકારી કામમાં શિસ્ત અને પારદર્શિતા લાવવા માટે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે રાજ્યના તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ ઓફિસમાં ફરજિયાતપણે સ્પષ્ટ રીતે દેખાતા ઓળખપત્ર પહેરવા પડશે. સરકારે એવું સ્પષ્ટ કર્યું છે કે આ નિયમનું પાલન ન કરનારાઓ સામે કડક શિસ્તભંગના પગલાં લેવામાં આવશે. આને પરિણામે, સરકારી કચેરીઓમાં આવતા નાગરિકોને યોગ્ય વ્યક્તિને ઓળખવાનું સરળ બનશે.

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે બુધવારે જારી કરેલા સરકારી આદેશમાં આ નિયમોની માહિતી આપી છે. આ અંગે અગાઉ પણ સૂચનાઓ આપવામાં આવી હતી, પરંતુ સરકારના ધ્યાનમાં આવ્યું હતું કે તેનું યોગ્ય રીતે પાલન કરવામાં આવતું નથી. તેથી જ આ

(જુઓ પાનું ૪) ▶▶

# તટ વિસ્તારોમાં બૉમ્બની ધમકી

મુંબઈઃ ભારતમાં ૪૦૦ કિલો આરડીએક્સ સાથે ઘૂસેલા ૧૪ આતંકવાદી મુંબઈમાં બ્લાસ્ટ કરશે, એવી ધમકી આપનારો પકડાયો એના ગણતરીના દિવસોમાં મુંબઈના સમુદ્રકિનારાના પરિસરમાં બૉમ્બધડાકાની ધમકી મળી હતી. પોલીસના જણાવ્યા મુજબ નવી મુંબઈની હેલ્પલાઈન નંબર ૧૧૨ પર અજાણ્યા શખસે કૉલ કરી આ માહિતી આપી હતી. મુંબઈના દરિયાકિનારેથી હુમલો કરીને આસપાસના પરિસરમાં બ્લાસ્ટની ધમકી આપવામાં આવી હતી.



# મલાડમાં બિયરની બૉટલો અને તીક્ષ્ણ હથિયારથી હુમલો કરી યુવાનની હત્યા

### નજીવી બોલાચાલી પછી બિયરબાર બહાર હંગામોઃ ચારમાંથી એક આરોપી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલાડમાં મધરાતે બિયરબાર બહાર માથાભારે આરોપી સાથેની બોલાચાલીએ ઘાતક રૂપ લેતાં યુવાનની કરપીણ હત્યા કરવામાં આવી હતી. આરોપીના સાથીઓએ રસ્તા પર જ ભારે હંગામો મચાવી બિયરની ૧૨ બૉટલો યુવકના માથે ફટકારી હતી અને પછી તીક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી ઘા ઝીંક્યા હતા.

ઝોન-૧૧ના ડેપ્યુટી પોલીસ કમિશનર સંદીપ જાધવે જણાવ્યું હતું કે ઘટના મલાડ પશ્ચિમમાં બુધવારની મધરાતે દોઢ વાગ્યા બાદ બની હતી. મૃતકની ઓળખ કલ્પેશ દ્વારકાનાથ ભાનુશાળી (૨૬) તરીકે થઈ હતી. આ પ્રકરણે મલાડ પોલીસે એક આરોપીની ધરપકડ કરી તેના સાથીઓની શોધ હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર મલાડ પશ્ચિમમાં સુંદરનગર ખાતેની રામ કરીમભાઈ ચાલમાં રહેતો ભાનુશાળી ઘર નજીકના પરિસરમાં ચાઈનીઝ ફૂડનો સ્ટૉલ ચલાવે છે. ગણેશોત્સવ પહેલાં તેણે ગણપતિ બાપ્પાની મૂર્તિનો સ્ટૉલ શરૂ કર્યો હતો. કહેવાય છે કે ગણેશ મૂર્તિની રકમને લઈને પણ તેનો એક શખસ સાથે વિવાદ થયો હતો.

મલાડમાં આવેલા ગુરુકૃપા બાર ઍન્ડ રેસ્ટોરાંમાં બુધવારની રાતે ભાનુશાળી ફૂડનું પાર્સલ લેવા ગયો હતો, જ્યાં કોઈ મુદ્દે બારના મૅનેજર સાથે તેની બોલાચાલી થઈ હતી. તે સમયે બારના ગેટ પાસે ઊભેલા આરોપી સંજય મકવાણાએ મધ્યસ્થી કરી હતી. આ વાતે ભાનુશાળી અને મકવાણા વચ્ચે ઝઘડો થયો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ગુસ્સામાં ગાળાગાળી કરનારો આરોપી ભાનુશાળીને ધમકાવવા લાગ્યો હતો. બાર પાસે જ ઊભા રહેવાની ચેતવણી આપી આરોપી મકવાણા ત્યાંથી જતો રહ્યો હતો અને ગણતરીની મિનિટોમાં જ ત્રણ મિત્ર સાથે પાછો ફર્યો હતો. આરોપીઓએ બિયરની બૉટલો ભાનુશાળીના માથા પર ફટકારી હતી. એક આરોપીએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંક્યા હતા. બનાવની જાણ થતાં

(જુઓ પાનું ૪) ▶▶

# હાઉસિંગ સોસાયટીના પ્રકરણમાં લાંચ માગવા બદલ સિડકોના ત્રણ કર્મચારીની ધરપકડ

મુંબઈઃ નવી મુંબઈની એક હાઉસિંગ સોસાયટીના પ્રકરણમાં પાંચ લાખ રૂપિયાની કથિત લાંચ માગવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ સિટી ઍન્ડ ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (સિડકો)ના ત્રણ કર્મચારી સહિત ચારની ધરપકડ કરી હતી.

વાશીના સેક્ટર-૯ ખાતેની એક સોસાયટીના ૫૪ વર્ષના સેક્રેટરીએ ગયા મહિને નોંધાવેલી ફરિયાદને આધારે એસીબીએ તપાસ હાથ ધરી હતી. ફરિયાદની ચાર વખત ખાતરી કરવામાં આવ્યા પછી બુધવારે છટકું ગોઠવવામાં આવ્યું હતું.

આ પ્રકરણે એસીબીએ સિડકોના કર્મચારીઓ રાહુલ કાંબળે (૫૦), ધનાજી કાળુખે (૫૨) અને મહેશ કામોઠકર સહિત ખાનગી વ્યક્તિ કિશોર મોરે વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.ફરિયાદમાં જણાવાયું હતું કે ૨૦૨૨માં ફરિયાદી સહિત આઠ જણ કમિટી મેમ્બર તરીકે ચૂંટાઈ આવ્યા પછી ફરિયાદીની સેક્રેટરી તરીકે નિયુક્તિ થઈ હતી. જોકે થોડા જ સમયમાં પાંચ સભ્યએ રાજીનામાં આપતાં સિડકો દ્વારા સોસાયટીમાં એડ્મિનિસ્ટ્રેટિવની નિમણૂક કરાઈ હતી. બાદમાં ફરી ચૂંટણી થતાં ફરિયાદી પાછો સેક્રેટરી તરીકે ચૂંટાઈ આવ્યો હતો, પરંતુ થોડા જ મહિનામાં અધ્યક્ષ સહિત ત્રણ જણે રાજીનામું આપ્યું હતું.

# બાન્દ્રામાં હાઈ કોર્ટની નવી ઈમારત

મુંબઈઃ બાન્દ્રા પૂર્વમાં સરકારી વસાહતમાં ૩૦ એકર જમીન પર બૉમ્બે હાઈ કોર્ટની એક વિશાળ ઇમારત બનાવવામાં આવશે. મુંબઈ હાઈ કોર્ટની આ નવી ઇમારત માટે કોન્ટ્રાક્ટર હાફિઝ કોન્ટ્રાક્ટરે ૩૭૫૦ કરોડ રૂપિયાના ખર્ચની એક યોજના તૈયાર કરી તેને હાઈ કોર્ટની સ્ટીયરિંગ કમિટી સમક્ષ રજૂ કરી હતી. સ્ટીયરિંગ કમિટીએ આ યોજનાને મંજૂરી આપી દીધી છે.

હવે, ટૂંક સમયમાં જાહેર બાંધકામ વિભાગ દ્વારા કોર્ટની નવી ઇમારતનું બાંધકામ શરૂ થશે. હાઈ કોર્ટની આ નવી ઇમારતની ડિઝાઇન જૂની અને નવી શૈલીનું ખૂબ જ આકર્ષક મિશ્રણ હશે અને તેમાં કુલ ૭૫ કોર્ટરૂમ હશે.

૧૮૮૭માં ફોર્ટમાં બનેલી રાજ્ય હાઈ કોર્ટની ઇમારતમાં ૧૪૮ વર્ષથી કોર્ટ કાર્યવાહી ચાલી રહી છે. પરંતુ હવે આ જગ્યા અપૂરતી બની રહી છે અને આધુનિક સુવિધાઓનો અભાવ છે. આ પૃષ્ઠભૂમિ સામે બાન્દ્રા પૂર્વમાં સરકારી

(જુઓ પાનું ૪) ▶▶

# શું મનસે કૉંગ્રેસ સાથે હાથ મિલાવશે?

### બાળા નાંદગાંવકરનું સૂચક નિવેદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લા કેટલાક મહિનાઓથી રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના વચ્ચે ગઠબંધન અંગે ઘણી ચર્ચા થઈ રહી છે. આ સમયગાળા દરમિયાન બંને ભાઈઓ ઘણી વખત એકબીજાને મળ્યા છે. ઉલ્લેખનીય છે કે, બંને એકબીજાના ઘરે પણ ગયા છે. તેથી, એવું કહેવામાં આવી રહ્યું છે કે બંને ભાઈઓ સાથે આવશે, પરંતુ આ સંદર્ભમાં હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કે ચર્ચા કરવામાં આવી નથી. શું મનસે મહા વિકાસ આઘાડીમાં જોડાઈને કોંગ્રેસ માટે કામ કરશે? જ્યારે કોંગ્રેસના નેતાઓએ આ મુદ્દે પાર્ટીના મોવડીમંડળ તરફ આંગળી ચીંધી છે, ત્યારે હવે મનસેના બાળા નાંદગાંવકરે આ સંદર્ભમાં સૂચક નિવેદન આપ્યું છે.

ગુરુવારે મુંબઈમાં મનસેના પદાધિકારીઓની એક બેઠક યોજાઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ બેઠકમાં મ્યુનિસિપલ ચૂંટણીઓના

(જુઓ પાનું ૪) ▶▶

# મોબાઈલ ફોરેન્સિક વૅન પાઈલટ પ્રોજેક્ટ માટેની ભરતીને મંજૂરી

મુંબઈઃ ગુનાના સ્થળની મજબૂત તપાસ કરવા અને ખાતરીપૂર્વક દોષિત ઠેરવવા મહારાષ્ટ્ર સરકારે રાજ્યભરમાં તેના મોબાઇલ ફોરેન્સિક વૅન પ્રોજેક્ટના પાઇલટ પ્રોજેક્ટ માટે કરાર આધારિત ૧૮૦ જગ્યાઓની ભરતીને મંજૂરી આપી છે.માનવબળની જરૂરિયાતોને પહોંચી વળવા માટે સરકારે રૂપિયા.૧૨.૭૨ કરોડના વાર્ષિક પગાર બિલ સાથે ૧૮૦ કરાર આધારિત જગ્યાઓની ભરતીને મંજૂરી આપી છે. મંજૂર જગ્યાઓમાં ૪૫ સહાયક રસાયણ વિશ્લેષકો (ગ્રુપ બી), ૪૫ વૈજ્ઞાનિક સહાયકો (કમ્પ્યુટર ગુના, ધ્વનિ અને ઑડિઓ વિશ્લેષણ) (ગ્રુપ સી), ૪૫ વાહન ડ્રાઇવરો (ગ્રુપ સી ) અને ૪૫ પ્રયોગશાળા સહાયકો (ગ્રુપ ડી )નો સમાવેશ થાય છે. ■

# લાડકી બહેનનો ઑગસ્ટનો હપ્તો મળવાનું શરૂઃ અદિતિ તટકરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહાયુતિ સરકારે મહિલાઓ માટે 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ' યોજના શરૂ કરી છે. આ યોજના દ્વારા રાજ્યની લાખો પાત્ર મહિલાઓના બેંક ખાતામાં દર મહિને ૧,૫૦૦ રૂપિયા જમા કરવામાં આવે છે. જોકે, સપ્ટેમ્બરના ૧૦ દિવસ થઈ ગયા હોવા છતાં, લાડકી બહેનોના ખાતામાં પૈસા જમા થયા નહોતા તે અંગે પુછવામાં આવતાં એનસીપીના નેતા અને રાજ્યના મહિલા અને બાળ વિકાસ કલ્યાણ ખાતાના પ્રધાન અદિતિ તટકરેએ લાડકી બહેનોને ખુશખબર આપતાં કહ્યું હતું કે લાડકી બહેન યોજનાના તમામ પાત્ર લાભાર્થીઓને ઓગસ્ટ મહિનાના સન્માન ભંડોળનું વિતરણ કરવાની પ્રક્રિયા ગુરુવારે (૧૧ સપ્ટેમ્બર) શરૂ થઈ ગઈ છે.

લાડકી બહેન યોજનાના તમામ પાત્ર લાભાર્થીઓને ઓગસ્ટ સન્માન ભંડોળનું વિતરણ કરવાની પ્રક્રિયા ગુરુવારથી શરૂ થઈ ગઈ છે. મહારાષ્ટ્રની માતાઓ અને બહેનોના સતત વિશ્વાસથી શરૂ થઈ રહેલી સશક્તિકરણની આ ક્રાંતિ

(જુઓ પાનું ૪) ▶▶

અંક પ્રગટ થઈ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/- વર્ષ ૨૧૨
પંચાંગકર્તાઃ સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો
મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

# હું ક્રિકેટ બોર્ડના પ્રમુખની રેસમાં નથીઃ તેંડુલકર

નવી દિલ્હીઃ બેટિંગ દિગ્ગજ અને ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સચિન તેંડુલકરે ગુરુવારે એવી અટકળોને નકારી કાઢી હતી કે તે આગામી બીસીસીઆઈ પ્રમુખ બનવાની દાવેદારીમાં છે અને તેમની મેનેજમેન્ટ ફર્મે આવી બધી વાતોને પાયાવિહોણી ગણાવી હતી.

તેંડુલકરની મેનેજમેન્ટ ફર્મે તેના વતી એક નિવેદન જારી કરીને રોજર બિન્નીના સંભવિત ઉત્તરાધિકારી હોવાની થિયરીઓને નકારી કાઢી હતી.

રોજર બિન્નીનો કાર્યકાળ જુલાઈમાં ૭૦ વર્ષનો થયા પછી સમાપ્ત થયો હતો.

કંપની તરફથી એક નિવેદન જણાવવામાં આવ્યું છે કે અમારા ધ્યાનમાં આવ્યું છે કે સચિન તેંડુલકરને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) ના પ્રમુખપદ માટે વિચારણા અથવા નામાંકિત કરવા અંગે ચોક્કસ અહેવાલો અને અફવાઓ ફેલાઈ રહી છે.

અમે સ્પષ્ટપણે કહેવા માગીએ છીએ કે આવી કોઈ હિલાચલ નથી. અમે સંબંધિત તમામ લોકોને પાયાવિહોણી અટકળો પર વિશ્વાસ ન કરવા વિનંતી કરીએ છીએ, એમ તેમાં ઉમેર્યું હતું.

વિશ્વના સૌથી ધનિક ક્રિકેટ બોર્ડની ૨૮ સપ્ટેમ્બરે વાર્ષિક સામાન્ય સભામાં ચૂંટણી યોજાવાની છે.

બિન્નીને ઓક્ટોબર ૨૦૨૨માં બીસીસીઆઈ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને બોર્ડના બંધારણમાં આ પદ માટે ૭૦ વર્ષની વય મર્યાદા છે. ■



# ‘ઉતાવળ શું કામ છે? ભારત અને પાકિસ્તાનની મેચને રમાવા તો દો’

## એશિયા કપના ભારત-પાક મુકાબલા સામેની અરજી પર તાત્કાલિક સુનાવણીનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરુવારે દુબઈ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ૧૪ સપ્ટેમ્બરે રમાનારી ભારત અને પાકિસ્તાન વચ્ચેની આગામી એશિયા કપ ક્રિકેટ મેચ રદ કરવાની માગ કરતી અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટમાં કાયદાના ચાર વિદ્યાર્થીઓ દ્વારા મેચ રદ કરવાની માગણી કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજી ઊર્વશી જૈન નામની વિદ્યાર્થિની દ્વારા કરવામાં આવી હતી. અરજદારોએ કહ્યું હતું કે પહલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચ યોજવી એ રાષ્ટ્રની ગરિમા અને જાહેર લાગણીઓની વિરુદ્ધ છે. જ્યારે વકીલે કોર્ટમાં અરજીની તાત્કાલિક સુનાવણી કરવાની માગ કરી ત્યારે જસ્ટિસ જે કે માહેશ્વરી અને જસ્ટિસ વિજય બિશ્નોઈની બનેલી સુપ્રીમ કોર્ટની બેન્ચે ટિપ્પણી કરી હતી કે, ‘‘આમાં આટલી ઉતાવળ શું છે? આ ફક્ત એક મેચ છે, તેને રમવા દો. મેચ રવિવારે છે, હવે શું કરી શકાય?’’ વકીલે વિનંતી કરી કે જો શુક્રવાર સુધીમાં અરજીની સુનાવણી નહીં થાય તો તે અર્થહીન થઈ જશે કારણ કે મેચ રવિવારે યોજાવાની છે. આના પર કોર્ટે ફરીથી કહ્યું હતું કે, ‘આપણે શું કરી શકીએ? મેચ થવા દો.’ અરજદારોએ તેમની અરજીમાં કહ્યું હતું કે ‘ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચ મિત્રતા અને સંવાદિતાનું પ્રતિક છે, પરંતુ જ્યારે દેશના સૈનિકો પોતાના જીવનું બલિદાન આપી રહ્યા છે અને પાકિસ્તાન સાથે જોડાયેલા આતંકવાદી હુમલાઓમાં ભારતીય નાગરિકો માર્યા જઈ રહ્યા છે, ત્યારે પાકિસ્તાન સાથે રમત રમવાથી ખોટો સંદેશ મળે છે.’

અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ‘જ્યારે આપણા સૈનિકો શહીદ થઈ રહ્યા છે ત્યારે આપણે તે જ દેશ સાથે રમતમાં ભાગ લઈ રહ્યા છીએ જે આતંકવાદીઓને આશ્રય આપે છે. આ રાષ્ટ્રની ગરિમા અને શહીદોના પરિવારોની લાગણીઓને ઠેસ પહોંચાડી શકે છે.’

અરજીકર્તાઓએ માગ કરી હતી કે ‘ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચ રદ કરવી જોઈએ. ■



# અર્શદીપ ઈન્જર્ડ છે એટલે પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન ન મળ્યું?

દુબઈ : ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને એશિયા કપમાં યુએઈ સામેની મેચમાં પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં ના આવતા અનેક સવાલો ઊભા થયા છે. અર્શદીપ ૬૩ મેચમાં ૯૯ વિકેટ સાથે ટી-૨૦ મેચમાં ભારતનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે અને રમતના સૌથી ટૂંકા ફોર્મેટમાં ૧૦૦ વિકેટ ઝડપનાર સૌથી ઝડપી ભારતીય બનવાની ખૂબ નજીક છે, પરંતુ આશ્ચર્યજનક રીતે બુધવારે સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) સામેની મેચ માટે તેને પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મળ્યું ન હતું.

તેણે ઇંગ્લેન્ડ ટેસ્ટ શ્રેણી દરમિયાન બેન્ચ પર પણ સમય વિતાવ્યો (ચોથી ટેસ્ટ સિવાય જેમાં તે આંગળીની ઇજાને કારણે બહાર થઈ ગયો હતો). એશિયા કપ પહેલા તે ફક્ત સેન્ટ્રલ ઝોન સામે નોર્થ ઝોનની દુલીપ ટ્રોફી ક્વાર્ટર-ફાઇનલમાં રમ્યો હતો જ્યાં તેનું પ્રદર્શન સારુ રહ્યું ન હતું. હજુ પણ સ્પષ્ટ નથી કે અર્શદીપને ભારતની પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મળતા શું રોકી રહ્યું છે. શું આ નાની ઈજા છે? કે પછી ટીમ મેનેજમેન્ટની આઠમા નંબર સુધી બેટ્સમેન રાખવાની રણનીતિ છે.

યુએઈ સામેની એશિયા કપની પ્રથમ મેચમાં અર્શદીપની સ્વાભાવિક રીતે પસંદગી થાય તેવી અપેક્ષા હતી, પરંતુ બધાને આશ્ચર્ય થયું કે ત્રીજા સ્પેશિયાલિસ્ટ સ્પિનર વરુણ ચક્રવર્તીને તક આપવામાં આવી હતી. ટીમ મેનેજમેન્ટે હજુ સુધી સ્પષ્ટતા કરી નથી કે અર્શદીપને કોઈ ઇન્જરીની સમસ્યા હતી કે નહીં, પરંતુ જો તેને હોત તો અત્યાર સુધીમાં કોઈ બીજાનો ટીમમાં સમાવેશ થયો હોત. યુએઈ સામેની પહેલી મેચની પૂર્વસંધ્યાએ આઈસીસી એકેડેમીમાં ભારતીય નેટ સત્ર દરમિયાન અર્શદીપે સ્ટ્રેન્થ અને કન્ડિશનિંગ કોચ એડ્રિયન લે રોક્સ સાથે ઘણો સમય વિતાવ્યો હતો.

જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડ્યા અને કુલદીપ યાદવ બધાએ શરૂઆતની મેચમાં બોલિંગ કરવાની હતો, પરંતુ વૈકલ્પિક સત્રમાં આરામ કરવાનો નિર્ણય લીધો જ્યારે અર્શદીપ, વરુણ ચક્રવર્તી અને અક્ષર પટેલનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ બોલિંગ કરવાને બદલે અર્શદીપે તેની બેટિંગ પ્રેક્ટિસ કરી હતી. તેણે લે રોક્સ અને બોલિંગ કોચ મોર્ને મોર્કેલની દેખરેખ હેઠળ ફિટનેસ ડ્રીલ કરી હતી.

તેણે લગભગ એક કલાક સુધી સ્પ્રિન્ટ્સ અને સ્ટ્રાઇડ્સ કર્યા અને ક્યારેક એવું લાગતું હતું કે તે રમવાની તૈયારીમાં ફિટનેસ ડ્રીલ્સ કરી રહ્યો છે. જો તે ફક્ત ફિટનેસનો મામલો હોત તો ફિઝિયો કમલેશ જૈન પણ સત્રનું નિરીક્ષણ કરતા હોત પરંતુ એવું બન્યું નહીં. એક સૂત્રએ નામ ન આપવાની શરતે પીટીઆઈને જણાવ્યું હતું કે, ‘‘અર્શદીપ ઊર્જાથી ભરપૂર છે. તેને સતત ટ્રેનિંગનો શોખ છે. તેના દિનચર્યા વિશે વધુ અનુમાન લગાવવાની જરૂર નથી. તેણે તાજેતરમાં એનસીએ ખાતે ‘બ્રોન્કો ટેસ્ટ’ (સ્પ્રિન્ટ રિપીટ) માં શાનદાર પ્રદર્શન કર્યું હતું.’’ ■

# એશિયા કપમાં આજે ઓમાન સાથે ટકરાશે પાકિસ્તાન

દુબઈ : પાકિસ્તાન ટીમ એશિયા કપ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારત સામેની મેચ પહેલા શુક્રવારે ગ્રુપ-એમાં પોતાની પ્રથમ મેચમાં ઓમાન સામે પોતાની તૈયારીઓને અંતિમ સ્વરૂપ આપવાનો પ્રયાસ કરશે. એશિયા કપ પહેલા ત્રિકોણીય શ્રેણીની ફાઇનલમાં પાકિસ્તાને અફઘાનિસ્તાનને ૭૫ રનથી હરાવ્યું હતું, જે ચોક્કસપણે તેમનું મનોબળ વધારશે. આ મેચમાં સ્પિનર મોહમ્મદ નવાઝે હેટ્રિક લીધી અને તે ફરીથી પાકિસ્તાન માટે ટ્રમ્પ કાર્ડ બનશે.

સંયુક્ત આરબ અમીરાતની ધીમી પિચોને કારણે પાકિસ્તાનને ટીમમાં સ્પિનરોનો સમાવેશ કરવો પડ્યો હતો. આ રણનીતિ ત્રિકોણીય શ્રેણી દરમિયાન અસરકારક સાબિત થઈ અને આ રણનીતિ એશિયા કપમાં પણ મહત્વપૂર્ણ સાબિત થશે.

પાકિસ્તાનના કેપ્ટન સલમાન આગાએ કહ્યું હતું કે, ‘‘અમે એવી રીતે તૈયારી કરવા માગતા હતા કે જે અમને એશિયા કપ માટે મદદ કરે અને અમે તેમ કર્યું. અમે હોમ ગ્રાઉન્ડ પર બાંગ્લાદેશ સામેની શ્રેણી પછીથી સારું પ્રદર્શન કરી રહ્યા છીએ. હવે અમે ખૂબ સારી સ્થિતિમાં છીએ અને સંપૂર્ણપણે તૈયાર છીએ.’’

ગ્રુપ-એમાં ભારત, પાકિસ્તાન, ઓમાન અને યુએઈનો સમાવેશ થાય છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે રવિવારે દુબઈમાં મેચ રમાશે. આ પછી આ બંને ટીમો સુપર ૪ અને ફાઇનલમાં પણ એકબીજાનો સામનો કરી શકે છે. પાકિસ્તાને આગામી કેપ્ટનશિપમાં એક યુવા ટીમ પસંદ કરી છે, જેના સકારાત્મક પરિણામો દેખાઈ રહ્યાં છે. પાકિસ્તાન સૈમ અયુબ, ફખર ઝમાન, મોહમ્મદ નવાઝ, સુફિયાન મુકીમ અને આગાના જેવા ખેલાડીઓ પાસેથી સારા પ્રદર્શનની અપેક્ષા રાખશે. ■



# હોંગકોંગ ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં લક્ષ્ય સેન

## આયુષ શેટ્ટીએ વિશ્વના નવમા ક્રમાંકિત નારાઓકાને આંચકો આપ્યોઃ સાત્વિક-ચિરાગની જોડીની પણ આગેકૂચ

હોંગકોંગ : ભારતનો લક્ષ્ય સેન છ મહિનામાં પહેલી વાર ટોચની બીડબલ્યૂએફ વર્લ્ડ ટૂર ઇવેન્ટના મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યો હતો જ્યારે સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ ગુરુવારે અહીં હોંગકોંગ ઓપન સુપર ૫૦૦ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં મેન્સ ડબલ્સમાં અંતિમ-૮માં સ્થાન મેળવ્યું હતું. હૉંગ કૉંગ ૨૦૨૫ ટુર્નામેન્ટમાં ભારતના બૅડમિન્ટન ખેલાડી આયુષ શેટ્ટીએ વિશ્વની નવમા ક્રમાંકિત જાપાનના કૉડાઈ નારાઓકાને પરાજય આપી ગુરુવારે ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. આયુષ શેટ્ટીએ નારાઓકાને ૧૯-૨૧, ૨૧-૧૨, ૧૪-૨૧થી પરાજય આપ્યો હતો.

ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ વિજેતા અને હાલમાં વિશ્વમાં ૨૦મા ક્રમે રહેલા લક્ષ્યે બીજા રાઉન્ડમાં પોતાના જ દેશના એચએસ પ્રણયને ૧૫-૨૧, ૨૧-૧૮, ૨૧-૧૦થી હરાવ્યો હતો. પેરિસ મેન્સ સિંગલ્સની મેચમાં પ્રણય સારી લયમાં દેખાતો હતો અને પહેલી ગેમમાં સરળતાથી લીડ મેળવી લીધી અને શરૂઆતથી અંત સુધી કોઈપણ મુશ્કેલી વિના તેને જાળવી રાખીને પહેલી ગેમ જીતી લીધી. બીજી ગેમમાં બંને ભારતીય ખેલાડીઓ વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. લક્ષ્યે બે ગેમ પોઈન્ટ મેળવ્યા અને મેચને નિર્ણાયક ગેમ સુધી ખેંચી ગયો હતો. ત્રીજી અને નિર્ણાયક ગેમમાં પ્રણયે ફરીથી ૫-૨ ની લીડ મેળવી, પરંતુ તે પછી તે ભૂલો કરતો રહ્યો જેના કારણે તે ૯-૧૩ થી પાછળ પડી ગયો. નેટ શોટની મદદથી લક્ષ્યે ૧૬-૧૦ ની લીડ મેળવી હતી. ■



# સૂર્યકુમાર અને પાકિસ્તાની કેપ્ટન સલમાન વચ્ચે માઈકની આપ-લે થઈ, પણ બંનેએ હાથ મિલાવ્યા હતા?

દુબઈઃ ભારત અને પાકિસ્તાન વચ્ચેના એશિયા કપના હાઇ-વોલ્ટેજ મુકાબલાને આડે હવે માત્ર બે દિવસ બાકી છે ત્યારે બન્ને ટીમના ખેલાડીઓને લઈને કોઈને કોઈ સાઈડ-સ્ટોરી વાઈરલ થઈ રહી છે જેમાં ખાસ કરીને આ ટૂર્નામેન્ટના તમામ કેપ્ટનો વચ્ચે યોજાયેલી પત્રકાર પરિષદ દરમ્યાન ભારતના કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને પાકિસ્તાનના સુકાની સલમાન આગા વચ્ચેની હળવી મુલાકાત વિશેની વાતો ખૂબ ચર્ચાસ્પદ થઈ છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે (ભારતીય સમય અનુસાર રાત્રે ૮.૦૦



વાગ્યાથી) દુબઈમાં એશિયા કપની લીગ મેચ રમાશે.

દુબઈની પ્રેસ કોન્ફરન્સમાં સ્ટેજ પર તમામ કેપ્ટનો બેઠા હતા અને એમાં સૂર્યકુમાર તથા સલમાન આગા વચ્ચે અફઘાનિસ્તાનનો કેપ્ટન રાશીદ ખાન બેઠો હતો. એક તબક્કે સલમાન અને સૂર્યકુમાર વચ્ચે માઈકની આપ-લે થઈ હતી જેની ક્ષણો સોશ્યલ મીડિયામાં વાઇરલ થઈ છે.

કેટલાક અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે પત્રકાર પરિષદ પછી સૂર્યકુમાર યાદવ તરત જ પાછળના દરવાજેથી નીકળી ગયો હતો. બીજા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે સલમાન આગાએ સૂર્યકુમાર સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું.

જોકે આ પ્રેસ કોન્ફરન્સમાં હાજર એક અખબારના પત્રકારે મીડિયામાં સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે સૂર્યકુમાર અને સલમાન આગાએ ખૂબ જ ટૂંકમાં, ઉતાવળે અને હળવેકથી એકમેક સાથે હાથ મિલાવ્યા હતા. હકીકત છે કે સૂર્યકુમાર પાછલા દરવાજેથી જઈ રહ્યો હતો ત્યારે સલમાન આગા તેની સાથે થઈ ગયો હતો અને ત્યારે બંને એકબીજાની નજીક આવી ગયા ત્યારે સલમાને સૂર્યકુમાર સાથે હળવેકથી હાથ મિલાવ્યા હતા.

દુબઈની આ પત્રકાર પરિષદમાં ભારતથી ઘણા પત્રકારો આવ્યા હતા. પાકિસ્તાન કરતાં બાંગ્લાદેશના પત્રકારોની સંખ્યા વધુ હતી, જ્યારે શ્રીલંકાના જર્નલિસ્ટોની સંખ્યા પણ ખૂબ ઓછી હતી. ■

# દુલિપ ટ્રોફી ફાઈનલઃ જૈન અને કાર્તિકેયની કાંડાની કરામતને લીધે મધ્ય ઝોનનો હાથ ઉપર



બેંગલૂરુ : સ્પિનર સારાંશ જૈન અને કુમાર કાર્તિકેયે દુલિપ ટ્રોફીની ફાઈનલના પ્રથમ દિવસે ગુરુવારે દક્ષિણ ઝોનના બેટ્સમેનની અનિર્ણયતાનો ફાયદો ઉઠાવતાં મધ્ય ઝોનનો હાથ ઉપર રહ્યો હતો. જૈને (૪૯ રનમાં પાંચ વિકેટ) અને કાર્તિકેયે (૫૩ રનમાં ચાર વિકેટ) કુલ ૪૫ ઓવર નાખી હતી. મધ્ય ઝોને દક્ષિણ ઝોનનો ૬૩ ઓવરમાં ૧૪૯ રનમાં વીંટો વાળી દીધો હતો. આના જવાબમાં મધ્ય ઝોને વિના વિકેટે ૫૦ રન કર્યા હતા.

ડેનિશ માલેવર ૨૮ અને અક્ષય વાડેકર ૨૦ રન સાથે દાવમાં હતા. જૈને એકધારી ૨૪ ઓવર નાખી હતી. તે અને ડાબેડી સ્પિનર કાર્તિકેય મધ્ય ઝોનના હીરો હતા. દક્ષિણ ઝોનના બેટ્સમેનના અધકચરા અભિગમે તેમનું કામ આસાન કર્યું હતું. ૧૬મી ઓવરમાં દક્ષિણનો ગભરાટ ચાલુ થયો હતો.

ઓપનર મોહિત કાલે (૬) બેજવાબદાર રિવર્સ સ્વીપ મારવા જતાં કાર્તિકેયની બોલિંગમાં ક્લીન બોલ્ડ થયો હતો. લંચ પહેલાં દક્ષિણે વધુ ત્રણ વિકેટ ગુમાવી હતી. લંચ સમયે સ્કોર ચાર વિકેટે ૬૪ રનનો હતો. તન્મય અગ્રવાલ (૭૬ બોલમાં ૩૧ રન) રનઆઉટ થતાં દક્ષિણને મોટો ફટકો પડ્યો હતો. (એજન્સી) ■

# એશિયા કપઃ બાંગ્લાદેશે હરાવ્યું હોંગ કોંગને



અબુ ધાબીઃ એશિયા કપ ૨૦૨૫ની ગુરુવારે બાંગ્લાદેશ અને હોંગ કોંગ વચ્ચે રમાયેલી ત્રીજી મેચમાં બાંગ્લાદેશે હરીફ ટીમને ૧૪ બૉલ બાકી હતા ત્યારે ૭ વિકેટથી હરાવી હતી. હોંગ કોંગે ફેંકેલા ૧૪૩ રનના પડકારને બાંગ્લાદેશે ૧૭.૪ ઓવરમાં સફળતાથી પાર કર્યો હતો.

અબુ ધાબીના શેખ ઝાયેદ સ્ટેડિયમ ખાતે પ્રથમ બૅટિંગ કરતા હોંગ કોંગે ૨૦ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને ૧૪૩ રન કર્યા હતા. હોંગ કોંગ તરફથી નિઝાકત ખાને સૌથી વધુ ૪૨ રન ફટકાર્યા હતા. બાંગ્લાદેશ તરફથી તસ્કિન, રિશાદ અને હસને બે-બે વિકેટ લીધી હતી.

પહેલા બેટિંગ કરતા હોંગ કોંગના બેટ્સમેન અંશુમાન ૪ રન કરી અને બાબર હયાત ૧૪ રન કરીને આઉટ થયા. ઝીશાન અલી ૩૪ બોલમાં ૩૦ રન કરીને પેવેલિયન પરત ફર્યો હતો. કેપ્ટન યાસીમ મુર્તઝા ૧૯ બોલમાં ૨૮ રન કરીને રન આઉટ થયો હતો. રિશાદે નિઝાકત ખાન (૪૨) અને શાહને પેવેલિયન મોકલ્યા હતા. મુસ્તફિઝુર રહેમાનને કોઈ સફળતા મળી નહોતી.

હોંગ કોંગ તરફથી નિઝાકત ખાને સૌથી મોટી ઇનિંગ રમી હતી. તેણે ૪૦ બોલમાં ૪૨ રન કર્યા હતા. હોંગ કોંગની શરૂઆત ખૂબ જ ખરાબ રહી અને ટીમને પહેલો ફટકો માત્ર સાત રન પર પડ્યો હતો. ઝીશાન અલી અને નિઝાકત ખાને ત્રીજી વિકેટ માટે ૪૧ રનની ભાગીદારી કરી હતી. છેલ્લી ઓવરમાં તસ્કિન અહેમદે એજાઝ ખાનને આઉટ કરીને ઇનિંગને ૧૪૩ રન પર રોકી દીધી હતી. ■

# વરસાદના વિઘ્ન વચ્ચે રમાયેલી ટી૨૦માં ઈંગ્લેન્ડને ૧૪ રને હરાવ્યું સાઉથ આફ્રિકાએ

કાર્ડિફ : વરસાદથી પ્રભાવિત પ્રથમ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ડકવર્થ લુઇસ નિયમ અનુસાર ઇંગ્લેન્ડને ૧૪ રનથી હરાવ્યું હતું.

વન-ડે સિરીઝમાં કારમી હારનો સામનો કર્યા બાદ ઇંગ્લેન્ડ પાસે ટી-૨૦ સિરીઝમાં વાપસીની આશા હતી પરંતુ તેને હારનો સામનો કરવો પડ્યો હતો. જીત સાથે દક્ષિણ આફ્રિકાએ સિરીઝમાં ૧-૦થી લીડ મેળવી હતી.

લગભગ ચાર કલાકના વિલંબથી શરૂ થયેલી આ મેચમાં ફક્ત ૧૨.૫ ઓવરની રમત શક્ય બની હતી. બંને ટીમો વચ્ચેનો મેચ ૯-૯ ઓવરની નક્કી કરવામાં આવી હતી. જોકે દક્ષિણ આફ્રિકાનો દાવ ફક્ત ૭.૫ ઓવર સુધી ચાલ્યો હતો.

સાઉથ આફ્રિકાએ ૮૭ રન કર્યા હતા. ફરી એકવાર વરસાદ આવ્યો અને ઇંગ્લેન્ડને પાંચ ઓવરમાં ૬૯ રનનો ટાર્ગેટ મળ્યો હતો. જેમાં પાવરપ્લે પણ ફક્ત ૧.૩ ઓવરનો હતો. જવાબમાં ઇંગ્લેન્ડની ટીમે પાંચ વિકેટ ગુમાવીને ૫૬ રન કર્યા હતા અને ૧૪ રનથી મેચ હારી ગઈ હતી.

મેચમાં ઇંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું. દક્ષિણ આફ્રિકાની શરૂઆત સારી નહોતી અને ટીમે ફક્ત એક રન પર તેની પહેલી વિકેટ ગુમાવી દીધી. પરંતુ સાઉથ આફ્રિકાના બેટ્સમેનોએ આક્રમક બેટિંગ કરી હતી.

કેપ્ટન એડન માર્કરામે ૧૪ બોલમાં ૨૮ રન કર્યા હતા. તેણે લુવાન-ડ્રે પ્રિટોરિયસ સાથે ૩૨ રનની ભાગીદારી કરીને ઇનિંગ સંભાળી હતી. આ પછી ડેવાલ્ડ બ્રેવિસે ૧૦ બોલમાં ૨૩ રનની ઝડપી ઇનિંગ રમી હતી. ડોનોવન ફેરેરાએ ૧૧ બોલમાં ૨૫ રન ફટકાર્યા હતા. સ્ટબ્સે પણ છ બોલમાં ૧૩ રનનું યોગદાન આપ્યું હતું.

આ પછી વરસાદે ફરીથી રમત અટકાવી દીધી અને ઇંગ્લેન્ડને ડકવર્થ-લુઇસ નિયમ હેઠળ પાંચ ઓવરમાં ૬૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. જોકે, ઇંગ્લેન્ડની ટીમ આ સ્કોર હાંસલ કરી શકી નહીં અને ૫ વિકેટે ફક્ત ૫૪ રન જ કરી શકી હતી. લક્ષ્યનો પીછો કરતી વખતે ઇંગ્લેન્ડની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી.

ફિલ સોલ્ટ ખાતું ખોલાવ્યા વિના કગીસો રબાડાના પહેલા જ બોલ પર આઉટ થઈ ગયો. હેરી બ્રુક પણ શૂન્ય રન પર આઉટ થઈ ગયો. કેપ્ટન જોસ બટલરે ૧૧ બોલમાં ૨૫ રન કર્યા હતા. જેકબ બેથેલ (૭ રન), હેરી બ્રુક (૦) અને ટોમ બેન્ટન (૫ રન) ફ્લોપ રહ્યા હતા. ■

# ભારતની સૌથી વહેલી જીત

## યુએઈને ૫૭ રનમાં આઉટ કર્યા પછી ૪.૩ ઓવરમાં ભારતે ખેલ ખતમ કર્યો, બીજા ઘણા વિક્રમ બન્યા

દુબઈઃ બુધવારે અહીં ટી-૨૦ એશિયા કપમાં ચેમ્પિયન અને વર્લ્ડ નંબર-વન ભારતને યજમાન યુએઈની ટીમ થોડીઘણી લડત આપશે જ એવું મનાતું હતું, પરંતુ યુએઈનું ટાંઈ ટાંઈ ફિસ થઈ ગયું હતું કારણકે મુહમ્મદ વસીમની ટીમ માત્ર ૧૩.૧ ઓવરમાં ૫૭ રનના કુલ સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી અને ભારતે એક જ વિકેટે ૬૦ રન કરીને વિજય મેળવ્યો હતો. આ મેચમાં ભારતીય ટીમે સૌથી વહેલી જીત મેળવવા સહિત ઘણા વિક્રમ રચ્યા હતાઃ

(૧) ૧૩.૧ ઓવર (૭૯ બોલમાં) યુએઈની ટીમનો ૫૭ રનના સ્કોર પર વીંટો ગયો હતો. ભારતે ૪.૩ ઓવરમાં (૨૭ બોલમાં) એક વિકેટે ૬૦ રન કરીને મેચ જીતી લીધી હતી. આ મેચ કુલ ૧૦૬ બોલમાં પૂરી થઈ ગઈ હતી અને ભારતે જીતી હોય એવી મેચોમાં આ સૌથી ટૂંકી હતી. આખી મેચ ૧૭.૪ ઓવર સુધી ચાલી હતી. આ અગાઉ ભારતનો રેકોર્ડ સ્કોટલેન્ડ સામે હતો. ૨૦૨૧માં એ મેચ ૨૪.૧ ઓવરમાં પૂરી થઈ હતી.

(૨) ભારતે ૯૩ બોલ બાકી રાખીને વિજય મેળવ્યો હતો. ટી-૨૦માં સૌથી વધુ બોલ બાકી રાખીને મેચ જીતી લીધી હોય એમાં ભારતનો આ વિજય સૌથી મોટો હતો. આ પહેલાંના રેકોર્ડમાં ભારતે ૨૦૨૧ના વર્લ્ડ કપમાં સ્કોટલેન્ડને ૮૧ બોલ બાકી રાખીને હરાવ્યું હતું.

(૩) યુએઈના ૫૭ રન મેન્સ ટી-૨૦માં ભારત સામેનો સૌથી નીચો ટીમ-સ્કોર છે. ભારતનો આ અગાઉનો રેકોર્ડ ન્યૂ ઝીલેન્ડ સામે હતો જેમાં ૨૦૨૩માં અમદાવાદમાં ભારતે ૨૩૫ રન કર્યા પછી કિવીઓને ૬૬ રનમાં ઑલઆઉટ કરી નાખ્યા હતા.

(૪) યુએઈના બુધવારના ૫૭ રન મેન્સ ટી-૨૦ એશિયા કપમાં બીજા નંબરનો સૌથી નીચો સ્કોર છે. હોંગ કોંગના પાકિસ્તાન સામેના ૩૮ રન આ રેકોર્ડ બુકમાં લોએસ્ટ સ્કોર છે.

(૫) સ્પિનર કુલદીપ યાદવની ૭ રનમાં ૪ વિકેટ મેન્સ ટી-૨૦ એશિયા કપમાં સેકન્ડ બેસ્ટ બોલિંગ ઍનેલિસિસ છે. આ યાદીમાં ભુવનેશ્વર કુમાર (૨૦૨૨માં અફઘાનિસ્તાન સામે ૪ રનમાં ૫ વિકેટ) મોખરે છે.

(૬) આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારત લાગલગાટ ૧૫ મેચમાં ટોસ હાર્યું હતું. બુધવારે છેક ૧૬મી મેચમાં ભારતને ટોસ જીતવા મળ્યો હતો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કોઈ એક જ દેશ સતત ૧૫ વખત ટોસ હાર્યો હોય એવું પહેલી વખત બન્યું છે અને ભારતના નામે આ વિશ્વવિક્રમ છે. ■



# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# કોમેડી કરવી છે, કારણ કે...

## ૧૩ વર્ષની કારકિર્દીમાં વિવિધ રોલ ભજવ્યા પછી આલિયા ભટ્ટ ‘દીકરી મારી લાડકવાયી’ માટે નવી કેડી પર ચાલવા માગે છે

પિતા મહેશ ભટ્ટની ‘સંઘર્ષ’ (૧૯૯૯)માં બાળ કલાકાર તરીકે અભિનય યાત્રા શરૂ કર્યા પછી ‘સ્ટુડન્ટ ઓફ ધ યર’ (૨૦૧૨)માં પહેલી વાર હીરોઈન બનેલી આલિયા ભટ્ટ ૧૩ વર્ષમાં અવ્વલ અભિનેત્રી સાબિત થઈ છે. બાવીસેક ફિલ્મમાં વિવિધ પ્રકારની ભૂમિકા કરવાને પ્રાધાન્ય આપનારી આલિયા હવે અલાયદી ભૂમિકા કરવા તત્પર છે. આ નિર્ણય કરતા નિર્ણયનું કારણ જાણી અનેક લોકોને આશ્ચર્ય અને હેરત થયા છે.

૨૦૨૨ના એપ્રિલમાં રણબીર કપૂર સાથે લગ્ન થયા પછી કપૂર ખાનદાનની પુત્રવધૂ બની હોવાથી આલિયાની ફિલ્મ કેરિયર પર પડદો પડી જશે એવું જો કોઈએ ધાર્યું હોય તો એ મોટી ભૂલ હતી. આજની તારીખમાં હિન્દી ફિલ્મની હિરોઈન લગ્ન થયા પછી અને માતૃત્વ ધારણ કર્યા બાદ માતાના રોલમાં ફિટ કરી દેવાની ઈન્ડસ્ટ્રીની માનસિકતા ઘણે અંશે નીકળી ગઈ છે. આલિયા ઉપરાંત દીપિકા પાદુકોણ એના અગ્રણી ઉદાહરણ છે. ૨૦૨૨માં મેરેજ અને એ જ વર્ષે નવેમ્બરમાં માતા બન્યા પછી પણ હીરોઈનના રોલ માટે આલિયાની ડિમાન્ડમાં ઓટ નથી આવી. મજેદાર વાત તો એ છે કે આ તબક્કે આલિયામાં અત્યાર સુધી ક્યારેય ન કર્યો હોય એવો કોમિક રોલ - કોમેડી ફિલ્મ કરવા તાલાવેલી જોવા મળી રહી છે. આ નિર્ણયમાં રોલમાં વૈવિધ્ય કરતાં વધુ મજબૂત કારણ છે પુત્રી રાહા. દીકરી મોટી થાય અને મમ્મીની ફિલ્મ જોતી વખતે ખડખડાટ હસી શકે એ ઈચ્છા આલિયાના આ નિર્ણયમાં બળવત્તર છે. દીકરી મારી લાડકવાયી ભાવના પ્રમુખ ભાગ ભજવી રહી છે.

તેર વર્ષની નાનકડી કારકિર્દી દરમિયાન આલિયા ભટ્ટ વૈવિધ્યપૂર્ણ ભૂમિકા કરનારી સમર્થ અભિનેત્રી સાબિત થઈ છે. ‘સ્ટુડન્ટ ઓફ ધ યર’ની ગર્ભશ્રીમંત વૈભવી પરિવારની ફેશનેબલ પુત્રી, ‘હાઇવે’માં કડક દાબમાં રહેલી અને પછી અપહરણ કરવામાં આવેલી બિઝનેસમેનની પુત્રી. ‘રાઝી’ની વિચક્ષણ જાસૂસ, ‘ડિયર ઝિંદગી’ની અસલામતી અનુભવતી અને ખૂબ અસ્વસ્થ રહેતી સિનેમેટોગ્રાફર, ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ની વેશ્યા... આ વૈવિધ્યપૂર્ણ અને દમદાર યાદીમાં એક મહત્ત્વની શૈલી (જોનર)ની ગેરહાજરી વર્તાય છે. અને એ છે હળવો ફૂલ કોમેડી રોલ. પડદા પર આલિયાને જોઈ દર્શકોએ રોમેન્સ અનુભવ્યો છે, એને માટે અનુકંપા થઈ છે, જુસ્સાનો અનુભવ સુધ્ધાં કર્યો છે અને એની હિંમત માટે માન પણ થયું છે, પણ ક્યારેય એને જોઈને ખડખડાટ હસવાનો આનંદ લઈ શકાય એવો રોલ એણે ક્યારેય નથી કર્યો. આલિયાને હવે રૂપેરી પડદા પર કોમેડી કરવી છે. અગાઉ ન ભજવેલી ભૂમિકા ભજવવા કરતા વિશેષ તો દીકરી રાહાને ધ્યાનમાં રાખી આ ઈચ્છા જન્મી છે.

પ્રિય દર્શકોને પોતાનો એક નવો અવતાર જોવા મળે એના કરતાં દીકરી રાજી થાય એ કારણ કોમિક રોલ માટેના તલસાટનું



કારણ છે.

તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં આલિયા ભટ્ટે આ વાત મોકળા મને કરી છે. સિને પ્રેમીઓએ વિચાર્યું પણ નહીં હોય એ વાત પર ભાર આપી અભિનેત્રીએ કહ્યું છે કે દીકરી જોઈ શકે એવી ફિલ્મ પોતે હજી નથી કરી. રાહા હજી નવેમ્બરમાં ત્રણ વર્ષની થશે. અત્યાર સુધી આલિયાએ કરેલી ફિલ્મો એની અભિનયની ઊંચાઈ દર્શાવતી ભલે હોય, પણ રાહા જોઈને કિલકિલાટ કરી શકે એવી એક ફિલ્મ સુધ્ધાં નથી.

અલબત્ત, કોમેડી ફિલ્મ કરવાનો વિચાર અચાનક નથી આવ્યો. છેલ્લાં કેટલાક સમયથી આ વાત દિમાગમાં સળવળાટ કરી રહી છે. માતા બન્યા પછી એ ઈચ્છા તીવ્ર બની હોવાનો ખુલાસો ખુદ આલિયાએ કર્યો છે. એક ડગલું આગળ વિચારતી અભિનેત્રીએ ઈન્ટરવ્યૂમાં એમ પણ કહ્યું હતું કે ‘હાસ્યપ્રધાન રોલ ધરાવતા ચિત્રપટ અંગે વાતચીત ચાલી રહી છે. કશુંક નક્કર થશે એટલે હું જાહેરાત કરીશ.’

સંખ્યામાં નાની પણ વૈવિધ્યમાં વિશાળ કરિયર ધરાવતી આલિયા દરેક પાત્રમાં બહુ આસાનીથી ઢળી ગઈ હોવાનું જોવા મળ્યું છે. કોમિક રોલ એના માટે નવી કસોટી હશે અને એવા રોલની ફિલ્મ પરિવાર બાળકો સાથે જોઈ અને માણી શકે એનું આલિયાને મન વિશેષ મહત્ત્વ છે. પ્રતિકૂળ પરિસ્થિતિ સામે લડી લેતી કે પ્રેમભંગ થતી અથવા સામાજિક દૂષણનો સામનો કરતા પાત્ર ભજવ્યા પછી હવે પોતાની દીકરી સહિત સિને પ્રેમીઓને હસાવવા થનગની રહી છે.

દીકરી રાહાના જન્મ પછી આલિયાના કરિયર પ્રત્યેના દ્રષ્ટિકોણમાં બદલાવ આવવાની શરૂઆત થઈ છે. માતૃત્વ અને સખત પરિશ્રમ માંગતા વ્યવસાય વચ્ચે સંતુલન વિશે એ સતત ચર્ચા કરી રહી છે, પોતાના અભિપ્રાય આપી રહી છે. બાળ ઉછેરમાં સરખી જવાબદારી ઉપાડવા કાયમ તત્પર રહેતા પતિ રણબીર કપૂરને આલિયાએ બિરદાવ્યો છે. પરિણામે પારિવારિક જીવન અને વ્યવસાયિક જીવન વચ્ચે સંતુલન જાળવી રાખવામાં બંનેને મદદ મળે છે. આ સંતુલનની સૌથી મજેદાર વાત એ છે કે રણબીર - આલિયા ફરજની વહેંચણી કરવાની સાથે કરિયર અંગે નિર્ણય લેવામાં અનુકૂળ રહે છે.

કોમિક રોલ કરવા ઉત્સુક આલિયા પાસે હાલ રહેલા ચિત્રપટ એના અભિનય સામર્થ્યને પુષ્ટિ આપે છે. ‘યશરાજ ફિલ્મ્સ’ના સ્પાય યુનિવર્સની ‘આલ્ફા’ પર અનેક લોકોની નજર છે. ફિલ્મમાં આલિયા મહિલાના લડાયક સશસ્ત્ર દળનું નેતૃત્વ કરે છે. આ સ્પાય યુનિવર્સની ફિલ્મમાં પહેલીવાર નારી શક્તિ અગ્રસ્થાને છે. શર્વરી વાઘ અને બોબી દેઓલ સહ કલાકાર છે. સખત શારીરિક શ્રમ માંગતી આલિયાની કરિયરની આ પહેલી ફિલ્મ છે અને એમાં અભિનેત્રી કેવી કમાલ દેખાડે છે એ જોવા - જાણવા દર્શકોમાં ઉત્સુકતા છે. આ ઉપરાંત સંજય ભણસાલીની ‘લવ એન્ડ વોર’માં પણ આલિયા એક વિશિષ્ટ ભૂમિકામાં જોવા મળશે એવી આશા અસ્થાને નથી.

આલિયાએ ભલે દીકરી માટે કોમેડી ફિલ્મ કરવાનો નિર્ણય લીધો હોય, અંતે ફાયદો તો સિને દર્શકોનો જ છે. રણબીર કપૂરે રોમેન્ટિક ઈમેજમાંથી બહાર નીકળી ‘એનિમલ’માં સાવ અલગ રોલ કરી સફળતા મેળવી. આલિયાની કરિયરમાં શું થશે એ તો આવનારો સમય જ કહેશે. ■

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા


# જમાવટ કરતો નવી ઓન-સ્ક્રીન જોડીનો જાદુ

## ‘લવ સ્ટોરી’થી ‘સૈયારા’ સુધીની મજેદાર સફર

**સિનેમામાં** એક વાત વારંવાર સાબિત થઈ છે કે ઓડિયન્સને હંમેશાં ફ્રેશનેસ જોઈએ છે. વારંવાર એક જ સ્ટાર્સની જોડી જોતા-જોતા દર્શકો થાકી જાય છે અને જેમ સ્ક્રીન પર કોઈ નવો ચહેરો આવે ત્યારે એમની ઉત્સુકતા વધી જાય છે.

તાજેતરમાં આ જ ઘટના ફરી જોવા મળી ‘સૈયારા’ સાથે. અહાન પાંડે અને અનીત પદ્દા એ બે નવા કલાકારની જોડી પહેલી જ ફિલ્મથી એટલી હિટ થઈ ગઈ કે ફિલ્મે દુનિયાભરમાં ₹૫૭૬ કરોડનું કલેક્શન કરી નાખ્યું.

આજકાલ જ્યાં સુપરસ્ટાર્સની ફિલ્મ્સ પણ અપેક્ષા પ્રમાણે નથી ચાલતી ત્યાં નવા ચહેરા મોટી સફળતા મેળવે એ ખરેખર બોલિવૂડ માટે તાજી હવાની લહેર સમાન છે. ‘સૈયારા’ની સફળતાએ અનેક પ્રકારની ચર્ચાની શરૂઆત કરી. નવા ચહેરાની વાત કરીએ તો ‘સૈયારા’એ બધાને ૮૦-૯૦ના દાયકાની યાદ પણ અપાવી દીધી. ચાલો, થોડા ઉદાહરણો સાથે વાત અહીં આપણે માંડીએ...



શાહરુખ– કાજોલ


આમિર ખાન અને જૂહી ચાવલાની જોડી પણ ‘કયામત સે કયામત’ (૧૯૮૮)થી સીધી જ દર્શકોના દિલમાં ઊતરી ગઈ હતી. એ જ રીતે, ૨૦૦૦માં જ્યારે ‘કહો ના પ્યાર હૈ’ રિલીઝ થઈ ત્યારે હૃતિક રોશન અને અમીશા પટેલની જોડી સ્ક્રીન પર આવી. એ ફિલ્મ પણ બ્લોકબસ્ટર બની અને હૃતિકને રાતોરાત સુપરસ્ટાર બનાવી દીધો. આ જ પેટર્ન હવે ‘સૈયારા’માં જોવા મળી છે. બે નવા ચહેરા અને એ પણ સાથે!

નવી જોડીઓ સાથે ફિલ્મ હિટ થવા પાછળ એક સાદું કારણ જણાય છેઃ રિલેટેબિલિટી. દર્શકોને એમ થાય છે કે આ ચહેરા નવા છે એટલે એમાં એ પોતાનું પ્રતિબિંબ જોઈ શકે. જ્યારે સ્ટાર્સ કારકિર્દીમાં આગળ વધી જાય છે ત્યારે તેમની ઇમેજ એટલી પાવરફુલ બની જાય છે કે પડદા પર એમનાં પાત્રથી વધુ એ પોતે નજરે પડે છે. નવા કલાકારો સાથે એ બેગેજ નથી એમણે આ ‘ભાર’ ઊંચકવો નથી પડતો. ‘સૈયારા’માં અહાન અને અનીતે જે નિર્દોષ પ્રેમ બતાવ્યો એમાં લોકો પોતાનો પ્રેમ, યુવાની, સફર વગેરે જોઈ શક્યા.

૨૦૦૩માં ‘ઇશ્ક વિશ્ક’ નામની નાની ફિલ્મ આવી, પણ એમાંથી પણ સ્ટારનો જન્મ થયો હતો- શાહિદ કપૂર. એની સાથે અમૃતા રાવની જોડી એ સમયે દર્શકોને ખૂબ ગમી ગઈ હતી. એ ફિલ્મ પછી શાહિદને ચોકલેટ બોય ઇમેજ મળી અને અમૃતાએ પણ યુવાપેઢીમાં લોકપ્રિયતા મેળવી. ‘સૈયારા’ની જેમ જ મરાઠી ફિલ્મ ‘સૈરાટ’ (૨૦૧૬) જબરદસ્ત ગીતો અને ફ્રેશ જોડી સાથેની એક હિટ રોમેન્ટિક ફિલ્મ હતી. આ ફિલ્મથી રિંકુ રાજગુરુ અને આકાશ ઠોસરની જોડી અત્યંત લોકપ્રિય થઈ હતી.




અમીશા– હૃતિક




આમિર ખાન – જૂહી ચાવલા

૧૯૮૧માં રિલીઝ થયેલી ‘લવ સ્ટોરી’એ નવો યુગ શરૂ કર્યો હતો. કુમાર ગૌરવ - વિજયતા પંડિત બંને પહેલીવાર પડદા પર આવ્યા હતા. એ ફિલ્મનાં ગીતો ઠેર-ઠેર વાગતા હતા અને કુમાર ગૌરવ ચોકલેટ હીરો તરીકે યુવાનોમાં ક્રેઝ બની ગયો હતો. એ જ રીતે વિજયતા પણ ઘરમાં-ઘરમાં ઓળખાવા લાગેલી. એ જ રીતે ૧૯૮૫માં ‘બેતાબ’ આવી જેમાં સની દેઓલ અને અમૃતા સિંહે ડેબ્યુ કર્યું. ફિલ્મ પછી બંનેની ફ્રેશ જોડી લોકપ્રિય થઈ ગઈ. ૧૯૯૫માં આવેલી ‘બરસાત’ સાથે બોબી દેઓલ અને ટ્વિંકલ ખન્નાએ પણ પહેલીવાર સ્ક્રીન શેર કરી. ફિલ્મના ગીતો સુપરહિટ થયા અને બોબી-ટ્વિંકલની ફ્રેશ જોડી પણ એ વખતે ખૂબ ચર્ચામાં રહી.

‘સૈયારા’ પ્રકારની ફિલ્મના ઉદ્‌ભવસ્થાન જેવી ૧૯૯૦માં રિલીઝ થયેલી ‘આશિકી’ પણ નવી હિટ જોડીનું એક મજબૂત ઉદાહરણ છે. રાહુલ રોય - અનુ અગ્રવાલની આ પહેલી ફિલ્મ અને તેના સંગીતે દર્શકોને એ સમયે પાગલ કર્યા હતા.



વિજયતા–કુમાર ગૌરવ



રણબીર–દીપિકા

૨૦૧૩માં તેની સિક્વલ ‘આશિકી ૨’ આવી, જેમાં આદિત્ય રોય કપૂર અને શ્રદ્ધા કપૂરની જોડી સ્ક્રીન પર આવી. ફિલ્મ સંગીતના સહારે સુપરહિટ થઈ અને બંને કલાકારોને લોકપ્રિય બનાવી દીધા. જો કે એ ફિલ્મ આદિત્ય અને શ્રદ્ધાની પ્રથમ ફિલ્મ નહોતી, પણ આદિત્યએ એ પહેલાં લીડ રોલ નહોતો કરતો અને શ્રદ્ધાએ લીડ રોલમાં કોઈ ફિલ્મ હિટ નહોતી આપી એટલે દર્શકો માટે તો ફ્રેશ જોડી જ રહી.



અહાન પાંડે – અનીત પદ્દા

આમેય નવી જોડી ફક્ત કમર્શિયલ માયાજાળ નથી, એ વારંવાર સિનેમાને નવી દિશા પણ આપે છે. ‘સૈયારા’ની સફળતા દર્શાવે છે કે આજે પણ દર્શકોને સારી લવ સ્ટોરી જોવી છે. છેલ્લાં વર્ષોમાં બોલિવૂડમાં મસાલા, એક્શન અને પાન-ઇન્ડિયા લાર્જ- સ્કેલ પ્રોજેક્ટ્સ પર ભાર વધ્યો હતો, પણ અત્યારે રોમેન્ટિક ફિલ્મ્સનો સમય પાછો આવવાની શક્યતા પણ નકારી શકાય નહીં.

આજની જનરેશન સોશ્યલ મીડિયા પર વધુ એક્ટિવ છે. નવું કપલ એમને રિફ્રેશિંગ- તાજું લાગે છે. ‘સૈયારા’ની જોડીના ફોટો અને ગીતો રીલ્સ અને પોસ્ટ્સમાં ટ્રેન્ડ થયા. આમ આ સોશ્યલ મીડિયાનો સપોર્ટ પણ નવા ચહેરાઓ માટે મદદરૂપ થાય છે.

દરેક પેઢીએ પોતાનું નવું ઓન-સ્ક્રીન કપલ જોયું છે અને એમને દિલમાં જગ્યા આપી છે. આમિર-જુહી, શાહરુખ-કાજોલ, હૃતિક-અમીશા, રણબીર-દીપિકા, આદિત્ય-શ્રદ્ધા. દરેક સમયમાં કોઈને કોઈ નવી જોડી આવી અને સિનેમા માટે યાદગાર બની. હવે એ લીસ્ટમાં અહાન-અનીતનું નામ પણ જોડાઈ ગયું છે. મનોરંજન દેવની કૃપા બની રહી તો સિનેમાને નવા ચહેરા- નવી વાર્તા અને નવી બ્લોકબસ્ટર ફિલ્મ્સ હંમેશાં મળતી રહેશે!

**લાસ્ટ શોટ**

***અનીત પદ્દા ‘સૈયારા’ પહેલાં ‘સલામ વેન્કી’ નામની ફિલ્મ અને વેબ સિરીઝ ‘બિગ ગર્લ્સ ડોન્ટ ક્રાય’માં પણ કામ કરી ચૂકી છે.*** ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# આમિર-ઋષિદાની ફિલ્મથી આપણે વંચિત રહી ગયા!

## અસાધારણ વૈવિધ્ય અને બેસુમાર સફળતા છતાં સચિન ભૌમિકને સલીમ - જાવેદ જેવી શોહરત મળી નહીં એ વરવી


૧૯૫૦ - ૬૦ના દાયકામાં પંડિત મુખરામ શર્મા (સાધના, ધૂલ કા ફૂલ ઈત્યાદિ) તેમજ ૧૯૭૦ - ૮૦ના દાયકામાં સલીમ - જાવેદ (ઝંઝીર, ક્રાંતિ ઈત્યાદિ)ના અપવાદ બાદ કરતા હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ કલમનવેશો (કથા - પટકથા લેખકો)ને વિશેષ મહત્ત્વ કે માનપાન નથી આપ્યા. એ તો મુખરામ શર્મા અને સલીમ - જાવેદે 'પોસ્ટર પર હમારા નામ હોના ચાહિયે' એવો વટથી આગ્રહ રાખ્યો હતો એટલે એમનાં નામનાં વાજાં વાગ્યાં.

જોકે, ૫૦ વર્ષ (લાજવંતી - ૧૯૫૮થી યુવરાજ - ૨૦૦૮)ની લેખન કારકિર્દીમાં ૧૦૦ કરતાં વધુ ફિલ્મોમાં પેનનો પાવર દર્શાવનારા કથા-પટકથા અને સંવાદ લેખક સચિન ભૌમિકનું નામ ગાજવું જોઈએ એવું ગાજ્યું નથી. સલીમ - જાવેદ જેવી શોહરત એમને નથી મળી એ વરવી વાસ્તવિકતા છે.

સલીમ - જાવેદની નિપુણતાને બે હાથની સલામ, પણ એમના ઢોલ નગારાં વગાડનારી 'ઝંઝીર' અને એ પછી મળેલી એમની ભવ્ય સફળતામાંથી જો અમિતાભ બચ્ચનના નામની બાદબાકી કરીએ તો વિશેષ કંઈ રહેતું નથી. એ હિસાબે ભૌમિક સાહેબનું કાર્યફલક વિસ્તૃત છે. અલગ અલગ ફિલ્મકારો સાથેની એમની જોડી અને એ જોડીએ આપેલી સફળ - યાદગાર ફિલ્મોની યાદી ઘણું કહી જાય છે.

ભપ્પી સોની સાથે 'બ્રહ્મચારી' અને 'જાનવર', જે. ઓમપ્રકાશ સાથે 'આયે દિન બહાર કે' અને 'આયા સાવન ઝૂમ કે', પ્રમોદ ચક્રવર્તી સાથે 'લવ ઈન ટોક્યો' અને 'તુમસે અચ્છા કૌન હૈ', શક્તિ સામંત સાથે 'એન ઈવનિંગ ઈન પેરિસ' અને 'આરાધના'... સિવાય દુલાલ ગુહા, હૃષીકેશ મુખરજી, નાસિર હુસૈન, સુભાષ ઘઈ, રાકેશ રોશન... યાદી લાંબી અને દમદાર છે. દિગ્દર્શકો અલગ અને એક્ટર પણ અલગ અલગ.

નોંધપાત્ર બાબત એ છે કે 'આરાધના'થી રાજેશ ખન્નાને સુપરસ્ટાર બનાવવામાં તેમ જ શર્મિલા ટાગોર, એસ. ડી. બર્મન અને કિશોર કુમારની નવી અને દમદાર ઈનિંગ્સ શરૂ કરવામાં, 'કિંગ અંકલ'ની નિષ્ફળતા પછી રાકેશ રોશનને 'કરણ અર્જુન' જેવી સુપરહિટ આપવામાં, સુભાષ ઘઈ સાથે 'કર્ઝ'. 'વિધાતા' અને 'કર્મા' તેમ જ મહેશ ભટ્ટ, અબ્બાસ - મસ્તાન સુધી લેખનકાર્યની સફળતાનો સિલસિલો જારી રાખવામાં નિમિત્ત બન્યા હોવા છતાં આ બધી ફિલ્મ, એના એક્ટરો, એના ફિલ્મકારોને આજે પણ યાદ





'આરાધના' પછી રાજેશ ખન્ના – શર્મિલા ટાગોરનાં ગીત ગવાયાં પણ સચિન ભૌમિક વિસરાઈ ગયા

કરવામાં આવે છે, જ્યારે એ ઈમારતના પાયામાં મહત્ત્વના પથ્થર એવા સચિન ભૌમિકને કોઈ યાદ નથી કરતું. અમૃત ઘાયલનો એક શેર અહીં યાદ આવી જાય છે : 'કેમ ભૂલી ગયા? દટાયો છું, આ ઈમારતનો હુંય પાયો છુ'.

મોહન સેહગલની 'લાજવંતી' (૧૯૫૮ - બલરાજ સાહની અને નરગિસ)થી ફિલ્મોમાં કલમના કસબનો પ્રારંભ કરનારા બંગાળીબાબુ સચિન ભૌમિક એ સમયના બે દિગ્ગજ ફિલ્મમેકર બિમલ રોય અને ગુરુ દત્ત સાથે કામ કરવા તલપાપડ હતા. જોકે, બિમલદા શરદબાબુની સાહિત્ય રચના તેમજ નબેન્દુ ઘોષ અને રીત્વિક ઘટક જેવા બંગાળના મહારથી કલમકારો અને ગુરુ દત્ત પાસે અબરાર અલ્વી જેવા ખમતીધર લેખક હોવાથી આ બંને ફિલ્મમેકર સચિન ભૌમિકમાં રસ કેમ નહોતા લેતા એ સમજી શકાય છે. જોકે, બિમલ રોયના એક સમયના સહાયક અને સ્વતંત્ર ફિલ્મમેકર તરીકે સંઘર્ષ કરી રહેલા ઋષિકેશ મુખરજીના ધ્યાનમાં ભૌમિક સાહેબની તત્પરતા આવી. એ સમયે ઋષિદા રાજ કપૂર - નૂતનને લઈ 'અનાડી' બનાવી રહ્યા હતા. એમણે ભૌમિકને એક અલાયદી ઓફર આપી કહ્યું કે 'મારી 'અનાડી' હિટ થશે તો હું તને સ્વતંત્ર લેખક તરીકે મોકો આપીશ, પણ જો ફ્લોપ ગઈ તો તારે મને કામ શોધી આપવાનું.'

લેખક મહાશય તો તૈયાર થઈ ગયા અને 'અનાડી' માટે કેટલાક સીન લખી આપવાનું ઔદાર્ય પણ દેખાડ્યું. સદનસીબે 'અનાડી' સુપરહિટ થઈ અને ઋષિદાએ 'મેમદીદી', 'છાયા' અને 'અનુરાધા' એમ લાગલગાટ ત્રણ ફિલ્મનું લેખનકાર્ય સચિન ભૌમિકને સોંપ્યું. બલરાજ સાહની - લીલા નાયડુની 'અનુરાધા'ને શ્રેષ્ઠ ચિત્રપટનો પ્રેસિડેન્ટ ગોલ્ડ મેડલ એનાયત થયો.

ઋષિકેશ મુખરજી સાથેની ફિલ્મોની વાતચીત કરતી વખતે સચિન ભૌમિકે એક એવી વાતનો ઉલ્લેખ કર્યો હતો જેની ભાગ્યે જ કોઈને જાણ હશે. ૧૯૮૮માં સંજીવ કુમાર, ઝીનત અમાન અને રાજ બબ્બરને લઈ 'નામુમકિન' ફિલ્મ બનાવ્યા પછી ઋષિદા જાણે કે ફિલ્મમેકિંગમાંથી નિવૃત્ત થઈ ગયા હતા. જોકે, ૧૦ વર્ષના સમય પછી એમણે 'જૂઠ બોલે કૌવા કાટે' ફિલ્મ બનાવવાનો સંકલ્પ જાહેર કર્યો હતો. આ ફિલ્મની પટકથા ઋષિદા અને સચિન ભૌમિકે સાથે મળી લખી હતી. શરૂઆતમાં આ ફિલ્મના હીરો તરીકે આમિર ખાનને લેવા વિશે વિચાર કરવામાં આવ્યો હતો. કોઈ કારણસર આ વિચાર અમલમાં મુકાયો નહીં અને પોતાની કારકિર્દીની અંતિમ ફિલ્મ ઋષિદાએ અનિલ કપૂરને હીરો તરીકે લઈ બનાવી હતી. આમ ફિલ્મ રસિકો આમિર - ઋષિદાની ફિલ્મથી વંચિત રહી ગયા.

'આરાધના' વિશે એક મજેદાર વાત જાણવા જેવી છે. સચિન ભૌમિકની 'અનુરાધા'ને બોક્સ ઓફિસ પર સફળતા નહોતી મળી, પણ બર્લિન આંતરરાષ્ટ્રીય ચિત્રપટ મહોત્સવમાં આમંત્રણ મળ્યું હોવાથી ત્યાં એ દર્શાવવામાં આવી હતી. લેખકબાબુ બર્લિન ગયા અને ત્યાં એમણે અનેક વિદેશી ફિલ્મો જોઈ. એમાં એક હતી અમેરિકન રોમેન્ટિક ફિલ્મ To Each His Own (૧૯૪૬). આ ફિલ્મ પરથી પ્રેરણા લઈ સચિનદાએ 'આરાધના' લખી હતી. શક્તિ સામંતની આ સુપર ડુપર હિટ ફિલ્મની રિ-મેક તેલુગુમાં Kannavari Kalalu નામથી અને ત્યારબાદ તમિળ ભાષામાં Sivagamiyin Selvan નામથી બની હતી. સાઉથની બંને ભાષામાં કથા લેખક તરીકે સચિન ભૌમિકને ક્રેડિટ આપવામાં આવી હતી.

આમ જુઓ તો સચિન ભૌમિકની લેખક તરીકેની કારકિર્દી સમય કરતાં પણ વૈવિધ્યમાં વિશાળ છે. એમની કલમે 'દોસ્ત', 'જિંદગી' જેવી માનવીય સંવેદનાની કથા અવતરી અને સાથે સાથે સસ્પેન્સ, ક્રાઈમ થ્રિલર, એક્શન ડ્રામા, લવ સ્ટોરી, મેલોડ્રામા અને કોમેડી ફિલ્મો સુધ્ધાં અવતરી છે અને અનેક ફિલ્મોએ દર્શકોને મનોરંજન આપ્યું છે અને નિર્માતા - વિતરકોના બેન્ક બેલેન્સ વધાર્યા છે. આટલું જાણ્યા પછી આવા ગુણી લેખકને ભૂલી જવાનો આપણે ગુનો કર્યો હોય એવું નથી લાગતું? ■

કલેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## એ 'ભાઈ' નથી 'ગુંડો' છે!



અભિનવ કશ્યપ

અનુરાગ કશ્યપના ભાઈ કરતાં 'દબંગના' ડિરેક્ટર તરીકે વધુ ઓળખાતા અભિનવ કશ્યપે બોંબ ફોડ્યો છે. અભિનવે સલમાન ખાનને 'ગુંડો' કહ્યો છે અને સલમાનને બદલો લેનાર વ્યક્તિ અને કુસંસ્કારી તરીકે પણ ઓળખાવ્યો છે. 'દબંગ' દરમિયાન પોતાના અનુભવો વર્ણવતા અભિનવે કહ્યું છે કે સલમાન બધાં ઉપર ઉપકાર કરતો હોય એવો એટિટ્યુડ દેખાડતો હોય છે. એને એક્ટિંગ કરવામાં કોઈ જ રસ નથી...અભિનવે તો સલમાન ખાનના પરિવાર ઉપર પણ ગંભીર આરોપ મૂક્યા છે. એના કહેવા અનુસાર આ પરિવાર પોતાની જીહજૂરી કરનારને પોતાની નજીક રાખે છે. જો તમે એમના હુકમની વિરુદ્ધ જઈને ફિલ્મ બનાવવાનો પ્રયાસ કર્યો તો પત્યું! આ પરિવાર આદુ ખાઈને તમારી પાછળ પડી જાય છે, ત્યાં સુધી જ્યાં સુધી કે તમારો સત્યાનાશ ન વળી જાય...!

આ અગાઉ પણ અભિનવે 'ભાઈજાન' સલમાન પર આરોપો મૂક્યાં હતાં. બે વર્ષ અગાઉ એક પોડકાસ્ટમાં એણે કહ્યું હતું કે 'તેરે નામ' ફિલ્મમાં જે પ્રકારનું સલમાનનું પાત્ર હતું એ અનુરૂપ એણે સલમાનને એની છાતીના વાળ વેક્સ ન કરાવવાનું જણાવ્યું હતું, પરંતુ સલમાનને આ સૂચનથી એટલું બધું ખોટું લાગી ગયું કે એણે અનુભવને ફિલ્મમાંથી જ કાઢી મૂક્યો...!

## 'રાંઝણા'નો બદલો 'તનુ અને મનુ' સાથે?




આનંદ એલ રાય અને 'ઈરોસ' વચ્ચેનાં સંબંધમાં જબરદસ્ત ખટાશ આવી ગઈ છે. થોડાં સમય અગાઉ ઈરોસે 'રાંઝણાની' તમિલ આવૃત્તિનો અંત AI ની મદદથી બદલીને પોઝિટીવ કરીને ફરી રિલીઝ કરી હતી. ત્યારે આનંદ એલ રાયે જબરો વિરોધ નોંધાવ્યો. એટલું જ નહીં, રાયે તો ધનુષ સાથે વાત કરીને 'ઈરોસ' ને કોર્ટમાં ઘસડી જવાની ધમકી પણ આપી હતી. એવું લાગે છે કે આનંદની 'રાયને' બદલે ધમકી આપવાને લીધે 'ઈરોસ' ને ચાટી ગઈ છે. થોડાં સમય અગાઉ આનંદભાઈએ 'ઈરોસ'ને જાણ કર્યા વગર જ 'તનુ વેડ્સ મનુ ૩' બનાવવાની શરૂ કરી દીધી છે આવાં સમાચારો વહેતાં થયાં હતાં. આ ફ્રેન્ચાઇઝીનાં પહેલાં-બીજાં ભાગનાં પ્રોડ્યુસર 'ઈરોસ' જ હતાં. હવે જો આનંદભાઈ 'ઈરોસ'ને કાયદેસર કામ કરવાની ધમકી આપે તો 'ઈરોસ' પણ કેમ પાછળ રહી જાય?

આથી, ન્યૂઝ રિપોર્ટનો હવાલો આપીને 'ઈરોસે' આનંદ એલ રાયને કાનૂની નોટિસ ફટકારી દીધી છે કે 'તનુ અને મનુ'ની ફ્રેન્ચાઇઝીનાં સર્વ હક્ક તેમને સ્વાધીન છે... 'ઈરોસે' પોતાની આ નોટિસમાં એવું પણ ઉમેર્યું છે કે એ લોકો ઓલરેડી 'તનુ-મનુનો' ત્રીજો ભાગ બનાવવાની પ્રોસેસ ચાલુ કરી ચૂક્યાં છે. આટલું જ નહીં, પણ અમે તો ઓડિશન્સ પણ કરી રહ્યાં છીએ માટે આ દિશામાં આગળ વધવાની 'ગુસતાખી ' કરતા જ નહીં!

## 'સાફ્ડા હક્ક એથ્થે રખ!'



આમ તો આ ગીત કરિશ્મા કપૂરનાં સંતાનના મામાની ફિલ્મનું છે, પરંતુ અત્યારે આ બાળકોએ પોતાના 'હક્ક' માટે દિલ્હી કોર્ટનું શરણ લેવું પડ્યું છે. પૂર્વ પતિ સંજય કપૂરથી કરિશ્માને બે બાળક છે. થોડા સમય પહેલાં સંજય કપૂરનું ગોલ્ફ રમતાં આકસ્મિત મૃત્યુ થયું હતું. મૃત્યુ બાદ શરૂઆતમાં સંજયની બીજી પત્ની પ્રિયા કપૂરે જાહેર કર્યું હતું કે સંજયે કોઈ વિલ બનાવ્યું ન હતું. પ્રિયાએ એમ પણ કહ્યું હતું કે સંજયની તમામ સંપત્તિ આર.કે ફેમિલી ટ્રસ્ટની સંપત્તિ છે.

અચાનક પ્રિયાએ પોતાનું સ્ટેટમેન્ટ બદલ્યું અને સંજયનું 'વિલ' જાહેર કર્યું. હવે કરિશ્મા કપૂરે બંને સંતાન વતી પ્રિયા વિરુદ્ધ છેતરપિંડીનાં આરોપ સાથે કેસ કરી દીધો છે કે પ્રિયા કપૂરે જાહેર કરેલું આ વિલ નકલી છે.! આ મામલો આગળ જતા વધુ ગૂંચવાશે, કારણ કે વીલ કે નો વીલ, સંજય કપૂરની સંપત્તિનો આ કેસ કુલ ૩૦ હજાર કરોડથી પણ વધુનાં મૂલ્યનો છે...! ■

## કટ એન્ડ ઓકે...




'બજેટનો પ્રોબ્લેમ સોલ્વ થઇ ગયો છે એટલે હવે અમે 'ક્રિશ-૪' ૨૦૨૭માં રિલીઝ કરીશું.' એવું જાહેર કર્યું છે સુપરસ્ટાર હૃતિકના ડેડી રાકેશ રોશને...

સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# બધાને ખુશ રાખવા એટલે જીવતા દેડકાને ત્રાજવામાં જોખવા...



ટુરના દિવસો હવે 'શેષ' બચે તે 'અવશેષ' બની જાય તે પહેલાં 'વિશેષ' બનાવી લઈએ એવું અમે વિચારતાં રહેતાં. વધુ એક સ્થળે જવાનું નક્કી થયું, જે ત્યાંનું 'ખાસ' હતું એ બામ્બુ ડાન્સ.

આ જગ્યા અજી હાઉસથી ખાસ્સી દૂર હતી. સિદ્ધાર્થે ચોખવટ કરેલી કે 'ત્યાં મોડું તો થશે, જેમને ઇચ્છા ઓછી હોય એ અજી હાઉસમાં આરામ ફરમાવે, ખોટા હેરાન ન થાય. બાકી નવીનતા નિહાળવાની ઇચ્છા હોય તો આ જુદા પ્રકારના ડાન્સ, 'બામ્બુ ડાન્સ' જોવાનો લહાવો છોડાય નહીં.'

એક-બેને બાદ કરતાં લગભગ બધાં તૈયાર થઈ ગયાં. રજની શાંતારામનું મન થોડું ઢચુ-પચુ થતું હતું, પણ 'લહાવો' લેવાં સાથે જોડાયા. મેટાડોર (ત્યાં કોમ્બી કહે છે.)માં બધા ગોઠવાયાં.

અમારો સંઘ બામ્બુ ડાન્સ જોવા નીકળ્યો. સ્થળ ખૂબ દૂર હતું. એ વખતે ટુ-ઈન-વન રેકોર્ડર નવા-નવા હતાં. મુંબઈમાં બહુ ઓછાં દેખાતાં. ત્યાં નૈરોબીમાં બહુ જોવા મળતાં. ઊભેલી વેનમાં સ્પીકર મૂકી નીગ્રો જોરશોરથી મ્યુઝિક સાંભળતાં હોય. આમ પણ આ પ્રજા સંગીતની બેહદ શોખીન. ટ્રાફિકને લીધે અમારી મેટાડોર એક જગ્યાએ અટકી. બહાર નાની બજાર જેવું દેખાયું. ત્યાં એક ખૂબ મોટું ટુ-ઇન-વન વાગતું હતું. રજનીબહેન કહે 'અરે! આટલું મોટું રેકોર્ડર?' સિદ્ધાર્થ કહે, 'હા, આની ખૂબી છે. ગીત વાગે એટલે ગાયક આ સ્પીકરની બહાર નીકળે.' અમે બધાં હસી પડ્યાં. રજનીબહેનને વાત સમજાણી નહીં. એ વિચિત્ર નજરે સિદ્ધાર્થ સામે જોતાં રહ્યાં. એમ લાગે જાણે આ વાતને એમણે સાચી ન માની લીધી હોય?. સિદ્ધાર્થને થયું નક્કી રજનીબહેનને આ મીઠી મજાકનું ખોટું લાગ્યું લાગે છે. ભલે વાત કોઈ નથી માનતું પણ વાતનું ખરાબ સૌને લાગે છે. બેસીબેસીને પગ ભારે થઈ ગયાં પણ પેલું સ્થળ આવતું જ નહોતું. રજનીબહેન સખત કંટાળ્યા હતાં. 'મને પાછી અજી હાઉસ મૂકી જાવ.' સિદ્ધાર્થનાં મગજનો પારો ગયો.:

'રજનીબહેન, મેં બધાને કહ્યું હતું કે બહુ દૂર જવાનું છે, ઇચ્છા ન હોય તો અજી હાઉસમાં આરામ કરો. હવે આટલે દૂર આવ્યા પછી પાછા કેવી રીતે તમને મુકવા આવે?' વાત થોડી વણસી પડી. અંતે મેં કહ્યું, 'સિદ્ધાર્થ, આપણને પહોંચી જવા દે પછી નક્કી કરીએ.' ત્યાં તાત્પુરતી થોડી શાંતિ પથરાય ગઈ... જેવાં ત્યાં પહોંચ્યાં કે વાત ફરી સળવળી. 'મને પ્લીઝ, મૂકી જાવ' રજનીબહેને પાછું શરૂ કરી દીધું. અમે નીચે ઊતરી કાર્યક્રમનો સમય જાણ્યો. નક્કી એવું થયું કે અમે બધા બામ્બુડાન્સનો પ્રોગ્રામ જોઈએ. ત્યાં સુધીમાં મેટાડોરમાં ડ્રાઈવર રજનીબહેનને અજી હાઉસ મૂકી અહીં પાછો આવે. સિદ્ધાર્થની વાત સાચી હતી. જો આવો 'કંટાળો' આવી જતો હોય તો કાં તો મૂંગા મોઢે સાથે રહેવું જોઈએ કાં આવવું જ ન જોઈએ. બધાને ખુશ રાખવા એટલે જીવતાં દેડકાને ત્રાજવામાં જોખવા જેટલું અઘરું છે. કોઈ મહારાણીની જેમ રજનીબહેન મેટાડોરમાં એકલાં બેસીને અજી હાઉસ જવાં નીકળી ગયાં. ગરમ થયેલું વાતાવરણ ધીમેધીમે ઠંડું પડવા લાગ્યું. ક્ષમા એક વ્યક્તિ કરે છે, મુક્તિ બે જણની થાય છે. ક્ષમા તો નહીં પણ રજનીબહેનને પાછા મોકલીને સિદ્ધાર્થને શાંતિ તો મળી હશે અને રજનીબહેનને પણ પોતાનો કક્કો સચવાયાનો હરખ થયો હશે.

અમે બધાએ પ્રેમ ભરીને બામ્બુડાન્સ જોયાં. અદ્ભુત... જુદા-જુદા પ્રકારનાં અપ્રતિમ નૃત્ય એ પણ બામ્બુની અલગ અલગ સાઈઝ સાથે, શરીરની અંગીમાં ગજબ હતી. ત્યાં બિયરનાં ટીન સાથે પોટેટો ચિપ્સ માણ્યાં. અમુક જગ્યાએ ચિપ્સની વિચિત્ર સ્મેલ આવતી હતી. આવું ઘણી જગ્યાએ અનુભવ્યું હતું. આ બધાનું સમાપન થતાં સમય લાગ્યો. ત્યાં સુધીમાં પેલાં બહેનને અજી હાઉસ મૂકીને મેટાડોર આવી ગયેલો.

બીજા દિવસનો શો પતાવી અમારાં શો કિશુમુ અને નકુરુમાં હતાં એટલે ત્યાં જવાં નીકળવાનું હતું. અમને ત્રણેયને નવાઈ એ વાતની લાગતી હતી કે 'મસાઈમારા'નું કોઈ નામ જ નહોતું લેતું. એક નફફટ વિચાર ત્રણેયનાં મનમાં આવી જતો કે આ બે શો પછી જો મસાઈમારા ન લઈ જવાનાં હોય તો શો ન કરીએ? આ વિચાર ખોટો હતો પણ બળાપો બળવત્તર હતો. માની લેવું, ધારી લેવું અને કહી દેવું એ સંબંધ બગડવાના સરળ રસ્તાઓ છે, પરંતુ પૂછી લેવું, જાણી લેવું અને સમજી લેવું એ ગેરસમજ દૂર કરવાના સરળ ઉપાયો છે. અમે ખોટા વિચાર કરવાને બદલે ગેરસમજ કેમ દૂર કરવી એ વિચારે ચડી ગયાં. સારા જરૂર બનવું પણ સાબિત કરવા મહેનત ન કરવી એ જ ઉકેલ દેખાયો.

બીજા દિવસનો શો પત્યો. વહેલી સવારે કિશુમુ જવા નીકળ્યાં. રસ્તાઓ વિષે કઈ કહેવાપણું નહોતું. મસ્કા જેવા રસ્તા.. રસ્તા પર વેન ચાલે અને બંને બાજુએ કમાન બની 'છાયો' દેતાં ગુલમહોરનાં વૃક્ષો. એ દ્રશ્ય નિહાળી છાતી ગજ-ગજ ફૂલતી કે જોવાની ઇચ્છા કેવી ફળીભૂત થઈ રહી છે.!

કિશુમુમાં ઘણું ફર્યા. શો પતાવી અમે નકુરુ જવા નીકળ્યાં. કુદરતે ચારેકોર અકલ્પનીય લીલોતરી વરસાવી હતી. નકુરુમાં જલારામ બાપાનું જબરજસ્ત મંદિર છે. ત્યાં રહેવાની વ્યવસ્થા પણ છે. સનાતન હિંદુઓ ત્યાં આવે છે, રહે છે. ત્યાં 'લંગર'...હરિહર...ખાવાનું નિશુલ્ક પ્રસાદ રૂપે મળે છે. એ બનાવનારા અને પીરસનારા નીગ્રો જ હોય છે, સરસ ગુજરાતી બોલતા હોય છે. પ્રેમથી આગ્રહ કરીને તમને જમાડે.

ત્યાં પૈસાની લેતી-દેતી નથી, હા.. તમારે ડોનેશન રૂપે કઈ લખાવવું હોય તો તમે લખાવી શકો. એ ફરજિયાત નથી. ચોખ્ખાઈ ખૂબ છે ત્યાં. જલાબાપાની મૂર્તિ પણ સુંદર હતી. મનને ગજબનું સુકુન મળે. દર્શન કરી અમે પ્રસાદ રૂપે ભોજન લીધું. ત્યાં સ્પોન્સરે રૂમ અપાવી થોડો આરામ કરવા કહ્યું. મંદિરનું કામ શાંતિથી અને ઉમદા રીતે પાર પડતું અમે નજરે જોયું. કહે છે કે સફળ વ્યક્તિઓ અલગ કાર્ય નથી કરતાં પણ કાર્યને અલગ રીતે કરે છે એનો આ જીવંત પુરાવો હતો.

રાત્રે શો પતાવી અમે 'મોમ્બાસા' શો માટે નીકળી ગયા જ્યાં એક શો હતો. ■

ડબલ રિચાર્જ

*ઘણાં મોટા બોર્ડ ઉપર સુંદર છોકરીનો મિક્સર સાથે ફોટો હતો. લખ્યું હતું, એક્ષ્ચેન્જ ઓફર.*

*પતિ ઘણીવાર સુધી એ બોર્ડ જોતો રહ્યો. પત્નીએ નમ્રતાથી કહ્યું, ચાલો ઘરે...ઓફર માત્ર મિક્સર ઉપર છે.*

ફિલ્મનામા
નરેશ શાહ


# એક ફિલ્મની હેરાનગતિએ સુભાષ ઘઈને પ્રોડ્યુસર બનાવ્યા!

## સુભાષ ઘઈના 'મુકતા આર્ટસ' બેનરના જન્મ પાછળની કહાણી

દિલીપકુમાર અને રાજકુમાર, દિલીપકુમાર અને નસીરુદ્દીન શાહ, દિલીપકુમાર અને સંજીવકુમાર... અભિનયની જુગલબંધીના આ ડેડલી કોમ્બિનેશન માટે હિન્દી સિનેમામાં સુભાષ ઘઈ કાયમ યાદ રહેવાના છે. ૨૦૨૫માં એંસી વરસની વયે પહોંચેલા સુભાષ ઘઈએ પોતાની કેરિયર દરમિયાન પંદર જેટલી સુપરહિટ અને 'કર્ઝ' (ઋષિ કપૂર - ટીના મુનીમ) જેવી કલ્ટ ફિલ્મો આપી, પણ 'સૌદાગર', 'કર્મા' અને 'વિધાતા' એમની માઈલસ્ટોન સરખી ફિલ્મો છે, કારણ કે આ ફિલ્મોમાં એમણે અભિયનના દિગ્ગજોની ('મહોબ્બતેં'માં બચ્ચન - શાહરુખ અને 'નમકહરામ'માં રાજેશ ખન્ના - બચ્ચન જેવી) અથડામણ દિલકશ તરીકાથી દર્શાવી હતી. એવું ય નથી કે સુભાષ ઘઈમાં માત્ર ગોલ્ડનટચ હતો. એમણે ગૌતમ ગોવિંદા, ક્રોધી, કિશ્ના, યુવરાજ, યાદેં જેવી ફલોપ ફિલ્મો પણ આપી છે. હા, અનિલ કપૂરવાળી 'બ્લેક એન્ડ વાઈટ' ભૂલાઈ ગઈ, પરંતુ ડિરેકટર તરીકેની આ અંતિમ ફિલ્મ ત્રેપન વરસે ડિરેકટ કર્યા પછી એમને અભિપ્રેત થઈ ગયું કે, ડિરેકટર તરીકે હવે એ કદાચ, આઉટડેટેડ થઈ ગયા છે. આ કારણે જ બે વરસ પહેલાં (૨૦૦૬) શરૂ કરેલાં 'વ્હીલસીંગવુડ ઈન્ટરનેશનલ' નામના પોતાના સંસ્થાનમાં તેમણે ફોકસ વધારી દીધું. ફિલ્મ મેકિંગના તમામ પાસાની તાલીમ આપતી આ સંસ્થામાં ક્યારેક એ ખુદ લેકચર લેવા જાય છે અને કેટલીક વખત પોતાની ફિલ્મ 'ક્રોધી'ને ટાંક્યા વગર વિદ્યાર્થીઓને કહેતાં હોય છે કે, તમે જ્યારે તમારા આત્મરામને ગીરવી મૂકી દઈને સર્જન કરો ત્યારે તેનું ધાર્યું પરિણામ મળતું નથી!

જી, 'કાલીચરણ', 'વિશ્વનાથ' જેવી સફળ ફિલ્મો આપ્યા પછી એમણે 'ક્રોધી' નામની ફિલ્મ બનાવી, જે સદંતર ફલોપ ગઈ, પણ આ ફિલ્મે જ સુભાષ ઘઈની એ માન્યતાને દૃઢ કરી કે મનચાહી ફિલ્મ બનાવવી હોય તો તેનું નિર્માણ પણ મારે જ કરવું પડશે અને એ



રીતે 'મુક્તા આર્ટસ' બેનરનો જન્મ થયો. આ નામ એમના પત્નીનું લગ્ન પછીનું છે. 'કમાલ અમરોહી પ્રોડકશન'ના પ્રોડકશન મેનેજર અખ્તર ફારૂકી (જેમણે જાવેદ અખ્તરને સ્ટૂડિયોમાં સુવાની વ્યવસ્થા કરી આપી!)ના પુત્રી રેહાના સાથે સુભાષ ઘઈને પૂનાની ફિલ્મ ઈન્સ્ટિટ્યુટ્માં ભણતા ત્યારથી પ્રેમ થઈ ગયો હતો. લગ્ન પછી રેહના 'મુકતા' બન્યાં અને 'મુક્તા' બન્યા પછી સુભાષ ઘઈએ પ્રથમ ફિલ્મ જયકિશન (જેકી) શ્રોફને લઈને 'હિરો' બનાવી.

એ રીતે જોઈએ તો સુભાષ ઘઈને પ્રોડ્યુસર બનાવવામાં 'ક્રોધી' ફિલ્મ નિમિત્ત બની. ખરેખર તો શૈતાનમાંથી સાધુ બનતાં માણસની વાત કરતી 'ક્રોધી'ની વાર્તાનો વિચાર તો સુભાષ ઘઈને દિમાગમાં 'કાલીચરણ' (૧૯૭૬) બનાવતાં પહેલાં આવ્યો હતો, પરંતુ આ ફિલ્મ ફલોર પર ગઈ 'ગૌતમ ગોવિંદા' (૧૯૭૯) બનતી હતી ત્યારે.

મજા જુઓ કે ૧૯૭૮માં 'ક્રોધી' બનાવવાનું ફાઈનલ થયું એ પછી સુભાષ ઘઈની 'ગૌતમ ગોવિંદા' અને 'કર્ઝ' ફિલ્મ બનીને રિલીઝ થઈ ગઈ, પરંતુ 'ક્રોધી'નું કલ્યાણ છેક ૧૯૮૧માં થયું. લગભગ સાડા ત્રણ વરસે.

૧૯૮૦-૯૦માં એક ફિલ્મ બનતાં બે-ત્રણ વરસ થાય એ કંઈ ખરાબ વાત નહોતી, પણ 'ક્રોધી' સાથે જે-જે બન્યું, એ સુભાષ ઘઈને લાચારીવશ કરવું પડેલું અને તેનો ભોગ 'ક્રોધી' જ બની. સુભાષ ઘઈએ 'ક્રોધી' અમિતાભ બચ્ચનને ધ્યાનમાં રાખીને લખી હતી, પણ 'અમિતાભ બચ્ચન મારી ફિલ્મ નહીં કરે' એવું ધારીને સુભાષ ઘઈ ધર્મેન્દ્રને મળ્યાં. ધર્મેન્દ્રને વાર્તા ગમી એટલે એ જ પ્રોડ્યુસર બનવા તૈયાર થયા અને વાત સરળ બની ગઈ. ધર્મેન્દ્ર ઉપરાંત શશી કપૂર, મૌસમી ચેટરજી અને ઝિન્નત અમાન સાઈન થઈ ગયા ત્યાં એક દિવસ ધર્મેન્દ્રએ સુભાષ ઘઈને બોલાવીને કહ્યું કે, મારા એક બનેવી (રંજીત વિર્ક) પણ પ્રોડ્યુસર તરીકે આપણી સાથે જોડાશે. સુભાષ ઘઈ વાંધો લઈ શકે તેમ નહોતા અને...

...'ક્રોધી'ની પાળ પીટાવવાની શરૂ થઈ. ઉત્સાહિત રંજિત વિર્કે વિતરકોમાં કહેવા માંડ્યું કે 'ક્રોધી' શોલેથી પણ મોટી ફિલ્મ બનશે. પોતાનો પ્રોજેક્ટ મેગા પ્રોજેકટ (દેખાડીને મોટું ફાઈનાન્સ મેળવવા) છે એ દેખાડવા એમણે નાના-નાના રોલ માટે પ્રાણ, પ્રેમનાથ જેવા એકટરોને લેવડાવ્યા. ફિલ્મમાં વેશ્યાલયમાં એક મુજરો હતો એ પાત્ર માટે હેમા માલિનીને (ગેસ્ટ અપિરિયન્સ) લેવામાં આવ્યા. સુભાષ કમને સહમત થતા ગયા અને સ્ક્રિપ્ટમાં સુધારા કરતાં ગયા, કારણ કે જાણીતા એકટર હોય તો વાર્તામાં એમના કિરદારને વધુ સીન અને મહત્ત્વ આપવા પડે.

સમય બગડતો ગયો. વાર્તા તેની પકડ ગુમાવીને આત્માવિહોણી થઈ ગઈ. આ જ અરસામાં ધર્મેન્દ્ર - હેમામાલિનીનું પ્રેમ પ્રકરણ ખૂબ ગાજ્યું અને એમના લગ્ન પણ થઈ ગયા. મોટા સ્ટાર્સને કારણે અનેક શૂટિંગ શેડ્યૂલ રદ થયા અને પછી કેટલાંય માંડ માંડ ગોઠવાયાં. આખરે સાડા ત્રણ વરસે 'ક્રોધી' બની ત્યારે રંજિત વિર્કનો બીજી 'શોલે' બનાવવાનો ઉત્સાહ ઠરી ગયો હતો. 'ક્રોધી' રિલીઝ થઈને પણ કંઈ ભલીવાર દેખાડી શકી નહીં. આમ પણ આ ફિલ્મના મેકિંગ દરમિયાન જ (૧૯૭૮માં) સુભાષ ઘઈએ 'મુક્તા આર્ટસ' બેનરની સ્થાપના કરી દીધી હતી, જે લગાતાર તબલાતોડ ફિલ્મ બનાવવાની હતી.

અને એક એવી ફિલ્મ સાથે પણ સંકળાવાની હતી, જે ક્યારેય બની નહીં, છતાં સુભાષ ઘઈ તેના પર આખું એક ચેપ્ટર પોતાની ફિલ્મયાત્રામાં લખવાના હતા...

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

આ ગીતો કઈ ફિલ્મના છે એ જાણો છો?

૧) મૈંને તેરે લિયે હી સાત રંગ કે સપને ચૂને સપને...
૨) મૈંને પ્યાર તુમ્હી સે કિયા હૈ મૈંને દિલ ભી તુમ્હી કો...
૩) મૈંને કહા ફૂલો સે હસો તો વો ખીલ ખિલાકે હસ દીયે...
૪) મૈંને કસમ લી, એ તુને કસમ લી નહીં હોંગે જુદા...
૫) મૈંને દેખા તુને દેખા ઈસને દેખા ઉસને દેખા, ક્યાં દેખા...
૬) મૈંને માઁ કો દેખા હૈ માઁ કા પ્યાર નહીં દેખા મૈંને માઁ કો...
૭) મૈંને દેખા સપના , દેખા ઍક સપના મેરે દિલ મેં કોઈ...

### ક્વિઝ (બ)

આ હીરોઈનોની એવી ફિલ્મ છે, જેમાં એમના પાત્રનું નામ જ ફિલ્મનું નામ છે... તે ફિલ્મનું નામ કહી શકો? ?

૧) શ્રીદેવી
૨) મીનાક્ષી શેશાદ્રિ
૩) કરિશ્મા કપૂર
૪) મધુ
૫) કરીના કપૂર
૬) રીના રોય
૭) લક્ષ્મી



જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

# અલગારી ફિલ્મકાર બી.આર.ઈશારા

## સેક્સ ફિલ્મ 'ચેતના'થી જે.કૃષ્ણમૂર્તિ સુધી...

*એવું નથી જ કે દરેક સ્ત્રી વેશ્યા છે પરંતુ હું માનું છું કે દરેક વેશ્યા એક સ્ત્રી છે અને સ્ત્રી હોવાથી, તે પુરુષ જેટલી જ માનવીય છે. એની પણ જરૂરિયાતો અને ઇચ્છાઓ છે...*

૦૦૦૦૦૦૦૦૦૦૦૦

*ઉછળતા આઇટમ નંબર્સ કે હીરોઇનની છાતી કે શરીરનાં અંગઉપાંગો કરતાં પ્રેમીઓને બેડરૂમમાં સાચો પ્રેમ કરતા બતાવવું વધારે યોગ્ય અને નેચરલ છે!*


૦૦૦૦૦૦૦૦૦

..........આવું કહેનારા બી.આર.ઇશારા માત્ર એક દિગ્દર્શક નહોતા, પણ સિનેમાને સમાજના અરીસા તરીકે જોનારા મેકર હતા. ૧૯૩૪ના રોજ હિમાચલના ગામમાં જન્મેલા ઇશારાજીની સફર ફિલ્મી વાર્તાથી ઓછી નથી. મુંબઈ આવ્યા પછી ફિલ્મનાં સેટ પર સ્પોટબોયનું એટલે ચાપાણી આપવાનું, સેટ પર ઝાડુ મારવાનું વગેરે કામ કર્યું. પછી શૂટિંગમાં સંવાદોને ધ્યાનથી જોઈને ધીમેધીમે એ શીખ્યા. એ બાદ બી- ગ્રેડ ફિલ્મોમાં સંવાદો લખ્યા. ગીતકાર શૈલેંદ્રએ નિર્મિત કરેલી રાજ કપૂર-વહિદા રહેમાનની યાદગાર ફિલ્મ 'તીસરી કસમ'માં બાસુ ભટ્ટાચાર્યના સહાયક નિર્દેશક રહ્યા ને છેવટે એક અભણ માણસે અનેક ક્રાંતિકારી ફિલ્મો બનાવી.

૭૦-૮૦ના દાયકામાં, જ્યારે બોલિવૂડ ટિપિકલ વાર્તાઓવાળું હતું, ત્યારે બાબુ રામ ઇશારાએ સમાજના સેક્સ અંગેના દંભને ખૂલ્લી પાડતી બોલ્ડ પણ ઓછા બજેટની ફિલ્મો બનાવવાનું જોખમ લીધું. ૧૯૭૦ની 'ચેતના' દિગ્દર્શક તરીકે પહેલી ફિલ્મ હતી, જેમાં કોલગર્લની વાર્તા હતી ને ફિલ્મમાં નવી હીરોઇન રેહાના સુલ્તાનાએ ઘણા બોલ્ડ સીન આપેલા. ઇશારાએ આખી ફિલ્મને પુણેના બંગલામાં સવારે ૫:૩૦થી રાત્રે ૧૧ સુધી સતત ૨૬-કલાકના મેરેથોન શૂટિંગ સાથે ૨૫ દિવસમાં બનાવી, જેને બોલિવૂડની સૌથી સસ્તી ફિલ્મોમાંની એક ગણવામાં આવે છે. સેન્સર બોર્ડને ટોચના ફિલ્મનિર્માતાઓ તરફથી 'ચેતના'ને લઈને ૪૫ ફરિયાદ મળી ને ફિલ્મને બેન કરવાની માગ ઊઠી! પણ ખૂબ લડત બાદ સેંસર તરફથી એડલ્ટ ફિલ્મ તરીકે પરવાનગી મળી. એડલ્ટ માટ અંગ્રેજી અ(એ)નાં આકારની જેમ સ્ત્રીના બે નગ્ન પગ વચ્ચે હીરો અનિલ ધવનનો ચહેરો મૂકીને 'ચેતના'ના પોસ્ટરે સમાજમાં તહેલકો મચાવી દીધેલો. ફિલ્મ ખૂબ ચર્ચાઇ, વખણાઇ ને બોક્સઓફિસ પર પણ હિટ હતી.

એ પછી ઇશારાજીએ 'એક નઝર', 'પ્રેમશાસ્ત્ર', 'લોગ ક્યા કહેંગે';, 'મિલાપ', 'મન જાયે', 'ઘર કી લાજ','વો ફિર આયેગી', 'સૌતેલા ભાઈ' જેવી અનેક ફિલ્મો બનાવી.

ઈશારાજીની ખાસિયત એ હતી કે એ સમાજના સત્યને જેમ કે વેશ્યાવૃત્તિ, સ્ત્રી-પુરુષના સંબંધો અને સમાજની






બી.આર.ઈશારા

બદીદંભ પર વાર્તાઓ લાવતા. ૧૯૭૨માં અમિતાભ-જયા ભાદુરી સાથે 'એક નજર' ફિલ્મ બનાવી. ફિલ્મની વાર્તા કવિ અને છોકરી મજબૂરીમાં વેશ્યાવૃત્તિ કરનારી અને છતાંયે એને લગ્ન કરવાની ઇચ્છા છે! ૧૯૭૪માં દેવ આનંદ-ઝીનતની 'પ્રેમશાસ્ત્ર' પણ અટપટા સંબંધો પર હતી.

ઈશારાજીએ એમની કેરિયરમાં સંજીવ કુમાર, રાજેશ ખન્ના, રાજ બબ્બર, રાજ કિરણ, જયા બચ્ચન, અમિતાભ બચ્ચન, શત્રુઘ્ન સિંહા, રીના રોય જેવા સ્ટાર્સ સાથે કામ કર્યું, પણ પૈસા ખાતર ઘોસ્ટરાઇટિંગ એટલે કે પૈસા લઇને પોતાનું નામ ના આપીને મોટા લેખકોની ફિલ્મો પણ લખી આપતા, જેમાં સફેદ કુરતાવાળા શાયરલેખક, સુપરહિટ જોડી અને ઘણાં ભટ્ટ ચોપરાઓ પણ આવી જાય છે.

ઈશારાજીનું જીવન, ફિલ્મો જેટલું જ ચર્ચાસ્પદ હતું. 'ચેતના' ફિલ્મના શૂટિંગ દરમિયાન હીરોઈન રેહાના સુલ્તાન અને ઈશારાજી પ્રેમમાં પડ્યા. 'ચેતના'ની સફળતા પછી અફેરની ચર્ચા તેજ થઈ, ત્યારે એમણે ખુલ્લેઆમ સ્વીકાર્યું. ઇશારાએ રેહાનાને અગાઉથી જ ચેતવણી આપી, 'જો, હું મેરેજ મટેરિયલ નથી કદાચ તું એકાદ વર્ષમાં મને છોડી દઇશ, પરંતુ ચલો, અજમાવી જોઇએ.' બંનેના ધર્મ અલગ, ખુલ્લા પગવાળાં પોસ્ટરને કારણે છોકરી અને છોકરો બેઉ બદનામ, તોયે ૧૯૮૪માં પરણ્યા. ધારાવીની ઝૂપડપટ્ટીમાં નાના ઘરમાં આસાનીથી સાથે રહ્યા, ઓટો-રિક્ષામાં મુસાફરી કરતા અને હંમેશાં નિઃસંતાન રહેવાનું નક્કી કર્યું. ઇશારાએ પત્નીને સમજાવેલું: 'આ ખરાબ વિશ્વમાં બીજું ખરાબ મશીન શા માટે લાવવું?!'

એકવાર ઇશારાજી અમદાવાદમાં ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા હતા. ત્યારે જૂનાગઢના બાબી રાજવંશની ગુજરાતી બ્યૂટી ક્વીન પરવીન બાબી ત્યાં શૂટિંગ જોવા આવેલી. ઇશારાજીને પરવીન બાબીને જોતાંવેંત જ ફિલ્મોમાં કામ કરવા વિશે પૂછ્યું. પરવીને કહ્યું: 'વાર્તા ગમશે તો ચોક્કસ કરીશ!'

મોટાભાગની છોકરીઓને ફિલ્મની ઓફર મળતાં જ તરત જ તૈયાર થઈ જાય ને વાર્તા વગેરે વિશે વિચારતી નથી, પણ ઈશારાજીને પરવીનની આ વાર્તાવાળી વાત બહુ ગમી. એમણે પરવીનને માની ભૂમિકાવાળી વાર્તા સંભળાવી, પરવીન ત્યારે માત્ર ૧૮-૧૯ની હતી, છતાં તરત માની ગઈ. અને ઇશારાજીએ એક ખાસ સ્ટેમ્પ પેપર પર સાઇન કરાવી હતી કારણ કે પરવીન ખૂબ બોલ્ડ હતી.

એક દિવસ 'દિલ અપના પ્રીત પરાઇ' અને 'ગાઇડ' ફિલ્મમાં વહીદાના પતિ માર્કો બનેલ નિર્દેશક કિશોર સાહુએ ઇશારાજીને પૂછ્યું: 'તમે એક છોકરીને સાઇન કરી છે એને હું મારી ફિલ્મ માટે સાઇન કરું?'

હકીકતમાં તો ઈશારાજી સ્ટેમ્પ પેપર પર શરત લખેલી કે જ્યાં સુધી એમની ફિલ્મ ન બને ત્યાં સુધી પરવીન, બીજી કોઈ ફિલ્મ કરી શકશે નહીં, પણ એમને આ વાત યાદ જ નહોતી અને કિશોર સાહુને પરવીન સાથે ફિલ્મ કરવા માટે હા પાડી.

એકવાર ઈશારાજી સ્ટુડિયોમાંથી સિગારેટ પીતા હતા ત્યારે એક સુંદર છોકરીએ આવીને પૂછ્યું, 'તમે મારી સાથે ફિલ્મ કેમ નથી બનાવતા?' ઈશારાજીએ એ છોકરી તરફ જોયું ને યાદ આવ્યું કે આ તો પરવીન! એ જ સાંજે ઈશારાજી એક સ્ક્રિપ્ટ લખવાનું શરૂ કર્યું. ફિલ્મમાં પરવીન સામે હીરોની તરીકે આપણાં જામનગરનાં વિખ્યાત ક્રિકેટર સલીમ દુર્રાનીને ચાન્સ આપ્યો, ફિલ્મ હતી: 'ચરિત્ર' ને એ પરવીની પહેલી ફિલ્મ હતી.

અલગારી ઇશારાજી દિવસમાં ૧૨૦ સિગારેટ પીતા હતા, પત્ની રેહાના એમને એક 'જીવતો બોંબ'કહેતી. ઇશારાજી ફિલસૂફ જે. કૃષ્ણમૂર્તિ દ્વારા ઊંડા પ્રભાવિત હતા, વારંવાર એમને ટાંકતા હતા. હિટ ફિલ્મો નિર્દેશિત કરવા છતાં, બોલિવૂડની ઝાકઝમાળમાં સાવ સાદા હતા. એકવાર મજાકમાં પત્ની રેહાનાને એમની એકમાત્ર મહામૂલી મૂડી તરીકે જાહેર કરેલી.

અને હા, બોલિવૂડમાં એક્ચ્યુઅલ લોકેશન એટલે કે કોઇ ખરેખરા ફલેટ કે બંગલામાં ઓછી લાઇટો સાથે શૂટિંગ કરવાની શરૂઆત ઈશારાએ કરેલી! ત્યારબાદ નિર્દેશકો સ્ટુડિયોથી બહાર નીકળ્યા. પહેલાં તો રોડ, પહાડી, દરિયા સિવાય ભાગ્યે જ શૂટિંગ કરવા કોઇ બહાર જતા. આવા આ બાબુ રામ ઇશારાજી સાથે એમની જુહુની બિસ્માર ઓફિસમાં અનેક સાંજો ગાળી છે...

વિચાર કરો એક અભણ માણસ રોજ અંગ્રેજી નોવેલ વાંચતો, અલગ ફિલ્મો બનાવતો અને ઓફિસમાં લાઇટમેન સ્પોટબોય વગેરે કામદારો માટે લંગર ચલાવતો!


મિસ યુ બાબુદા... ૭મી સપ્ટેંબરે એમનો જન્મદિવસ ગયો.

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# એક સાથે ત્રણ પેઢીનાં નામ સાથે

## એકમાત્ર કલાકાર: નીલ નીતિન મુકેશ

નીલ નીતિન મુકેશ ચંદ માથુરનો પહેલો અને કદાચ એકમાત્ર એવો બોલિવૂડનો કલાકાર છે, જેણે પોતાના નામમાં પિતાનું નામ અને દાદાનું નામ પણ જોડી દીધું છે અને એ રીતે એ વધુ 'ફેમસ' થયો છે. એક હીરો મટિરિયલ હોવા છતાં નીલ નીતિન મુકેશ ખલનાયક તરીકે વધારે લોકપ્રિય છે.



'મુકેશચંદ માથુર' નામ કહીએ તો કદાચ કોઈ ન ઓળખે, પણ માત્ર 'મુકેશ' નામથી બોલિવૂડમાં ટોચના પાર્શ્વગાયક તરીકે નામના મેળવનાર મુકેશ નીલના દાદા છે. પિતાને પગલે પુત્ર નીતિન મુકેશે પણ પાર્શ્વગાયનમાં સફળતા મેળવી, પણ નીતિન મુકેશના પુત્ર નીલે અભિનયમાં હાથ અજમાવ્યો અને થોડી સફળતા અને ઘણી નિષ્ફળતા પછી હવે તે વિલન તરીકે કે સહાયક અભિનેતા તરીકે બોલિવૂડમાં પોતાનું એક અલગ સ્થાન ઊભું કરી શક્યો છે. ખાલી 'નીલ' કહેવાથી એ ઓળખાય એમ નથી. 'નીલ નીતિન મુકેશ' કહો તો તરત જ આંખ સામે આ 'હેન્ડસમ વિલન' દેખાવા લાગે છે.

૧૫ જાન્યુઆરી ૧૯૮૨ના મુંબઈમાં જન્મેલા નીલ નિતીન મુકેશે અભિનયની શરૂઆત એક બાળ કલાકાર તરીકે કરી છે. માત્ર છ વર્ષની ઉંમરે ૧૯૮૮માં એણે રાજેશ ખન્ના, હેમા માલિની, રિશી કપૂર, અનિલ કપૂર, મીનાક્ષી શેષાદ્રી, અનુપમ ખેર અભિનીત ફિલ્મ 'વિજય'માં બાળ કલાકાર તરીકે શરૂઆત કરી. ત્યાર પછી ૧૯૮૯માં આવેલ ગોવિંદા અભિનીત ફિલ્મ 'જેસી કરની વૈસી ભરની'માં પણ એ દેખાયો હતો.

ત્યાર બાદ એ છેક ૨૦૦૭માં 'જહોની ગદ્દાર'માં હીરો તરીકે ચમક્યો. એ પછી 'આ દેખે જરા', 'ન્યૂયોર્ક', 'જેલ', 'લફંગે પરિન્દે', 'સાત ખૂન માફ' જેવી ફિલ્મમાં નજરે ચઢયો. આ ફિલ્મોમાં જોઈએ એવી સફળતા ન મળી પછી ૨૦૧૨માં આવેલી મલ્ટીસ્ટાર ફિલ્મ 'પ્લેયર્સ'થી નેગેટિવ પાત્ર ભજવવાની શરૂઆત કરી અને તેમાં એ ક્લિક થયો.

બોલિવૂડ ઉપરાંત એણે દક્ષિણની તમિળ અને તેલુગુ ફિલ્મોમાં પણ અભિનય કર્યો અને નેગેટિવ પાત્રમાં તે ત્યાં પણ ચમક્યો. આ દરમિયાન બોલિવૂડની ફિલ્મ 'પ્રેમ રતન ધન પાયો', 'ગોલમાલ અગેઈન', 'સોહો' જેવી ફિલ્મમાં એનો અભિનય વખણાયો.

૨૦૧૯માં એણે એક નિર્માતા તરીકે પણ શરૂઆત કરી છે. ઓટીટી માટે 'બાયપાસ રોડ' નામની સિરીઝ બનાવી અને તેમાં અભિનય પણ કર્યો. ૨૦૨૪માં તે ઓટીટી પર જ આવેલી 'હિસાબ બરાબર'માં પણ દેખાયો છે.

હવે એની આગામી ફિલ્મ આજે ૧૨ સપ્ટેમ્બરે રજૂ થવાની છે. ઉમેશ શુકલા દિગ્દર્શિત તુલસીકુમાર અભિનીત ફિલ્મ 'એક ચતુર નાર'માં નીલ નિતીન મુકેશ ફરી આંચકો આપવા તૈયાર છે. આ ફિલ્મમાં એ મલ્ટીમિલિયોનેર અભિષેક વર્માની ભૂમિકામાં દેખાશે. આ પાત્ર પણ નેગેટિવ છાંટ ધરાવતું પાત્ર છે. આમ ૧૮ વર્ષની કારકિર્દીમાં નીલ નિતીન મુકેશે અનેક ચઢાવ- ઉતાર જોયા છે, પણ એક વિલન રૂપે એ અલગ તરી આવે છે અને એનું કામ વધુ વખણાય છે પણ ખરું.

## ૧૩ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર સુધી શું જોશો...
## રજનીકાંત- નાગાર્જુન-કાજોલની ફિલ્મો અને નિયમિત સિરિયલ્સ...


OTTનું હોટસ્પોટ

ઓટીટી પર આ વખતનું અઠવાડિયું ખૂબ જ ધમાકેદાર રહેવાનું છે. રજનીકાંત, નાગાર્જુન, શ્રુતિ હાસન અને મહેમાન કલાકાર આમિર ખાન, પૂજા હેગડે અભિનીત ફિલ્મ 'કુલી'નું પ્રસારણ 'એમેઝોન પ્રાઈમ વીડિયો' પર શરૂ થઈ ચૂક્યું છે. આ ફિલ્મ બોક્સઓફિસ પર રૂ. ૫૫૦ કરોડ કરતાં પણ વધારે કમાણી કરી છે અને હવે ઓટીટીના દર્શકો માટે રજૂ થઈ ગઈ છે.

*એમેઝોન પ્રાઈમ વીડિયો:

'માલિક': રાજકુમાર રાવ પહેલી જ વાર એકશન અવતારમાં ૧૭ સપ્ટમ્બરથી 'જનરેશન-વી'ની બીજી સિઝન શરૂ થઈ રહી છે.

*જિયો હોટસ્ટાર: કાજોલ, અલી ખાન અને કુબ્રા સૈન અભિનીત 'ટ્રાયલ- બીજી સિઝન' શરૂ થઈ ગઈ છે તો નાગાર્જૂનના સંચાલન હેઠળની 'બિગ-બોસ- તેલુગુની નવમી સિઝન' પણ શરૂ થઈ ગઈ છે. આ સિવાય 'ઓન્લી મર્ડર્સ ઈન ધ બિલ્ડિંગ'ની પાંચમી સિઝન પણ શરૂ થઈ છે.





*નેટફ્લિક્સ: આર્યન ખાનના દિગ્દર્શન હેઠળની 'બેડ્સ ઓફ બોલિવૂડ' શરૂ થઈ ગઈ છે તો તૃપ્તિ ડીમરી અને સિધ્ધાંત ચતુર્વેદીની 'ધડક-ટુ' નેટફ્લિક્સ પર રજૂ થવાની જાહેરાત થઈ ગઈ છે.

* ઝી ફાઈવ: વિક્રાંત મૈસી અને શનાયા કપૂર અભિનીત 'આંખો, કી ગુસ્તાખીયાં'નું પ્રસારણ શરૂ થઈ ચૂક્યું છે. ■

## પ્રકરણ-૪

### અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઈમ કથા...




યોગેશ સી પટેલ

ડીસીપી સુનીલ જોશીના આદેશથી ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલે તપાસનાં સૂત્રો સંભાળી લીધાં હતાં. ગોહિલના નેતૃત્વ હેઠળની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)માં તેના અંધેરી ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ સાથે જરૂર પ્રમાણે આરે પોલીસ સ્ટેશનના અધિકારીઓને પણ સમાવી લેવાની સૂચના ડીસીપીએ આપી હતી. આ ટીમને આરે પોલીસ સ્ટેશનના પહેલા માળે કામચલાઉ ધોરણે ઑફિસ ફાળવવામાં આવી હતી.

આરે પોલીસ સ્ટેશનમાંની કૅબિનમાં બેસીને ગોહિલ હેલિકૉપ્ટર દુર્ઘટના સંબંધી દસ્તાવેજો ચકાસી રહ્યો હતો. તપાસમાં સામેલ આખી ટીમને તેણે ચર્ચા માટે બોલાવી હતી, પરંતુ હજુ બધા હાજર નહોતા એટલે તે દસ્તાવેજોની ફાઈલ પર નજર ફેરવી રહ્યો હતો.

થોડી મિનિટમાં કૅબિનના બારણે ટકોરા મારી સબ-ઈન્સ્પેક્ટર દત્તા બંડગર પ્રવેશ્યો. તેની પાછળ કોન્સ્ટેબલ નામદેવ દળવી પણ આવ્યો. આરે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બંડગર અને દળવીને તપાસમાં સાથે લેવાની ભલામણ સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડે કરી હતી.

‘સૌપ્રથમ આ ફાઈલ પર દરેક જણ નજર ફેરવી લેજો...’ દસ્તાવેજોની ફાઈલ ટેબલ પર મૂકી અધિકારીઓ સામે સરકાવતાં ગોહિલે ચર્ચાની શરૂઆત કરી.

‘અત્યાર સુધીના નિરીક્ષણ પરથી લાગે છે, આ ઘણો સંવેદનશીલ કેસ છે.’

ગોહિલે ઘટનાની ગંભીરતાને જાણે માપી લીધી હતી: ‘આપણે અલગ અલગ ટીમ બનાવીને વિવિધ મુદ્દાઓ પર કામ કરવું પડશે.’

કૅબિનમાં હાજર અધિકારીઓ ચૂપચાપ સૂચના સાંભળી રહ્યા હતા એટલે ગોહિલે જ વાત આગળ વધારી.

‘કદમ... હેલિકૉપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થવા પાછળનાં કારણ સહિત ઘટનાની બધી વિગતો તું મેળવ અને રાજપૂતને તારી સાથે રાખજે.’

ગોહિલની સૂચનાના જવાબમાં કદમે માત્ર ‘ઓકે’ કહ્યું.

ઈન્સ્પેક્ટર રવિ કદમ અને સબ-ઈન્સ્પેક્ટર કપિલ રાજપૂત પરથી નજર ફેરવીને ગોહિલે આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર (એપીઆઈ) સુધીર સાવંત પર ઠેરવી: ‘સાવંત, આરેના દરેક પાડાના મુખિયાઓનો સંપર્ક સાધ અને છોકરીની ઓળખ મેળવવાના પ્રયાસ કર...’

સાવંતને આદેશ આપીને ગોહિલે આ કામમાં કોન્સ્ટેબલ દળવીની મદદ લેવાનું કહ્યું. દળવી છેલ્લાં પાંચેક વર્ષથી આરે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો. તે પાડાના મુખિયાઓને ઓળખતો હતો અને તેમની સાથે સમન્વય સાધવામાં પાવરધો હતો. પાડાના રહેવાસીઓ-આદિવાસીઓ જંગલને પોતાનું ઘર અને બહારથી આવેલા લોકોને ઘૂસણખોર સમજતા એટલે પોલીસને પણ ગણકારતા નહીં. તેમની સાથે શાંતિથી કુનેહપૂર્વક વાત કરવી પડતી.

‘બંડગર... તું પવનહંસથી હેલિકૉપ્ટરમાં મુંબઈ દર્શન માટે નીકળેલા દંપતીની પૂરેપૂરી વિગતો પ્રાપ્ત કર અને તેમના પરિવારની પણ માહિતી મેળવ.’ સબ-ઈન્સ્પેક્ટર બંડગર તરફ જોતાં ગોહિલે કહ્યું.

પછી બધા પર નજર ફેરવી અમસ્તા પૂછ્યું: ‘કોઈને કંઈ પૂછવું છે?’

બધા ના પાડીને ખુરશી પરથી ઊભા થયા. કૅબિન બહાર જવા ગોહિલની પરવાનગી લે તે પહેલાં દળવીએ વેધક સવાલ કર્યો.

‘સર, બૉડી સીવેલી છે એમ તમે કહ્યું... શબ સીવવા પાછળનું કારણ શું હોઈ શકે?’

ગોહિલ સહિત બધા આ પ્રશ્નથી ડઘાઈ ગયા હોય તેમ દળવીને જોઈ રહ્યા.

‘પોસ્ટમોર્ટમનો ડિટેઈલ રિપોર્ટ આવવા દે... પછી જોઈએ. પણ... તને આવો સવાલ કેમ થયો?’

‘કાંઈ નહીં, સર. એક વિચાર આવ્યો...’

મનની વાત હોઠ પર લાવવી કે નહીં તેની અવઢવમાં પડ્યો દળવી. ક્ષણેક માટે ઑફિસમાં સોપો પડ્યો. આખરે દળવીએ જાણે ધડાકો કર્યો: ‘સર... આ જંગલમાં બ્લૅક મૅજિક કરનારાઓની કમી નથી!’

* * *

‘સર... આ મહિને સ્પેશિયલ ગિફ્ટ આપવાનો તમે વાયદો કર્યો હતો!’ આકૃતિ બંગારાના અવાજમાં ગુસ્સો ઓછો અને માદકતા સાથે વિનંતિ વધુ હતી.

‘જાન... મેં ક્યાં ના પાડી છે, પણ જરા સબર રાખતાં શીખ!’ ડૉ. વિશ્વાસ ભંડારી આકૃતિને મનાવવાના પ્રયાસ કરતા હતા.

ચૅરિટેબલ ટ્રસ્ટની ઑફિસેથી ડૉ. ભંડારી ઘરે જવા નીકળ્યા હતા. કાર ડ્રાઈવ કરતા હતા ત્યારે તેમના મોબાઈલની રિંગ વાગી. મોબાઈલના સ્ક્રીન પર આકૃતિનું નામ જોઈ તેમના ચહેરા પર લાલી આવી ગઈ.

પવઈની પૉશ સોસાયટીમાં રહેતા ડૉ. ભંડારી ૪૮ વર્ષે પણ રંગીલો મિજાજ ધરાવતા હતા. ચુસ્ત શારીરિક બાંધા અને સ્ટાઈલિશ કપડાંને કારણે તે ઉંમર કરતાં નાના દેખાતા હતા, જેનો ફાયદો તે મહિલાઓને આકર્ષવામાં લેતા. રોજ સવારે યોગાસન કરવાનો તેમનો નિયમ.

પરિણીત આકૃતિને કૃપાએ નોકરી અપાવવામાં મદદ કરી હતી. ભંડારીના ટ્રસ્ટની ઑફિસ અને હૉસ્પિટલ એમ બન્ને સ્થળે તે કામ કરતી. હંમેશાં સાડી પહેરનારી આકૃતિ ભાગ્યે જ ડ્રેસ પહેરતી. સપ્રમાણ કાયાને કારણે તે સાડીમાં પણ કામણગારી દેખાતી.

‘આજે તમે હૉસ્પિટલે ન આવ્યા? ડૉક્ટર પાઠક તમને મળવા આવ્યા હતા.’ આકૃતિએ મેસેજ પહોંચતો કર્યો.

‘હાં... હું એમને જાણ કરવાનો ભૂલી ગયો હતો કે આજે હૉસ્પિટલે નહીં આવું.’ ડૉ. ભંડારીએ કહ્યું: ‘મેડિકલ કૅમ્પ વિશે ચર્ચા કરવા આવ્યા હશે... ઍની વે, હું તેમને ફોન કરી દઈશ.’

‘ઓકે... કાલે મળીશું, સર?’

‘આ હેલિકૉપ્ટર દુર્ઘટનાને કારણે મેડિકલ કૅમ્પ કૅન્સલ થયો એની ગરબડમાં છીએ અમે, સ્વીટહાર્ટ! હમણાં ઘણી મથામણ ચાલે છે... પછી શાંતિથી મળીએ!’

‘ઠીક છે’ કહીને કૉલ કટ કર્યા પછી આકૃતિ વિચારમાં પડી: ‘મેડિકલ કૅમ્પ રદ થયો એમાં આ ડૉક્ટરો આટલા ટેન્શનમાં કેમ જણાય છે?’

* * *

‘આ હૉસ્પિટલ છે કે ભૂતિયા મકાન... એની અવસ્થા તો મડદાઘર જેવી થઈ ગઈ છે!’

આરે હૉસ્પિટલ પાસેથી પસાર થતી વખતે ગોહિલના મોંમાંથી શબ્દો સરી પડ્યા. સ્થાનિક રહેવાસીઓ અને રાહદારીઓને પ્રાથમિક સારવાર મળી રહે તે માટે પચાસેક વર્ષ પહેલાં બેઠા ઘાટના મકાનમાં નાની હૉસ્પિટલ શરૂ કરવામાં આવી હતી. સરકારની અણઆવડતને કારણે વરસોથી સમારકામ વિનાનું મકાન જર્જરિત દેખાવા લાગ્યું હતું.

> **આટલા ભેંકાર માર્ગ પર આ બે કોણ છે, જે પોતાની મસ્તીમાં હોવાનું લાગે છે. નશો કરીને આવ્યા હશે? અંધારામાં પણ બિનધાસ્ત ચાલે છે... જંગલી પ્રાણીઓનો ડર નહીં લાગતો હોય?**

રાતે ઘરે જતાં પહેલાં ગોહિલને યુનિટ-૧૬ ફરતે રાઉન્ડ મારવાનું મન થયું. એપીઆઈ શિંદે અને દળવી સાથે તે બોલેરોમાં નીકળ્યો હતો. છોકરીની ઓળખ માટે સાવંત સાથે અમુક પાડાના મુખિયાઓને મળીને દળવી ફરી પોલીસ સ્ટેશને આવ્યો હતો, જ્યારે સાવંત કામસર અંધેરી યુનિટની ઑફિસે ગયો હતો. બોલેરો કોંકણ વિકાસ મહામંડળ માર્ગ પર જઈ રહી હતી ત્યારે ગોહિલની નજર આરે હૉસ્પિટલ પર પડી હતી.

‘સર, સરકારી ખાતું છે... ફરિયાદો ક્યારેય આસાનીથી કાને ધરાઈ છે?’ દળવીએ મંદ હાસ્ય સાથે કહ્યું: ‘જોકે ઈમર્જન્સી વખતે તે ઘણી કામ આવે છે અને ડૉક્ટર હિરેમઠ પણ કો-ઑપરેટિવ છે.’

‘ડૉક્ટર હિરેમઠ?’

‘હા... આ હૉસ્પિટલના મુખ્ય ડૉક્ટર છે અને સિનિયર પણ છે.’

‘મને લાગે છે... પછી ક્યારેક તેમને મળવું પડશે!’ ગોહિલની નજર હૉસ્પિટલ તરફ હતી.

‘દળવીનું કહેવું બરાબર છે, સર. રસ્તા પહોળા થયા પછી કૉન્ક્રીટના બની રહ્યા છે એટલે સારું છે.’

બોલેરો ચલાવતાં કોન્સ્ટેબલ માનેએ દળવીની વાતમાં ટાપસી પુરાવી: ‘પહેલાં સાંકડા અને ખાડાવાળા રસ્તા પર અકસ્માતની ઘટનાઓ નિયમિત રીતે બનતી હતી. એ સમયે અનેકના જીવ બચાવ્યા છે આ હૉસ્પિટલે.’

માનેની બાજુની જ સીટ પર ગોહિલ બેઠો હતો. માનેના સ્પષ્ટ ઉચ્ચારથી ગોહિલ જાણી ગયો કે તેના મોંમાં તમાકુ નથી!

‘આમ મોઢું સાફ રાખતો હોય તો?’ ગોહિલે ટોણો માર્યો.

ભોંઠપ અનુભવનારા માનેએ ગોહિલ તરફ જોવાનું પણ ટાળ્યું.

‘આરેના રસ્તા વિશે ઘણું જાણે છે... શું વાત છે.’ ગોહિલે માનેનું મન હળવું કરવા તરત પૂછ્યું: ‘તારી પણ અહીં ડ્યૂટી હતી?’

‘હાં... સર! બાર-તેર વર્ષ પહેલાં મારી પોસ્ટિંગ આરે પોલીસ સ્ટેશનમાં હતી, પણ દોઢ વર્ષમાં જ બદલી થઈ ગઈ હતી.’

માનેએ ઉત્સાહમાં આવી માહિતી આપી: ‘તે સમયે મુખ્ય રસ્તાની હાલત બિસમાર હતી અને આ અંદરના નાના માર્ગો વિશે તો પૂછવું જ શું...’

‘...તે સમયે આ જંગલમાં રહેનારા લોકોની વસતિ ઓછી હતી. હવે લોકસંખ્યામાં ખાસ્સો વધારો થઈ રહ્યો છે!’

બોલેરોની પાછલી સીટ પર બેસેલા દળવીએ માનેની વાતનું અનુસંધાન સાધ્યું.

‘લોકસંખ્યા વધી, પણ અંતરિયાળ માર્ગો તો સૂમસામ જ છે...’ ગોહિલે વાહનની અંદરના રિઅરવ્યૂ મિરરમાં દળવીને જોતાં કહ્યું.

‘યુનિટ સોળમાં ઘણો મોટો પરિસર આવે છે, સર... આ એક જ યુનિટ છે, જે મુખ્ય રસ્તાની બન્ને બાજુના પરિસરને આવરી લે છે. સામેની તરફ બીએમસીની સ્કૂલ છે તો આ તરફ ન્યૂ ઝીલૅન્ડ હોસ્ટેલ.’

દળવી વાહનની બહાર હાથનો ઇશારો કરી જાણે આરેની ભૂગોળ સમજાવતો હતો: ‘આ તરફનો મોટા ભાગનો પરિસર નિર્જન હોય છે અને હેલિકૉપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું એ સમગ્ર વિસ્તાર ગીચ જંગલ છે.’

બોલેરો હવે શનિધામ પાસે પહોંચી હતી. શનિધામને ચાર બાજુ લોખંડના એન્ગલ ઊભા કરીને ઉપર પતરાની શેડ ગોઠવી મંદિરનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું. કોઈ પાકું ચણતર કરાયું નહોતું. અંધારું ઘેરાવા લાગતાં વાહનમાં બેઠાં બેઠાં જ ભગવાનને નમન કરી ગોહિલે વાહન પાછું વાળવાનો આદેશ આપ્યો.

માનેએ બોલેરો વાળી ત્યાં થોડે જ દૂર બે હટ્ટાકટ્ટા માણસ દેખાયા. બન્ને જણ રસ્તા પર લથડિયાં ખાતાં ચાલતા હોવાનું લાગ્યું. માટીમાં રગદોળાયેલાં કપડાં... એમાં બન્નેના શર્ટ થોડા ફાટેલા હતા. એકબીજાને અથડાતા અને ક્યારેક કૂદકા મારતા બન્ને ચાલી રહ્યા હતા.

આશ્ચર્ય સાથે ગોહિલે પૂછ્યું: ‘દળવી... આટલા ભેંકાર માર્ગ પર આ બે કોણ છે, જે પોતાની મસ્તીમાં હોવાનું લાગે છે. નશો કરીને આવ્યા હશે.’

‘સર... એ બન્ને પાગલ છે! જૉની-બૉની નામ છે એમનાં.’ દળવીએ કહ્યું.

‘અંધારામાં પણ બિનધાસ્ત ચાલે છે... જંગલી પ્રાણીઓનો ડર નહીં લાગતો હોય?’ કસરતબાજ શિંદેને પ્રશ્ન થયો.

‘ઉપરથી અહીં દર દસમી વ્યક્તિએ એકના મોઢે ભૂત-પિશાચ, ડાકણ અને જાદુટોણાની વાતો સાંભળવા મળે છે!’ માનેએ જાણે શિંદેનું વાક્ય પૂરું કર્યું.

‘પાગલને સમજ શું પડતી હશે કે ડર લાગે... બન્ને મોટે ભાગે આ જ પરિસરમાં આંટા મારતાં નજરે પડે છે!’ દળવીએ કહ્યું: ‘આગળ યુનિટ સત્તર પાસેના ભાંગેલા-તૂટેલા અવાવરું તબેલામાં એ બન્ને પડી રહે છે. ત્યાં ઘણા તબેલા હવે ખંડિયેર હાલતમાં છે.’

બોલેરો ધીમે ધીમે જૉની-બૉની નજીક પહોંચી એટલે ગોહિલ વારંવાર ઉપરથી નીચે બન્નેનું નિરીક્ષણ કરી રહ્યો હતો. તેણે માનેને વાહન રોકવાનો ઇશારો કર્યો એટલે માનેએ બ્રેક મારી.

‘શું થયું, સર... બોલાવું એમને!’ દળવીએ કહ્યું.

હાથના ઇશારાથી દળવીને ના પાડી ગોહિલ આગળ જઈ રહેલા જૉની-બૉનીને ખાસ્સો સમય સુધી જોતો રહ્યો. એના મનમાં કયા વિચારો દોડી રહ્યા હતા એ કળવું મુશ્કેલ હતું.

ગોહિલ કોઈને ન સંભળાય એટલા ધીમા અવાજે બોલ્યો: ‘ગાંડા ગામ ગજવે એમ આ ગાંડા જંગલ ગજવવા નીકળ્યા છે?’ (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી-ગુજરાતીની જોડી જમાવો

| A | B |
|---|---|
| वंचित | નારી |
| वजह | અસ્તિત્વ |
| वजूद | ઊલટી |
| वनिता | રહિત |
| वमन | કારણ |

### ઓળખાણ પડી?



હિન્દી ફિલ્મોમાં ૨૫ વર્ષ હિરોઈન તરીકે ચમકેલી અભિનેત્રી નરગિસે કઈ ફિલ્મમાં ડબલ રોલ કર્યો હતો એની ઓળખાણ પડી?

અ) આગ  બ) આધી રાત  ક) અનહોની  ડ) તકદીર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ્ર | શ્નો | ત્ત | ૨ રી | | ૩ છ | ળ | ૪ ક | ૫ પ | ૬ ટ |
| કાં | | | ૭ ત | ૮ ર | તાં | | ૯ દ | રે | ક |
| ૧૦ ડ | ૧૧ બી | | ૧૨ સ | જા | | ૧૩ ઢે | ર | | ટ |
| | ૧૪ ક | ૧૫ સ | ર | | ૧૬ શ | | ૧૭ દા | હ | ક |
| ૧૮ ક | ણ | ક | | ૧૯ આ | વા | ૨૦ હ | ન | | |
| ર | | ળ | | | ૨૧ સ | ર | | ૨૨ ક | ડી |
| ૨૪ ક | ૨૫ મ | | ૨૬ આ | ૨૭ વ | ન | જા | વ | ન | |
| ૨૮ સ | મ | ૨૯ જા | વ | ટ | | ઈ | | ૩૦ ડ | ૩૧ ર |
| ૩૨ ર | મ | લ | | | ૩૩ વા | | ૩૪ સ્વા | ગ | ત |
| | ૩૫ મ | કા | ન | મા | લિ | ક | | ૩૬ ત | ન |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | | | ૫ |
| | | ૬ | | | ૭ | | | | |
| ૮ | ૯ | | | ૧૦ | | | | ૧૧ | |
| ૧૨ | | | ૧૩ | | | | ૧૪ | | |
| | | | ૧૫ | | | ૧૬ | | | |
| | ૧૭ | | | | ૧૮ | | | | |
| ૧૯ | | | | | ૨૦ | | | ૨૦-અ | |
| | | ૨૧ | | ૨૨ | | | ૨૨-અ | | ૨૩ |
| ૨૪ | | | ૨૫ | | ૨૬ | ૨૬-અ | | | |
| | | ૨૭ | | | | | | ૨૮ | |

**આડી ચાવી**

૧. બધે જ --- બતાવવું પડે (૫)
૪. અસ્વીકાર, ત્યાગ, આવિષ્કાર (૪)
૬. બુદ્ધિ (૨)
૭. વાહ, સરસ સ્વાદ છે (૨)
૮. મારવાનો તાંત્રિક પ્રયોગ (૩)
૧૦. --- પાસું એટલે નકારાત્મક બાજુ (૩)
૧૧. તંતુવાદ્ય, પછી, તો પછી (૨)
૧૨. કાર્લ --- વિશ્વ પ્રસિદ્ધ મનોવૈજ્ઞાનિક (૨)
૧૩. ચડિયાતું, સર્વશ્રેષ્ઠ (અં.) (૩)
૧૪. અચળ (૩)
૧૫. એક ગરમ મસાલા (૨)
૧૬. જેને કોઇ ઉપમા ન આપી શકાય (૪)
૧૭. પ્યાસ, તરસ (૩)
૧૯. --- સહેલિયાં ખડી ખડી (૨)
૨૦. કિંમતી રત્ન (૨)
૨૨. લખ્યા વિનાના કાગળ (૨)
૨૨-અ. એક વિષય પર મનન (૩)
૨૪. તારા વડે અંકાયેલું (૪)
૨૬. જેની પૂજા થતી હોય એવા (૩)
૨૭. વાતવાતમાં તલવાર કાઢનાર (૫)
૨૮. આ--- માં તેલ નથી (૨)

**ઊભી ચાવી**

૧. પરાયું (૪)
૨. એક ગુજરાતી ફરસાણ (૩)
૩. --- થયો એ પતી ગયો-ગુ. નાટક (૨)
૪. અંદર નહીં તો ---- (૩)
૫. ખેલકૂદ (૬)
૭. ટેકો, સહારો (૩)
૯. કોઢનો રોગ (૫)
૧૦. વડો સાહેબ (૩)
૧૧. ઉત્કટ, ઇચ્છા, તાલાવેલી (૩)
૧૩. વેરાન, ઉજ્જડ, શાંત (૪)
૧૪. નાનો (ભાઇ) (૩)
૧૮. સ્વર્ગ (૫)
૧૯. બાળપણની એક રમત (૪)
૨૦-અ. --- જવી એટલે મરતાં બચવું (૨)
૨૧. અંકાયેલું (૩)
૨૨-અ. --- ચિતા સમાન (૨)
૨૩. વંશ, પત્તો, મૂળ (૩)
૨૫. દૂધ ઉપર તરે (૨)
૨૬-અ. ભાઇ એટલે માડી --- વીર (૨)

### ગુજરાત મોરી મોરી રે

લોક કથા પર આધારિત રવિન્દ્ર દવે દિગ્દર્શિત સુપરહિટ ફિલ્મ ‘જેસલ તોરલ’માં તોરલની ભૂમિકા કઈ અભિનેત્રીએ કરી હતી?

અ) અનુપમા  બ) રોમા માણેક
ક) સ્નેહલતા  ડ) તરલા મહેતા

### જાણવા જેવું

રવીન્દ્ર દવેએ તેમની હિન્દી બ્લોકબસ્ટર ફિલ્મ નગીના (૧૯૫૧)ની રિમેક લીના ચંદાવરકર અને સંજય ખાન સાથે કરવાની યોજના બનાવી હતી, પણ યોજના વિલંબમાં પડી ગઈ. ફિલ્મોના નિર્માણ સાથે જોડાયેલા સભ્યોની રોજગારી ચાલુ રાખવા ગુજરાતી સિનેમા તરફ વળી ‘જેસલ તોરલ’ બનાવી અને એને જબરદસ્ત સફળતા મળતા ફરી હિન્દી ફિલ્મ બનાવી જ નહીં.

### સુડોકુ-૯૦૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૮ | ૬ | | | | |
| ૬ | | | ૫ | | | ૯ | | |
| ૯ | | ૭ | | | | | | ૧ |
| ૭ | | ૫ | | ૩ | | | | |
| ૨ | | | | | | | | ૪ |
| | | | | ૪ | | ૮ | | ૭ |
| ૫ | | | | | | ૭ | | ૯ |
| | | ૬ | | | ૪ | | | ૨ |
| | | | | ૮ | ૭ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૦૮૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ | ૯ | ૩ |
| ૩ | ૫ | ૨ | ૭ | ૯ | ૬ | ૪ | ૮ | ૧ |
| ૬ | ૮ | ૯ | ૩ | ૪ | ૧ | ૭ | ૫ | ૨ |
| ૮ | ૭ | ૧ | ૨ | ૫ | ૪ | ૯ | ૩ | ૬ |
| ૪ | ૬ | ૩ | ૧ | ૮ | ૯ | ૨ | ૭ | ૫ |
| ૨ | ૯ | ૫ | ૬ | ૩ | ૭ | ૮ | ૧ | ૪ |
| ૫ | ૩ | ૬ | ૮ | ૭ | ૨ | ૧ | ૪ | ૯ |
| ૭ | ૧ | ૪ | ૯ | ૬ | ૩ | ૫ | ૨ | ૮ |
| ૯ | ૨ | ૮ | ૪ | ૧ | ૫ | ૩ | ૬ | ૭ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

‘ઝંઝીર’ ફિલ્મથી ઍંગ્રી યંગ મેન બની ગયેલા અમિતાભ બચ્ચને કઈ ફિલ્મમાં નેગેટિવ રોલ કર્યો હતો એ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) નમકહલાલ  બ) પરવાના  ક) બંસી બિરજુ  ડ) સંજોગ

### નોંધી રાખો

ચુનીલાલ વર્ધમાન શાહની વિવાદાસ્પદ નવલકથા ‘જીગર અને અમી’ પરથી એ જ નામની ફિલ્મ ૧૯૭૦માં બની હતી.

### માઈન્ડ ગેમ

અમિતાભ બચ્ચને ‘ડોન’માં રોલ કર્યો એવી ભૂમિકા ૧૯૬૦ના દાયકામાં શમ્મી કપૂરે પણ કઈ ફિલ્મમાં ભજવી હતી એનું નામ ખબર છે?

અ) પ્રોફેસર  બ) ઉજાલા
ક) કોલેજ ગર્લ  ડ) ચાઈના ટાઉન

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| लंगूर | વાનર |
| लंघन | ઉપવાસ |
| लकब | પદવી |
| लकीर | લીટી |
| लगान | વેરો |

ઓળખાણ પડી? સુનયના

માઈન્ડ ગેમ The Italian Job

ગુજરાત મોરી મોરી રે પારકી જણી

ચતુર આપો જવાબ માથું ખંજવાળો જીગરી દોસ્ત

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) ધવલ શાહ (૯) સુભાષ મોમાયા (૧૦) નીતા દેસાઈ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) અમીશી બંગાળી (૧૫) શ્રદ્ધા આશર (૧૬) લજિતા ખોના (૧૭) મીનળ કાપડિયા (૧૮) નૂતન વિપીન શાહ (૧૯) વિપીન શાહ (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) ભાવના કર્વે (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેશ સંઘવી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વિણા સંપટ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) હિનાબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) ઈનાક્ષીબેન દલાલ (૩૪) અલકા વાણી (૩૫) ડાયના સંતોકે (૩૬) પુષ્પા ખોના (૩૭) જયવંત પદમશી ચિખલ (૩૮) પ્રવીણ વોરા (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) નિતિન જયંતિલાલ બજરિયા (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) કિશોર સંઘરાજકા (૪૬) મહેશ દોશી (૪૭) અરવિંદ કામદાર (૪૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૯) હિંમતલાલ પુરુષોત્તમ મોલીયા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) આનંદ, ૨) ફૂલ ઔર કાંટે, ૩) મિલી, ૪) તેરે મેરે સપને, ૫) દુશ્મન, ૬) મસ્તાના, ૭) પોલીસવાલા ગુંડા

ક્વિઝ (બ) ૧) ચાંદની, ૨) દામિની, ૩) ફિઝા, ૪) રોજા, ૫) ચમેલી, ૬) આશા, ૭) જુલી

# સતત સાતમા દિવસની આગેકૂચમાં સેન્સેક્સમાં ૧૨૩ પોઇન્ટનો સુધારો, નિફ્ટી ૨૫,૦૦૫ પોઇન્ટની ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સતત સાતમા દિવસની આગેકૂચમાં સેન્સેક્સે ૧૨૩ પોઇન્ટના સુધારા સાથે ૮૧,૫૦૦ની સપાટી વટાવી હતી જ્યારે, નિફ્ટી ૨૫,૦૦૫ની ત્રણ સપ્તાહ ઊંચી સપાટીએ પહોચ્યો હતો. અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા રેટ ઘટાડાની આશા વચ્ચે વૈશ્વિક બજારોમાં જળવાયેલા તેજીના માહલની અસર સ્થાનિક બજાર પર દેખાઇ હતી. ફેડરલની બેઠકના પરિણામ આવતા સપ્તાહે ૧૬મી અને ૧૭મી દરમિયાન થવાની અપેક્ષા છે.

સત્રને પ્રારંભે ઊંચા મથાળે ખૂલ્યા બાદ પોઝિટીવ અને નેગેટીવ ઝોનમાં અથડાઇને અંતે બીએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ ૧૨૩.૫૮ પોઇન્ટ અથવા ૦.૧૫ ટકા વધીને ૮૧,૫૪૮.૭૩ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૨૧૭.૦૭ પોઈન્ટ અથવા ૦.૨૬ ટકા વધીને ૮૧,૬૪૨.૨૨ની સપાટીએ અથડાયો હતો. જ્યારે એનએસઇનો ૫૦ શેરો ધરાવતો એનએસઈ નિફ્ટી ૩૨.૪૦ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા વધીને ૨૫,૦૦૫.૫૦ પોઇન્ટની લગભગ ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ બંધ થયો હતો, જે સતત સાતમા દિવસે વધારો દર્શાવે છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે, ભારત સાથેના વેપારના ઘર્ષણને સરળ બનાવવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરવાની યોજના બનાવી હોવાનું જાહેર કર્યું ત્યારબાદથી બજારના સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો છે. ટેરિફ વાટાઘાટો ફરીથી શરૂ થવાની આશાએ આઇટીના શેરમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો.

જોકે, બે દિવસમાં પાંચથી સાતેક ટકાના ઉછાળા બાદ ગુરુવારના સત્રમાં આઇટી શેરોમાં પ્રોફિટન બુકિંગ સાથે પીછેહઠ જોવા મળી હતી. આ ઉપરાંત તાજેતરના ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના સુતાર્કિકીરણ બાદ શેરબજારનો અંડરટોન મજબૂત બન્યો છે.



સેન્સેક્સમાં એનટીપીસી સૌથી વધુ વધનાર શેર બન્યો હતો, જે ૧.૬૩ ટકા વધીને રૂ. ૩૩૦.૯૦ પર બંધ થયો હતો. એક્સિસ બેંક ૧.૬૧ ટકા, ઇટર્નલ ૧.૩૪ ટકા, પાવર ગ્રીડ ૧.૩૩ ટકા, ભારતી એરટેલ ૧.૨૯ ટકા અને સન ફાર્મા ૦.૯૯ ટકા વધ્યો હતો.

ભારતી એરટેલ, એક્સિસ બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઇટર્નલ અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા એવા પાંચ શેર હતા, જેમણે સેન્સેક્સના ઉછાળામાં મોટો ફાળો આપ્યો હતો. ક્ષેત્રીય સૂચકાંકોમાં, ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સ ૧.૧૯ ટકા વધીને ૨૬,૨૪૧.૭૨ પર બંધ થયો હતો, જ્યારે એનર્જી ઇન્ડેક્સ ૦.૯૬ ટકા વધીને ૧૧,૨૭૧.૦૪ પર બંધ થયો હતો.

એકંદરે, બીએસઇ પર ટ્રેડ થતા ૪,૨૮૧ સક્રિય શેરોમાંથી ૨,૧૧૯ શેરોમાં વધારો થયો હતો, જ્યારે ૨,૦૦૯ શેરોમાં ઘટાડો થયો હતો અને ૧૫૩ શેરોમાં કોઈ ફેરફાર થયો નહોતો. સત્ર દરમિયાન ૧૧૩ શેરોએ તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચી હતી.

કુલ ૪૨ શેરોએ તેમની બાવન સપ્તાહની નીચી સપાટીએ અથડાયા હતા. સત્રમાં ૨૩૨ શેરો તેમના સંબંધિત ઉપલી સર્કિટ પર અને ૧૬૨ અન્ય શેરો નીચલી સર્કિટ પર બંધ થયા હતા. બીએસઇ ૨૦૦ ઇન્ડેક્સમાં બે શેર, ઇન્ડિયન બેંક અને વારી એનર્જીઝ, તેમની સંબંધિત બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચી ગયા છે.

પચાસ શેર ધરાવતો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી ૨૫,૦૦૦ની નિર્ણાયક થ્રેશોલ્ડથી ઉપર બંધ થયો છે. યુએસ દ્વારા ભારત પર પચાસ ટકા ટેરિફ લાદવાના અણધાર્યા અમલથી શરૂઆતમાં મુખ્ય શેરઆંક ૨૪,૪૦૦ સુધી નીચે આવી ગયો હતો એમ જણાવતા જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું હતું કે, આ ઘટાડા બાદ જોકે ઇન્ડેક્સ સતત સુધરતો રહ્યો છે. આ પુનરુત્થાન માટે સ્થાનિક અર્થતંત્ર પર મર્યાદિત અસરની અપેક્ષા, યુએસ લાંબા ગાળાની નીતિઓ પ્રત્યે ભારત સરકારનો મજબૂત વ્યૂહાત્મક પ્રતિભાવ અને વેપાર સંબંધિત અસરોને ઘટાડવા માટે જીએસટી જેવા મહત્વપૂર્ણ સ્થાનિક સુધારાઓની જાહેરાત જેવા અનેક પરિબળો જવાબદાર હોઈ શકે છે.

તાજેતરમાં, ભારત સાથે વેપાર ચર્ચાઓ ફરી શરૂ કરવા માટે અમેરિકા તરફથી મળેલા સકારાત્મક સંકેતોએ ઇન્ડેક્સને નવી શ્રેણીમાં આગળ વધવાનો માર્ગ મોકળો કર્યો છે, જેની બજાર દ્વારા ખૂબ અપેક્ષા રાખવામાં આવી હતી. પાછલા સાત સત્રોમાં નિફ્ટી ૫૦ અને સેન્સેક્સે ૧.૭૦ ટકાનો વધારો નોંધાવ્યો છે, જે સ્તાનિક કર ઘટાડાથી, યુ.એસ. દર ઘટાડવાની અપેક્ષાઓ અને વૈશ્વિક વેપાર વાટાઘાટોની પોઝિટિવ અસર દર્શાવે છે.

# ડૉલર ઈન્ડેક્સ મજબૂત થતાં રૂપિયો ૩૩ પૈસા ખાબકીને ૮૮.૪૪ના નવાં તળિયે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે મોડી સાંજે થનારી અમેરિકાનાં ઑગસ્ટ મહિનાના ફુગાવાની જાહેરાત પૂર્વે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલા ૦.૨૨ ટકાના ઉછાળા ઉપરાંત છેલ્લાં બે-ત્રણ સત્રથી બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં પણ સુધારાતરફી વલણ જોવા મળી રહ્યું હોવાથી છે. તેમ જ ભારત અને અમેરિકા વચ્ચે ટૅરિફના મુદ્દે પ્રવર્તી રહેલા તણાવ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૧૫.૬૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં એક તબક્કે ૩૮ પૈસાનું ધોવાણ થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૩૩ પૈસા ખાબકીને ૮૮.૪૪ના નવાં તળિયે બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૧૧ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૮.૧૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૧૧ અને ઉપરમાં ખૂલતી જ ૮૮.૧૧ની સપાટી રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૩૩ પૈસાના કડાકા સાથે ૮૮.૪૪ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. આ પૂર્વે ડૉલર સામે રૂપિયાએ ગત બીજી સપ્ટેમ્બરના રોજ ૮૮.૧૫ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ચાર પૈસાનો સુધારો જોવા મળ્યો હતો.

એકંદરે હાલના તબક્કે ડૉલરમાં આયાતકારોની લેવાલી, અમેરિકી ટૅરિફની ચિંતા અને ફેડરલ રિઝર્વની આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠક પૂર્વે આજે અમેરિકાના ફુગાવાના ડેટાની જાહેરાત પૂર્વે ડૉલર ઈન્ડેક્સ મજબૂત થતાં રૂપિયો દબાણ હેઠળ રહેતો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરીના એડવાઈઝર્સનાં ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનિલ કુમાર ભણસાળીએ જણાવતા ઉમેર્યું હતું કે હાલમાં ડૉલર ઈન્ડેક્સ ૯૮ની સપાટી ભણી ધસમસી રહ્યો છે અને ક્રૂડતેલના ભાવ ધીમી પણ મક્કમ ગતિથી વધી રહ્યા હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવી રહ્યો છે. અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૮.૨૫થી ૮૮.૭૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય, એમ તેમણે ઉમેર્યું હતું.

# વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સોનામાં ₹ ૫૩૮ની અને ચાંદીમાં ₹ ૯૫ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા ખાતે ગઈકાલે જાહેર થયેલા ઑગસ્ટ મહિનાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં અપેક્ષા કરતાં વધુ ઘટાડો જોવા મળ્યો હોવાથી ફેડરલ દ્વારા વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવી આશા વધુ પ્રબળ બની હોવા છતાં આજે મોડી સાંજે જારે થનારા ફુગાવાની જાહેરાત પૂર્વે લંડન ખાતે સોના અને ચાંદીમાં રોકાણકારોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ધીમો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ હતા.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩૬થી ૫૩૮નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૩ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતા વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૯૫ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૯૫ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૧,૨૪,૪૯૯ના મથાળે રહ્યા હતા.



વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં રૂપિયાની નરમાઈને કારણે ભાવઘટાડો મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૫૩૬ ઘટીને રૂ. ૧,૦૮,૬૬૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૩૮ ઘટીને રૂ. ૧,૦૯,૦૯૭ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી ભાવસપાટીને કારણે છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૩૬૨૧.૧૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૬ ટકા ઘટીને ૩૬૫૯.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧.૦૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે અમેરિકી ફેડરલ રિઝર્વની આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કપાતના નિર્ણયની મુખ્ય ભૂમિકા ભજવનાર ઑગસ્ટ મહિનાના ફુગાવાની આજે મોડી સાંજે જાહેરાત થનાર હોવાથી સોનામાં છૂટીછવાઈ નફારૂપી વેચવાલી નીકળતા તેજીએ થાક ખાધો હોવાનું ટેસ્ટીલિવનાં ગ્લોબલ મેક્રો વિભાગના હેડ ઈલ્યા સ્પિવિકે જણાવતાં ઉમેર્યું હતું કે ગત ઑગસ્ટ મહિનામાં ટ્રેડ સર્વિસના નીચા માર્જિન અને ઈનપૂટ ખર્ચમાં વધારો સાધારણ માત્રામાં થયો હોવાથી પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો છે.

અમેરિકામાં ઑગસ્ટ મહિનાના ફુગાવામાં આગલા જુલાઈ મહિનામાં જોવા મળેલા ૦.૨ ટકાના વધારા સામે ૦.૩ ટકાની વૃદ્ધિ જોવા મળશે અને ફુગાવો આગલા જુલાઈ મહિનાના ૨.૭ ટકા સામે વધીને ૨.૯ ટકા આસપાસની સપાટીએ રહેશે, એવું તાજેતરમાં રૉઈટર્સ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં ફલિત થયું હતું. એકંદરે ગત સપ્તાહે અમેરિકાના રોજગારીના ડેટા નબળા આવ્યા બાદ, ગઈકાલે પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં બજારની અપેક્ષા કરતાં વધુ ઘટાડો જોવા મળ્યો હોવાથી ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી શક્યતા વધુ પ્રબળ બની હતી. તેમ જ બજારનો અમુક વર્ગ તો વ્યાજદરમાં ૫૦ બેસિસ પૉઈન્ટનો જમ્બો રેટ કટ કરવામાં આવે તેવી ધારણા પણ મૂકી રહ્યો છે.

# ઓરેકલના એક દિવસના ઉછાળાએ રિલાયન્સ અને એલન મસ્કને ઝાંખા પાડ્યા!

મુંબઇઃ ઓરેકલની ૨૪૪ બિલિયનની એક દિવસની તેજી ટીસીએસ, ઇન્ફોસિસ, એચસીએલ ટેક જેવી સમગ્ર આઈટી ત્રિપુટી જેટલી મોટી છે. ક્લાઉડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર આવકમાં નોંધપાત્ર વૃદ્ધિનો અંદાજ જાહેર થયા પછી ઓરેકલના શેરમાં ૩૬ ટકાનો ઉછાળો આવ્યો, જેનાથી તેના માર્કેટ કેપમાં ૨૪૪ બિલિયન ડોલરનો ઉમેરો થયો હતો.

ભારતની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું ૨૧૨ બિલિયન ડોલરનું બજાર મૂલ્ય પણ ઓરેકલની એક દિવસીય તેજી સામે નાનું લાગે છે, જે ટકાવારીના ધોરણે ૧૯૯૨ પછી કંપની માટે સૌથી મોટો એક દિવસીય ઉછાળો હતો. ઓરેકલના સ્થાપક અને કંપનીમાં ૪૦ ટકાથી વધુ હિસ્સો ધરાવતા તેના સૌથી મોટા શેરધારક, એલિસનની સંપત્તિમાં ભારે તેજીના પરિણામે એક દિવસમાં ૮૮.૫ બિલિયન ડોલરનો ઉછાળો જોવા મળ્યો હતો. તેમણે થોડા સમય માટે મસ્કને નંબર વન સ્લોટમાં પાછળ છોડી દીધો અને બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઇન્ડેક્સ તેમની વર્તમાન નેટવર્થ ૩૮૩ બિલિયન ડોલર દર્શાવે છે, જે મસ્કની ૩૮૪ બિલિયન ડોલરની સંપત્તિ કરતાં સહેજ ઓછી છે. ઓરેકલનીા માર્કેટ કેપ નાણાકીય વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૪૪ બિલિયન ડોલર સુધી પહોંચવાની સંભાવના છે.

આ તેજીએ લેરી એલિસનની સંપત્તિમાં થોડા સમય માટે વધારો કર્યો, જે એલોન મસ્કની નજીક પહોંચી ગઈ, જે એલોન મસ્કનો વિશ્વના સૌથી ધનિક અબજોપતિનો ખિતાબ છીનવી લેવા માટે પૂરતી હતી. બુધવારે ઓરેકલના શેરમાં ૨૪૪ બિલિયન ડોલરની તેજી ભારતની ટોચની ત્રણ ટેક કંપનીઓ, ટીસીએસ, ઇન્ફોસિસ અને એચસીએલ ટેકના સંયુક્ત બજાર મૂડીકરણની બરાબર છે. અમેરિકન ટેક જાયન્ટ હવે વિશ્વની ૧૨મી સૌથી મૂલ્યવાન કંપની છે અને એક ટ્રિલિયન ડોલરના ક્લબમાં જોડાવા માટે તૈયાર છે. નોંધવું રહ્યું કે ઇન્ફોસિસ, ટીસીએસ અને એચસીએલ ટેકનું સંયુક્ત બજાર મૂલ્ય આશરે ૨૪૪ અબજ ડોલર જેટલું છે.

# ચીન, બહેરીન અને થાઈલેન્ડથી થતી ગ્લાસ ફાઈબરની આયાત સામે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટીની ભલામણ

નવી દિલ્હીઃ ઈલેક્ટ્રિકલ્સ સહિતનાં ઘણાં ક્ષેત્રોમાં ઉપયોગમાં આવતા ફાઈબર ગ્લાસની ચીન, બહેરીન અને થાઈલેન્ડથી થતી સસ્તી આયાત સામે સ્થાનિક ઉત્પાદકોનાં હિત જાળવી રાખવા માટે આજે વાણિજ્ય મંત્રાલય હેઠળની તપાસકર્તા એજન્સી ડિરેક્ટોરેટ જનરલ ઑફ ટ્રેડ રેમેડિઝ (ડીજીટીઆર)એ આગામી પાંચ વર્ષ માટે એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાની ભલામણ કરી છે.

ડીજીટીઆરએ હાથ ધરેલી તપાસના અંતે ફલિત થયું હતું કે આ દેશોથી થતી આયાતને સામાન્ય કરતાં નીચા ભાવથી થઈ રહી હોવાથી સ્થાનિકમાં માલનું ડમ્પિંગ થવાથી ઉત્પાદકોનાં હિત નોંધપાત્ર સ્તરે જોખમાઈ રહ્યા હોવાથી ઑથૉરિટીએ ચીન, બહેરીન અને થાઈલેન્ડથી થતી આયાત સામે પાંચ વર્ષ સુધી ટનદીઠ ૧૯૪થી ૩૯૪ ડૉલર સુધીની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદવાની ભલામણ કરી હોવાનું એક નોટિફિકેશનમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે ડીજીટીઆર દ્વારા ડ્યૂટી લાદવા માટે ભલામણ કરવામાં આવે છે, પરંતુ ડ્યૂટી અંગેનો અંતિમ નિર્ણય નાણાં મંત્રાલય દ્વારા લેવામાં આવતો હોય છે.

વધુમાં ડીજીટીઆરએ અન્ય એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે ઑથૉરિટીએ એડહેસિવ ઉદ્યોગમાં વપરાતા રસાયણની યુરોપિયન યુનિયન, ઈન્ડોનેશિયા, કોરિયા, મલયેશિયા, તાઈવાન અને અમેરિકાથી થતી આયાત સામે લાદવામાં આવેલી એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી જાળવી રાખવા માટેની તપાસ પણ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આંદ્રા પેટ્રોકેમિકલ્સ લિ. એ યુરોપિયન યુનિયન, ઈન્ડોનેશિયા, કોરિયા, મલયેશિયા, તાઈવાન અને અમેરિકાથી થતી ૨-ઈથેલ હેક્સાનોલ પર લાદવામાં આવેલી ડ્યૂટીની પુનઃ સમીક્ષા કરીને એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી જાળવી રાખવા માટેની તપાસ હાથ ધરવા માટે અરજી કરી હતી.

# પતંજલિ ફૂડ્સના શેરમાં ૬૭ ટકાનું પતન? જાણો કારણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પતંજલિ ફૂડ્સના શેરમાં એકાએક તોતિંગ કડાકો પડતા રોકાણકારો ડઘાઇ ગયા હતા. આ કંપનીના શેરનો ભાવ રૂ. ૧૮૦૦થી સીધો રૂ. ૬૦૦ જેવો બોલાઇ ગયો હોવાથી આશ્ચર્ય સર્જાયું હતું. સામાન્ય રીતે કંપનીને મોટો ઝટકો લાગ્યો હોય અથવા ખોટું થયું હોય ત્યારે આવું થતું હોય છે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે.

ખરેખર, આ ઘટાડો કોઈ નુકસાનને કારણે નહીં, પરંતુ બોનસ શેર મળવાને કારણે થયો હતો. એટલે કે, કંપનીએ તેના રોકાણકારોને બોનસ શેર આપ્યા છે અને જ્યારે આવું થાય છે, ત્યારે શેરની કિંમત આપમેળે ઘટી જાય છે, જો કે કુલ રોકાણનું મૂલ્ય એ જ રહે છે.

વાસ્તવમાં બોનસ શેરના સમાયોજન પછી, આજે પતંજલિ ફૂડ્સના શેરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ શેર સત્ર દરમિયાન ૧.૨૧ ટકાના કડાકા સાથે રૂ. ૫૯૨.૯૦ સુધી ગબડ્યા બાદ અંતે ૦.૪૫ ટકાના ઘટાડે રૂ. ૫૯૮ની સપાટીએ સ્થિર થયા છે. બોનસ શેર ઇશ્યૂ પછી, કંપનીનું માર્કેટ કેપ હવે લગભગ રૂ. ૬૪,૮૫૬ કરોડ છે. અને એ જ સાથે, કંપનીનો પી ઇ રેશિયો હવે લગભગ ૧૮ જેવો છે. પતંજલિ ફૂડ્સના ડિરેક્ટર્સ બોર્ડે જુલાઈમાં યોજાયેલી બેઠકમાં બોનસ શેર જારી કરવાનો નિર્ણય લીધો હતો.

આ બોનસ ઇશ્યૂ ૨:૧ના ગુણોત્તરમાં જારી કરવામાં આવ્યો છે. એટલે કે, કંપનીના તમામ પાત્ર શેરધારકોને તેમની પાસેના દરેક એક શેર માટે બે બોનસ શેર આપવામાં આવ્યા હતા.

અર્થાત શેરધારકો પાસે રહેલા શેરની સંખ્યા ત્રણ ગણી થશે. આ માટેની રેકોર્ડ તારીખ ૧૧ સપ્ટેમ્બર રાખવામાં આવી હતી.ચાલો આને એક ઉદાહરણ દ્વારા સમજીએ. જો પહેલા તમારી પાસે બે શેર હતા અને દરેક શેરની કિંમત ૯૦૦ રૂપિયા હતી, તો કુલ કિંમત ૧૮૦૦ રૂપિયા છે. બોનસ શેર મેળવ્યા પછી, તમારી પાસે ત્રણ શેર હશે, પરંતુ દરેક શેરની કિંમત ૬૦૦ રૂપિયાની આસપાસ રહેશે. કુલ કિંમત હજુ પણ ૧૮૦૦ રૂપિયા રહેશે.

# ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી નીકળતાં ભાવમાં કિલોદીઠ રૂ. બાવીસનો ઉછાળો આવ્યો હતો. તેમ જ આજે ટીનની આગેવાની હેઠળ કોપરની અમુક વેરાઈટીઓ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને નિકલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજાર વર્તુળોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બાવીસ વધીને રૂ. ૩૧૪૧ અને રૂ. સાત વધીને રૂ. ૯૫૧ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૭૮૦ અને રૂ. ૧૩૪૫, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૫૭૦ અને કોપર આર્મિચર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૪૦, રૂ. ૨૬૨ અને રૂ. ૨૭૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ખપપૂરતી છૂટીછવાઈ માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં સાધારણ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૮૯૦ની રેન્જમાં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગને ટેકે હાજર ભાવ ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૭૨ના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડમાં ખપપૂરતી માગ અને અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૪૦૭૨થી ૪૧૫૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૦થી ૩૯૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૯૦થી ૪૦૪૦માં ટકેલા ધોરણે થયા હતા.

# મર્યાદિત માગે આયાતી તેલમાં નરમાઈ

## મધ્ય પ્રદેશમાં સોયાબીનના વાવેતર વિસ્તારમાં પાંચ ટકાનો ઘટાડો

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે સાધારણ છ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૪૦ રિંગિટનો સુધારો આવ્યો હોવા છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આયાતી તેલમાં સોયા રિફાઈન્ડ અને આરબીડી પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ એક માત્ર સરસવના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા. દરમિયાન વર્તમાન ખરીફ મોસમમાં અત્યાર સુધીમાં મધ્યપ્રદેશ ખાતે સોયાબીનનું વાવેતર ગત સાલના સમાનગાળાના ૫૩.૮૮ લાખ હેક્ટર સામે પાંચ ટકા ઘટીને ૫૧.૨ લાખ હેક્ટર આસપાસ થયું હોવાનું સરકારી આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, ગોદરેજ એગ્રોવેટ, અલાના અને ઈમામીના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૨૩૫, રૂ. ૧૨૭૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૭૦ અને રૂ. ૧૨૫૦ તથા રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૩૦ના મથાળે ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નિરસ હતી. આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૧૫૦૦ ગૂણી જૂની અને ૭૫૦૦ ગૂણી નવી મગફળી મળીને કુલ ૯૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૯૦૦થી ૧૧૦૦માં થયા હતા.



રાજકોટ મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન હેઠળના વોર્ડ નં. ૮, ૧૦ અને ૧૧ના વિસ્તારમાં ટાઉન પ્લાનીગ શાખા દ્વારા ડિમોલીશન હાથ ધરાયું હતું. ટાઉન પ્લાનીગ ટીમે અનઅધિકૃત બાંધકામ દૂર કરી ૯૯૨૩.૦૦ ચો.મી.ની જગ્યા ખુલ્લી કરાવી હતી. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

## અંજારના ઐતિહાસિક સવાસર તળાવને સંતો-મહાનુભવોની હાજરી વચ્ચે વાજતે-ગાજતે વધાવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સમગ્ર રાજ્યની સાથે-સાથે કચ્છમાં થયેલી મેઘમહેરથી ઓગની ગયેલા ભુજના હમીરસર તળાવ સહિતના અનેક ડેમ-તળાવોને શાસ્ત્રોક્ત વિધિથી વધાવવામાં આવી રહ્યા છે ત્યારે ચાર સદી અગાઉ સંત અજેપાળે સ્થાપેલા અંજાર શહેરનું ઐતિહાસિક સવાસર તળાવ ઓગની જતાં વાજતે-ગાજતે શાસ્ત્રોક વિધિથી વધાવવાનો કાર્યક્રમ અંજાર નગરપાલિકા દ્વારા યોજવામાં આવ્યો હતો. માધવરાયના મંદિરમાં પૂજન વિધિથી તળાવને વધાવવાની વિધિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

અંજાર શહેરના શિવાજી માર્ગ, લાખાણી ચોક થઈ સવાસર નાકે આવેલા સવાસર તળાવે શોભાયાત્રા પહોંચી હતી. જ્યાં શાસ્ત્રોક્ત વિધિ સાથે વરૂણ દેવતાનું પૂજન કરી પાલર પાણીને મેઘલાડુનો ભોગ ચડાવી શ્રીફળ-ચૂંદડી અર્પણ કરી મહા આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજ, રામ સખી મંદિરના મહંત કિર્તીદાસજી મહારાજ, શ્રી મામૈદેવ બગથળા યાત્રાધામના મહંત ખીમજીડાડા ધનજીડાડા માતંગ અને સ્વામિનારાયણ મંદિરના મહંત અને સંતોએ આર્શિવચન પાઠવ્યા હતા. ■

## માધાપરના પોક્સો-એટ્રોસિટીના ચકચારી કેસમાં સુમરાસર શેખના આરોપી યુવકને પાંચ વર્ષની કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એક સગીર વયની કન્યાના શારીરિક ઉત્પીડનના પોક્સો અને એટ્રોસિટીની ધારાઓ ધરાવનારા ફોજદારી કેસમાં ભુજની ખાસ અદાલતે તાલુકાના સુમરાસર (શેખ) ગામનાં અજીઝ સુલેમાન શેખને પાંચ વર્ષની સખત કેદ અને ૧૭ હજાર રૂપિયાના દંડની સજા ફટકારી હતી.

ગત ૧૧ સપ્ટેમ્બર-૨૦૨૪ના બનેલા આ કિસ્સામાં ૧૧ વર્ષની કન્યા તેના ઘરની બહાર સાઇકલ પર રમી રહી હતી, ત્યારે મોટરસાઇકલ પર પસાર થયેલા અજીઝ સુલેમાન શેખે સાઈકલની ઘંટડી વગાડવાના મુદ્દે કન્યા સાથે વાદ-વિવાદ ઊભો કરી, તેણીને પકડીને શારીરિક અડપલા કર્યાં હતા. આ બનાવ અંગે માધાપર પોલીસ મથકે પીડિતના પરિવારે દાખલ કરેલી ફરિયાદની તપાસ નાયબ પોલીસ અધીક્ષક એમ.જે. ક્રિશ્ચિયને કરી હતી.

આ કેસની સુનાવણી ખાસ અદાલતમાં ન્યાયાધીશ જે.એ. ઠક્કર સમક્ષ થઈ હતી.તેમણે સુનાવણી દરમ્યાન બન્ને પક્ષની દલીલો ઉપરાંત ૧૧ દસ્તાવેજી પુરાવા અને આઠ સાક્ષીને તપાસીને આરોપી અજીઝ શેખને કેદ અને દંડની સજા કરતો આ ચુકાદો આપ્યો હતો. આ સુનાવણીમાં સરકાર વતી જિલ્લાના મુખ્ય સરકારી વકીલ એચ.બી. જાડેજા હાજર રહ્યા હતા. ન્યાયાધીશે ચુકાદામાં કલમ ૧૧૫ (૨)માં છ માસની સાદી કેદ અને એક હજાર દંડ, કલમ

૩૫૧ (૨)માં છ માસની સાદી કેદ અને એક હજાર દંડ, એટ્રોસીટી ધારાની કલમમાં છ માસની સાદી કેદ અને પાંચ હજાર દંડ તથા પોક્સો ધારાની કલમ બદલ પાંચ વર્ષની કેદ અને ૧૦ હજારના દંડની સજા સંભળાવી હતી. તેની સાથેસાથે ભોગ બનનાર કન્યાને ૫૦ હજાર રૂપિયા વળતર પેટે તાત્કાલિક ચૂકવાય તેવો આદેશ પણ કરાયો હતો. આ ઉપરાંત કન્યાનું જીવન અને શિક્ષણ સારી રીતે પુનઃ સ્થાપિત થાય તે માટે કાળજી અને માર્ગદર્શન માટેનો આદેશ સબંધિત વિભાગોને કરાયો હોવાનું જાણવા મળ્યું હતું. ■

## માંડવીના કોડાય ચાર રસ્તેથી ૪૦.૭૮ લાખનો શરાબનો જથ્થો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નશીલા પદાર્થોને દેશમાં ઘુસાડવા માટે ગોલ્ડન ગેટવે બની ગયેલાં કચ્છમાંથી ડ્રગ્સ, શરાબ વગેરે જેવા માદક પદાર્થો ઝડપાતાં રહે છે તેવામાં માંડવી તાલુકાના કોડાયપુલ ચાર રસ્તા પર એક ટ્રકનો ફિલ્મીઢબે પીછો કરીને કોડાય પોલીસે ભારતીય બનાવટના, અંગ્રેજી પ્રકારના રૂ. ૪૦,૭૮૧૬૭ લાખના શરાબના જથ્થાને ઝડપી પાડીને બે શખ્સોની ધરપકડ કરી હતી.

આ કાર્યવાહી અંગે હેડ કોન્સટેબલ લક્ષ્મણ પી. ગઢવીએ જણાવ્યું હતું કે, નાઈટ પેટ્રોલિંગ દરમ્યાન મળેલી પૂર્વ બાતમીના આધારે કોડાય પુલ ચર રસ્તા પર વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમ્યાન અહીંથી પસાર થતી ટ્રકને રોકવા માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ આ વાહન ઊભું ન રહેતાં તેનો એક-દોઢ કિલોમીટર સુધી પીછો કરવો શરૂ કર્યો હતો. કોડાયના સ્વામિનારાયણ મંદિર પાસે ટ્રાફિકમાં અટવાયેલી ટ્રકને અંતરીને રોકવી હતી અને નાની ખોંભડીના નવુભા ખેતુ જાડેજા અને રાજસ્થાનના આઈદાનસિંહ ગોવરધનસિંહ રાઠોડની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ તાલપત્રી બાંધેલી ટ્રકની તલાશી લેતાં તેમાંથી જુદા-જુદા બોક્સમાં રાખવામાં આવેલી નાની-મોટી કુલ શરાબની ૭૬૬૮ બોટલો તથા બિયરના કુલ ૫૭૧૨ ટીન મળી કુલ રૂ. ૪૦,૭૮,૧૬૭ના મૂલ્યનો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં કોડાય પોલીસે શરાબના જથ્થા ઉપરાંત રૂ. ૧૦,૦૦,૦૦૦ની ટ્રક, આરોપી પાસે રહેલો એક ૧૦૦૦૦નો મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૫૦,૮૮,૧૬૭નો મુદ્દામાલ અંકે કર્યો હતો.

ખાનાય ગામના જીતુભા મંગળસિંહ સોઢા અને યુવરાજસિંહ વજુભા જાડેજાએ આ શરાબના જથ્થાને બહારના રાજ્યમાંથી મંગાવ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. કોડાય પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ એન.ડી.પી.એસ એક્ટ તળે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

(તસ્વીરઃ ઉત્સવ વેદ)



## વર્ષ ૨૦૦૬માં અંજારમાં કિશોરીનું અપહરણ કરી દુષ્કર્મ ગુજારનારા આરોપીને સાત વર્ષની કેદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આજથી ૧૯ વર્ષ અગાઉ કચ્છના અંજાર શહેરમાં રહેતી એક કિશોરીનું અપહરણ કર્યા બાદ અલગ-અલગ સ્થળોએ દુષ્કર્મ ગુજાર્યા ઉપરાંત કિશોરીને ચોપડા પર પુખ્ત વયની દર્શાવીને લગ્ન કરવાના જે-તે સમયે ચર્ચાસ્પદ બનેલા પ્રકરણમાં આરોપીને અંજારની નામદાર અદાલતે સાત વર્ષની કેદનો ચુકાદો આપ્યો હતો.

વર્ષ ૨૦૦૬માં બનેલા આ બનાવ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, આદિપુરમાં રહેનારા આરોપી રમેશનાથ બાલનાથ નાથબાવાએ અંજારમાંથી એક કિશોરીનું અપહરણ કરીને અનેકવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. બાદમાં અમદાવાદ ખાતે કિશોરીને પુખ્ત વયની દર્શાવી ખોટું સોગંદનામું કરી તેની સાથે લગ્ન કરી લીધા હતા, જેની નોંધણી પણ આ શખ્સે ત્યાં કરાવી હતી. રમેશનાથની મદદગારી કરનારા અંજારના હાલે મુંબઇ રહેતા મહેશ દામજી ઠક્કર તથા આ રમેશનાથ સામે જે-તે સમયે પોલીસ મથકે ગુનો દર્જ થયો હતો. ૧૯ વર્ષ પહેલાંના આ કેસમાં બંને આરોપી સામે બળાત્કાર, અપહરણ, બાળલગ્ન પ્રતિબંધધારાની કલમ ૪-૫ તથા મદદગારીની કલમો હેઠળ જે-તે વખતે ફરિયાદ થઇ હતી. બનાવ બન્યા બાદથી આરોપી મહેશ દામજી ઠક્કર ઝડપાયો નથી અને અત્યાર સુધી તે આ કેસમાં નાસતો ફરે છે. તેની સામે જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું હતું. ગુનો નોંધાયા બાદ આ કેસ અગાઉ અદાલતમાં ચાલી ગયો હતો, જ્યાં આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો.

ભોગ બનનાર કિશોરીએ રાજ્યની વડી અદાલતમાં અપીલ કરી હતી અને હાઇ કોર્ટે આ કેસ ફરીથી ચલાવવા આદેશ કર્યો હતો. આ કેસ આખરે અંજારની અદાલતમાં ચાલી ગયો હતો જેમાં બંને પક્ષને સાંભળી બીજા અધીક સેશન્સ કોર્ટના ન્યાયાધીશ કમલેશ કે. શુક્લે આધાર-પુરાવા ચકાસી આરોપીને તક્સીરવાન ઠેરવ્યો હતો અને તેને જુદી જુદી કલમો તળે સાત વર્ષની સાદી કેદ તથા કુલ રૂા. ૬૫૦૦નો દંડ ફટકારતો ચુકાદો આપ્યો હતો. ■

## ભાવનગર ખાણ અને ખનીજ વિભાગના અધિકારીઓની રેકી અને જાસૂસી કરવા મામલે ત્રણ વિરુદ્ધ ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ખાણ અને ખનીજ વિભાગના અધિકારીઓની રેકી અને જાસૂસી કરી તેમની ગતિવિધિ તેમજ લોકેશન વોટ્સએપ ગ્રુપમાં મૂકી ભૂમાફિયાઓ પાસેથી રકમ મેળવી ખાણ અને ખનીજ વિભાગના અધિકારીઓની ફરજમાં રૂકાવટ અને અડચણ ઊભી કરવા મામલે વોટ્સએપના ત્રણ ગ્રૂપના એડમિન વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભાવનગરના આંબાવાડી પાસે આવેલ માધવાનંદ ટેલિફોન એક્સચેન્જની બિલ્ડિંગમાં કાર્યરત ભૂસ્તરશાસ્ત્રીની કચેરીના અધિકારીને માહિતી મળી હતી કે વોટ્સએપ ગ્રૂપ બન્નાજી ૭૮, થ્રી ટેમ્પલ અને સંતકૃપા ગ્રૂપના એડમિન ખાણ અને ખનીજ વિભાગના અધિકારીઓની રેકી અને જાસૂસી કરી તપાસ અધિકારીઓના લોકેશન, વાહનોના ફોટોગ્રાફસ, વાહનના નંબર, વાહનમાં બેસેલા અધિકારીઓ તેમજ અન્ય ગતિવિધિઓ અને સંવેદનશીલ માહિતીઓ ખાણ ખનીજ માફિયાઓને પૂરી પાડી ખનીજ ચોરી કરતા તત્ત્વોને મદદ કરી તપાસ અધિકારીઓની ફરજમાં રુકાવટ અને અડચણ ઊભી કરી ગુનાહિત કૃત્ય કરે છે. આ શખ્સો મામલતદાર,આર.ટી.ઓ. સહિતની સરકારી કચેરીઓના અધિકારીઓની પણ જાસૂસી કરતા હોવાનું ખુલ્યું હતું.

આ અંગે કચેરીના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવ્યા બાદ ભૂસ્તરશાસ્ત્રી ભરતકુમાર મગનભાઇ જાલોધરાએ વોટ્સએપના ત્રણ ગ્રૂપના એડમિન વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા ઘોઘારોડ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે,તાજેતરમાં બોટાદમાં પણ ખાણ અને ખનીજ વિભાગના અધિકારીઓની રેકી કરવા મામલે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. ■

## કચ્છમાં બનેલા વિવિધ આપઘાત-અકસ્માતનાં બનાવોમાં ત્રણ લોકોનાં અકાળે મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં બનેલા વિવિધ આપઘાત-અકસ્માતનાં બનાવોમાં ત્રણ લોકોના અકાળે મોત થતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી છે. અંજાર નજીકના સતાપર માર્ગ પર એક છકડાએ મોટરસાઈકલને અડફેટમાં લેતાં સત્યપ્રકાશ મુનીવ ગુપ્તા નામના યુવકનું મોત નીપજ્યું હતું, જયારે ગાંધીધામ પાસેના પુલ નજીક સંતોષકુમાર શ્યામલાલ વિશ્વકર્મા (ઉં.વ.૫૦)ને અજાણ્યાં વાહને ટક્કર મારતાં આ આધેડે જીવ ખોયો હતો તેમે જ ભચાઉના સામખિયાળીમાં પાર્વતીબેન હમીર સોનારા (ઉં.વ. ૩૧)ને વીજશોક ભરખી ગયો હતો.

અંજાર શહેરની ભાગોળે આવેલા સતાપર માર્ગ પર ગત બુધવારે ઢળતી બપોરે જીવલેણ અકસ્માત સર્જાયો હતો જેમાં વરસામેડીની વેલસ્પન કંપનીમાં કામ કરનાર સત્યપ્રકાશ નામનો યુવક નોકરીથી પરત અંજાર આવી રહ્યો હતો તે દરમ્યાન સાઈડમાંથી આવેલા છકડાએ મોટરસાઈકલને ટક્કર મારી દેતાં સત્યપ્રકાશને ગંભીર ઈજાઓ પહોંચી હતી. હતભાગીને તત્કાળ સારવાર અર્થે નજીકના દવાખાને લઈ જવાયો હતો જ્યાં ફરજ પર હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જીવલેણ અકસ્માત સર્જનારા છકડા ચાલક વિરુદ્ધ મુનીવ ગુપ્તાએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ, ભારે ટ્રાફિકથી સતત ધમધમતા રહેતા ભચાઉ-ગાંધીધામ ધોરીમાર્ગ પર એ.પી. જોશી પુલિયા પાસે હિટ એન્ડ રનનો બનાવ બનવા પામ્યો હતો જેમાં ભારત નગરમાં રહેનાર સંતોષકુમાર નામના આધેડ સાઈકલ લઈને બજાર તરફ જઈ રહ્યા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહને તેમને હડફેટમાં લેતાં ગંભીર રીતે ઘવાયેલા આધેડનું સારવાર નશીબ થાય તે પહેલાં મોત થયું હતું. ઘટનાસ્થળેથી નાસી જનાર અજ્ઞાત વાહનચાલક વિરુદ્ધ હતભાગીના પુત્ર અનુજકુમારે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

દરમ્યાન, અપમૃત્યુનો વધુ એક બનાવ સામખિયાળી ખાતેની સાંઈ સોસાયટીમાં બન્યો હતો જેમાં કપડાં ધોવાનું કામ કરતી વેળાએ પાણીની મોટર ચાલુ કરવા જતાં પાર્વતીબેનને જોરદાર વીજશોક લાગતાં તેમનું તત્કાળ મૃત્યુ થયું હતું. પોલીસે ઘટના સંદર્ભે અકસ્માત મોત અંગેનો ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે. ■

## ભાવનગર જિલ્લાના તમામ ડેપોના સમયપત્રક કયુ. આર. કોડથી મળશે



(વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા ભાવનગર બસ સ્ટેશન ખાતે ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીના વરદહસ્તે વિભાગના તમામ ડેપોના સમયપત્રકને ડિજિટલાઈઝેશન કરવામાં આવ્યું હતું. હવેથી ભાવનગર જિલ્લા અને બોટાદ જિલ્લામાં આવતા તમામ બસ સ્ટેશનનું સમયપત્રક મુસાફરોને મોબાઈલમાં કયુ. આર. કોડથી મળી રહેશે.

ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ માસમાં ભાવનગર વિભાગના વાહનોમાં ૨૨ લાખથી વધુ લોકોએ મુસાફરી કરી હતી. ગત વર્ષ ૨૦૨૪ના ઓગસ્ટ માસથી ૪૫ હજાર મુસાફરોની સંખ્યા વધુ હતી.

ભાવનગર વિભાગ દ્વારા ઓગસ્ટ-૨૦૨૪ની સરખામણીએ ઓગસ્ટ-૨૦૨૫માં ૧૮૩૫૨ સીટોનું પેસેન્જરોએ વધુ ઓનલાઈન રિઝર્વેશન કરાવતા એસ.ટી.ને રૂ.૭૬.૩૩ લાખની વધુ આવક થઈ હતી. ગત ઓગસ્ટની સરખામણીએ આ વર્ષે ઓગસ્ટ માસમાં ભાવનગર વિભાગે ૩,૦૬,૦૦૦ કિ.મી.નું વધુ સંચાલન કર્યું હતું. પ્રતિ કિલોમીટરે આવકમાં ૨.૫૫નો વધારો થયો હતો. ■

## કચ્છને બાનમાં લેનારી ડીપ ડિપ્રેશન સિસ્ટમે કચ્છમાં વરસાદના આંકડાઓને માત્ર ત્રણ જ દિવસમાં બદલાવી નાખ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પ્રથમ દક્ષિણ ચાઈનાના સમુદ્રમાં ડિપ્રેશનના સ્વરૂપે ઉદભવી, ટ્રોપિકલ સ્ટોર્મ નોંગફાનું સ્વરૂપ ધારણ કરીને, વિયેતનામના લાઓસ, થાઈલેન્ડમાં ટકરાયા બાદ, બંગાળની ખાડીમાં પ્રવેશ કરીને ધીમે-ધીમે કચ્છ પરથી નીકળીને પાકિસ્તાન તરફ ફંટાઈ ગયેલી દુર્લભ પ્રકારની સિસ્ટમ પર દુનિયાભરના હવામાન શાસ્ત્રીઓ અને સંશોધકોનું ધ્યાન કેન્દ્રિત થયું છે અને આ સિસ્ટમ પર્યાવરણને થઇ રહેલાં ગંભીર નુકશાન અને ગ્લોબલ વોર્મિંગને કારણે વિશ્વ પર આવનારા પ્રાકૃતિક સંકટોના ભયજનક નગારાં વગાડી રહ્યાં હોવાનો દાવો કરાયો છે. આ સિસ્ટમના ઉદ્ભવ અને તેના વધારે બળવત્તર થવા પાછળનું મુખ્ય કારણ, ચાલુ ચોમાસા દરમ્યાનની અસામાન્ય પ્રકારની ચોમાસું પવનોની ગતિવિધિ હોવાનું પણ જણાવાયું છે જે આ સિસ્ટમને વધુ દુર્લભ બનાવી જાય છે. ઉત્તર ભારતીય સમુદ્રમાં સપ્ટેમ્બર મહિનામાં આવી સિસ્ટમ પાછલા ૪૩ વર્ષમાં પાંચમી વખત બની છે.

એક વાત હકીકત છે કે આ વર્ષે ચાલુ ચોમાસાંના મૌસમી પવનોની અસામાન્યતાને કારણે 'મોન્સૂન સર્ક્યુલેશન'ને ભારે અસર થવા પામી છે. હિન્દ મહાસાગર તરફથી પશ્ચિમી પેસિફિક ઓશિયન તરફ ઉષ્ણતામાનનું સ્થળાંતર થયા બાદ લો-પ્રેશર સિસ્ટમ બનતી હોય છે અને આવી જ સિસ્ટમે ગુજરાત-કચ્છ પર આફતરૂપી વરસાદ વરસાવ્યો છે.કચ્છને બાનમાં લેનારી આ ડીપ ડિપ્રેશન સિસ્ટમે કચ્છમાં વરસાદના આંકડાઓને માત્ર ત્રણ જ દિવસમાં બદલાવી નાખ્યા છે. ■

## ભાવનગરથી પંજાબ સેવા પહેલ અંતર્ગત ૧૬૦૦૦ કિલો અનાજ પંજાબ રવાના કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ વિકટ પરિસ્થિતિમાં ગુજરાત હરહમેશ સેવા કરવામાં અગ્રેસર રહે છે માનવતા અને નેતિક્તાની રૂહે સેવા કરવી જોઇયે તેના ભાગરૂપે ભાવનગરના કમલેશભાઈ ચંદાની દ્વારા પંજાબ સેવા પહલ કાર્યક્રમની જાહેરાત કરવામાં આવેલ અને ભાવનગર જિલ્લાના દાનવીરો અનાજ અને જરૂરી સામગ્રી દાળ, ચોખા, લોટ, ખાંડ, ચા, દવાઓ, ફરસાણ દાન કરી મુહિમને ખૂબ જ સહિયોગ કરે છે.

શહેરના નવા ગુરુદ્વારે ખાતે રાહત સામગ્રી એકત્રિત કરવામાં આવેલ આ સેવાકામ માટે સહિયોગ કરનાર સર્વ ટ્રસ્ટીગણ, સેવકો અને દાનવીરોનો કમલેશભાઈ ચંદાનીએ આભાર વ્યક્ત કર્યો હતો. તા.૧૧/૯/૨૦૨૫ ના રોજ રાહત સામગ્રીનું વાહન પંજાબના ફિરોજપુરમાં આવેલ હેમકૂટ ફાઉન્ડેશનના વેયર હાઉસ ખાતે જવા રવાના કરવામાં આવ્યું હતું. ■

## ડાયરા કિંગ દેવાયત ખવડને ઝટકોઃ કોર્ટે જામીન રદ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયરા કિંગ દેવાયત ખવડને કોર્ટે મોટો ઝટકો આપ્યો હતો. કોર્ટે તેના જામીન રદ કર્યા હતા. પોલીસ દ્વારા જામીનના વિરોધમાં અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીને કોર્ટ દ્વારા મંજૂરી આપી હતી. જ્યારે દેવાયત ખવડના વકીલ દ્વારા જામીન રદ કરવાની માગ પર કોઈ વિરોધ નોંધાવવામાં આવ્યો નહોતો. પોલીસ તરફથી દલીલ કરવામાં આવી હતી કે દેવાયત ખવડ સામે ગંભીર આરોપો છે અને તેઓ જામીન પર છૂટશે તો તપાસમાં અડચણ આવી શકે છે. ત્યારબાદ કોર્ટે દેવાયત ખવડના જામીન રદ કરવાનો નિર્ણય કર્યો હતો.

લોક સાહિત્યકાર દેવાયત ખવડ સાથે સંકળાયેલા વિવાદાસ્પદ કેસમાં વેરાવળની કોર્ટે ૧૮ ઓગસ્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બનેલા આ કેસમાં દેવાયત ખવડ સહિત કુલ સાત આરોપીઓના વેરાવળની નીચલી કોર્ટે જામીન મંજૂર કર્યા હતા. જોકે તે સમયે પોલીસ દ્વારા દાખલ કરાયેલા પોલીસ રિમાન્ડની માંગને કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી હતી. આ કેસમાં તમામ આરોપીઓને રૂપિયા ૧૫,૦૦૦ના જામીન પર મુક્ત કરવાની શરત રાખવામાં આવી હતી.

તાલાલામાં ધ્રુવરાજસિંહ સાથે મારામારી કેસમાં દેવાયત ખવડ ઝડપાયો હતો. વિવાદિત કલાકાર દેવાયત ખવડની ગીર સોમનાથ ક્રાઇમ બ્રાંચ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. મારામારીની ઘટના બાદ દેવાયત ખવડ ફરાર થઇ ગયો હતો. અમદાવાદના ધ્રુવરાજસિંહ પર જીવલેણ હુમલાની ફરિયાદમાં દેવાયત ખવડ સહિત ૭ આરોપીઓ હતા. ગીર સોમનાથ જિલ્લાના ચિત્રોડ ગામે દેવાયત ખવડે ધ્રુવરાજસિંહ ચૌહાણ નામના વ્યક્તિ સાથે બબાલ કરી હતી. ■

## જામનગર જી.જી હોસ્પિટલ રોડ પરથી દબાણ હટાવાયુંઃ ટ્રાફિકની સમસ્યા હળવી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાએ આજે જી.જી હોસ્પિટલ સામેના વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી હતી. હોસ્પિટલ સામેની દુકાનોની બહાર મૂકેલા ટેબલો અને રેકડીઓને જપ્ત કરવામાં આવી છે. જી.જી હોસ્પિટલ સૌરાષ્ટ્રની સૌથી મોટી હોસ્પિટલ હોવાથી અહીં દરરોજ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહે છે. દુકાનદારો દ્વારા દુકાનની બહાર મૂકવામાં આવેલા ટેબલો અને રેકડીઓને કારણે રસ્તા પર ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી.

આ સમસ્યાને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાએ આ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. જાહેર રસ્તા પરના આ અતિક્રમણને દૂર કરવામાં આવ્યું છે. આ કાર્યવાહીથી હવે રસ્તા પર ટ્રાફિકની સમસ્યા ઘટશે અને લોકોને અવરજવરમાં સરળતા રહેશે. ■